વર્ષ : 11 ◆ અંક : 1
જાન્યુ.-ફેબ્રુઆરી 2021
સળંગ અંક : 61

कर भला होगा भला
- છગનભા



માત્ર સંસ્થાકીય
પ્રસાર માટે

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

## કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

'દુઃખની વાત તો એ છે કે કાયદાની સ્પષ્ટ જોગવાઈ પ્રમાણે ખાનગી શાળામાં ૨૦ લાખ જેટલી જગ્યાઓ વંચિત બાળકોથી ભરવાની છે પણ માત્ર ૪ લાખ બાળકોને પ્રવેશ મળ્યો છે, શાળાઓ સહયોગ કરતી નથી, તે બહાનાં બાદ પણ સરકારની આંખ કેમ લાલ નથી થતી તે પ્રશ્નનો કોઈ ઉત્તર જડતો નથી. આ માહિતી ૨૦૧૮ની સ્થિતિએ આ કાયદો દેશ અને સમાજના ઘડતર માટે છે પણ તે અંગે સરકારોની નિષ્ક્રિયતા માટે કુંભકર્ણ નિદ્રા શબ્દ પણ ટૂંકો પડે તેવી સ્થિતિ છે. આવી દારુણ સ્થિતિ વચ્ચે અદાણી વિદ્યામંદિરની મુલાકાત લઈએ, કામગીરીનો અભ્યાસ કરીએ ત્યારે ગુજરાતીની ઉક્તિનું સ્મરણ થાય છે; ''આ તો અફાટ રણમાં વીરડા સમાન છે.''... શિક્ષણ એ તો બીજ રોપીને વટવૃક્ષ બનાવવાની કાળજી અને સંવેદનાવાળી પ્રક્રિયા છે. અદાણી વિદ્યામંદિરે આ જવાબદારી નિભાવવામાં સંપૂર્ણ સમર્પણ કરી એક નવો ચીલો પાડ્યો છે.'

**પ્રવીણ ક. લહેરી**

*

'શિક્ષણ ઉપર રાજસત્તાનો આટલો લોખંડી કાબૂ આ દેશમાં ક્યારેય ન હતો. સરસ્વતી આજે ઉપાસ્ય નથી, રાજસત્તાની દાસી છે. યુનિવર્સિટીઓ, કૉલેજો, વિદ્યાલયો, પ્રાથમિક શાળાઓની કરુણ દશા સર્વ વિદિત છે, કારણ કે શિક્ષણને કેવળ વહીવટની આંખથી જોવામાં આવે છે, ફાઇલના માપથી મપાય છે. સ્વાયત્તતા વિના શિક્ષણ પાંગરી ન શકે. જીવંત ન રહી શકે એ મૂળભૂત સિદ્ધાંત ભુલાયો છે.'... 'શિક્ષક અધ્યયનશીલ, વિદ્યાર્થી-વત્સલ અને જીવનનાં પરમોચ્ચ મૂલ્યોમાં શ્રદ્ધાવાન હોય એ પ્રાથમિક શરત છે. આજનો નોકરિયાત શિક્ષક આ નહિ કરી શકે. શિક્ષક સાચા અર્થમાં વિદ્યાપુરુષ બનશે ત્યારે શિક્ષણની નવરચના થશે'

**મનસુખ સલ્લા**

*

'જિંદગીમાં તમારે કયા પડકારનો સામનો કરવાનો આવશે એની પસંદગી કરવાનો તમને કોઈ અવકાશ હોતો નથી; પરંતુ આવેલા પડકારનો સામનો કરવો કે નહીં તે નક્કી કરવાની તમારી પાસે પૂરતી શક્તિ અને સંકલ્પ છે'... 'મજબૂત ઇચ્છાશક્તિથી માનવી કોઈ પણ મુશ્કેલ પરિસ્થિતિમાં માર્ગ કાઢી શકે છે અને કામયાબી મેળવી શકે છે'

**પ્રીતિ શાહ**











રાષ્ટ્રના ૭૨મા પ્રજાસત્તાકપર્વની ઉજવણી પ્રસંગે સર્વ વિદ્યાલય, કડીમાં આયોજિત સમારોહમાં મંડળના મંત્રીશ્રી ડૉ. જયંતીભાઈ પટેલ રાષ્ટ્રધ્વજને સલામી આપી રહ્યા છે તે તથા આ પ્રસંગે મંડળના ચેરમેન શ્રી વલ્લભભાઈ એમ. પટેલ ઉદ્‌બોધન કરી રહ્યા છે તે પ્રસંગોની બે તસવીરો.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર કેમ્પસમાં કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનાં ઈન્ચાર્જ કુલપતિ અને એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજનાં પ્રિ. ડૉ. ગાર્ગી રાજપરા ૭૨ મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી પ્રસંગે ધ્વજવંદન કરાવી ઉદ્‌બોધન કરી રહ્યાં છે તે પ્રસંગનાં બે દ્રશ્યો.

**મંડળ સંચાલિત વિવિધ શાળાઓનાં બાળકો દ્વારા સંપન્ન કરેલ ઓનલાઈન પ્રવૃત્તિઓનાં કેટલાંક દ્રશ્યો.**















માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

**कर भला होगा भला**

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

## કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

વર્ષ : ૧૧, અંક : ૧, જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૦૨૧; સળંગ અંક : ૬૧

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

## અનુક્રમ


- સંપાદકીય : 'જ્ઞાનમાળી' સ્વ. જયંત મેઘાણી — મણિભાઈ પ્રજાપતિ ૧
૧. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ : ઇતિહાસની અટારીએથી નાયબદીવાન રા. બા. ગોવિંદભાઈ સાહેબનું ક. પા. કે. ઉ. મંડળ – કડીમાં આગમન — બાપુભાઈ ગામી ૧૩
૨. શિક્ષણના મૂળભૂત અધિકારને ૧૦૦ ટકા સાકાર કરતું અફાટ રણમાં વીરડા સમાન વંચિતોનું વિદ્યાધામ — પ્રવીણ ક. લહેરી ૧૫
૩. આદર્શ શિક્ષક ભગુભાઈ સાહેબ — તુલસીભાઈ પટેલ ૧૭
૪. વિશ્વ સાહિત્યની અટારીએથી નજીબ મહફૂઝ (ઇજિપ્ત) [નોબલ પ્રાઇઝ વિજેતા : ૧૯૮૮] — ડૉ. મનીષ વ્યાસ ૧૯
૫. રાજ્યની બંધારણીય જવાબદારી અને લૉકડાઉન — ડૉ. કમલેશ જોષીપુરા ૨૩
૬. ઇથોલોજી : પ્રાણી-મનોજગતનું વિજ્ઞાન — પ્રિ. (ડૉ.) એમ. આઈ. પટેલ ૨૬
૭. ઉપવલયી ભ્રમણકક્ષાઓ (Elliptic Orbits) — વિઠ્ઠલભાઈ અં. પટેલ ૩૦
૮. ગ્રંથસૌરભ — મણિભાઈ પ્રજાપતિ ૩૯
   – પાયો અને પુનર્રચના : શિક્ષણ અંગેના લેખો / મનસુખ સલ્લા
   – આત્મબળને અજવાળે / પ્રીતિ શાહ
૯. સંસ્થા સમાચાર ૪૪
   – યુનિવર્સિટી / કૉલેજ વિભાગ
   – શાળા વિભાગ


**પત્રવ્યવહારનું સરનામું :**
**મણિભાઈ પ્રજાપતિ :** ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ,
**કડી સર્વ વિશ્વવિદ્યાલય,**
એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કેમ્પસ,
સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬
e-mail : manibhaiprajapati@gmail.com
ફોન : મો. ૯૬૦૧૨૭૩૮૩૬

## સંપાદકીય

### 'જ્ઞાનમાળી' સ્વ. જયંત મેઘાણી (૧૯૩૮-૨૦૨૦)

**પ્રાસ્તાવિક :**

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ જેમને રાષ્ટ્રીય શાયર તરીકે ઓળખાવ્યા હતા તેવા ઝવેરચંદ મેઘાણીના સારસ્વત પુત્ર – ભાવનગરની સંસ્કારનગરીના સંસ્કારપુરુષ તેમજ ટાગોર અને મેઘાણી સાહિત્યના મર્મજ્ઞ અધ્યેતા – જયંતભાઈ એ ગ્રંથપાલ–ગ્રંથાલય વ્યવસાયિક, ગ્રંથવિક્રેતા અને સંપાદક – અનુવાદક / અનુસર્જક તરીકે ત્રિવેણી સંગમ સમ ત્રિવિધ ક્ષેત્રોમાં યશોજ્જવલ પદાર્પણ કરીને આ ક્ષેત્રોને મૂઠીઊંચેરાં રળિયાત કર્યાં છે. પોતાના આ પુત્રની ૮ વર્ષની વયે તેની ઓળખ આપતાં પિતા ઝવેરચંદ મેઘાણીએ પોતાનાં પત્ની શ્રીમતી ચિત્રાદેવીને ૨૭ માર્ચ, ૧૯૪૬ના રોજ માટુંગા (મુંબઈ)થી લખેલા પત્રમાં અન્ય આનુષંગિક બાબતો સાથે પોતાના પુત્ર બંટુ(જયંત) વિશે લખ્યું હતું કે : ''એને તો બધું નવીન પણ દરેક નવીનનો ઝીણી નજરે અભ્યાસ કરે છે. જ્યાં જઈએ છીએ ત્યાં ઝીણું ઝીણું જોઈ લે છે....બંટુની કશી ચિંતા કરવી નહીં. ખૂબ રમે છે. તે શીખે જ છે. એનું જ્ઞાન વધી રહ્યું છે.'' *(લિ. હું આવું છું : ઝવેરચંદ મેઘાણીનું પત્રજીવન, નવસંસ્કરણ, ૨૦૦૩, ખંડ-૨, પૃ. ૪૭૬)* આર્ષદ્રષ્ટા પિતાએ પોતાના પુત્ર વિશે કરેલું આ નિરીક્ષણ બંટુએ સમયના વહેણો સાથે પોતે પસંદ કરેલાં વિધવિધ ક્ષેત્રોમાં પોતીકી સમજણ થકી 'ઝીણું-ઝીણું જોઈને' યથાર્થમાં સિદ્ધ કરી આપ્યું છે, જેની પ્રતીતિ તેમનાં કાર્યો થકી થાય છે. એમ. એસ. યુનિવર્સિટીમાં

ગ્રંથાલયશાસ્ત્રમાં અભ્યાસ અર્થે પ્રવેશ મેળવ્યો તેના પ્રારંભે યુનિવર્સિટી પરિસર વિદેશી સંસ્કારોથી હર્યું-ભર્યું હોવું અને આ વચ્ચે વિદેશથી ભણીને આવેલા વિદ્વાન ગ્રંથાલયી ડૉ. સી. પી. શુક્લ દ્વારા ગ્રંથાલયના નોટિસ બોર્ડ ઉપર ગુજરાતીમાં સહી સંબંધી તેમનું અવલોકન : ''વડોદરા યુનિવર્સિટી જ અંગ્રેજી ભાષા સંસ્કારથી ઢંકાયેલી હતી... હંસા મહેતા ગ્રંથાલય (યુનિ. ગ્રંથાલય) વિદેશી અસર તળે હોય એવું લાગે. ઉપરછલ્લી નજરે ક્યાંય ગુજરાતી પુસ્તકો જોવા ન મળે, સૂચનાનાં બોર્ડ અંગ્રેજીમાં જ. કર્મચારીઓ, પ્રોફેસરો ને વિદ્યાર્થીઓના વર્તનમાં ને હાવભાવમાં વિદેશી અસર મારા જેવા શહેરમાંથી નવા-નવા આવેલાને લાગે... આવા વાતાવરણમાં એક દિવસ સુખદ, સૂચક આશ્ચર્ય અફળાયું. ગ્રંથાલયના નોટિસ બોર્ડ પર ગુજરાતીમાં એક નોટિસ હતી ને નીચે સહી હતી : ચંપકલાલ પ્રા. શુક્લ. આ નવ અક્ષરે મારા મનમાં આકાર લઈ રહેલી એક છાપ પર ચોકડી મૂકી દીધી. આટલી નાની વાત પરથી જ હું પામી શક્યો કે 'ડૉ. સી. પી. શુક્લ'ના નામે ઓળખાતા વિદ્વાન યુનિવર્સિટી ગ્રંથાલયના પગ આપણી ધરતી પર જ છે. પોતાની સહી 'સી.પી. શુક્લ'ને બદલે 'ચંપકલાલ પ્રા. શુક્લ' એવી કરી શકનાર માણસ વિદેશી અસરથી રંગાયેલા હોય એ વાત ખોટી.'' ઝીણું જોવાનું દ્યોતક બની રહે છે. આ ઉપરાંત 'ગ્રંથગોષ્ઠી' હેઠળનાં પુસ્તકોનાં રસાસ્વાદ, લેખો – સમીક્ષાઓ તથા તેમના દ્વારા સંપાદિત – અનુવાદિત ગ્રંથોમાં ઝીણું જોવાની વૃત્તિનાં અત્ર-તત્ર દર્શન થાય છે.

આ સાથે જ અહીં ઉલ્લેખ કરવો રહ્યો કે આવા મહાન પિતાના સંતાન હોવા છતાં કોઈ પોતાને મેઘાણીપુત્ર તરીકે ઓળખાવે તે રુચતું નહીં. આ લખનારે તેમને અને પ્રો. રમણ સોનીને પાટણ યુનિવર્સિટીના ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના વિદ્યાર્થીઓ સમક્ષ પ્રવચન માટે નિમંત્રિત કર્યા હતા ત્યારે તેમણે જણાવેલ કે 'હું ઝવેરચંદ મેઘાણીનો પુત્ર છું તે રીતે ઓળખ ન આપતા. કેમ કે તેમ કરવાથી વિદ્યાર્થીઓને મારા પ્રતિ વિશેષ અહોભાવ જાગશે. મારા પિતાની પ્રતિભાનો યશ મને મળે તે ઉચિત નથી !'' આ શબ્દો પાછળ તેમનાં પોતીકાં ઉદાત્ત શીલ અને સંસ્કારનાં સહજમાં દર્શન થાય છે. તેમણે વ્યવસાયિક કારકિર્દીનો પ્રારંભ ગ્રંથપાલ તરીકે કર્યો, પરંતુ થોડાંક વર્ષો બાદ ગ્રંથવિક્રેતા/પ્રકાશનના વ્યવસાયમાં જોડાઈ ગયા અને જીવનપર્યંત તેની સાથે જોડાયેલા રહ્યા. આજીવિકા અર્થે આ બે તેમનાં વ્યવસાયિક ક્ષેત્રો રહ્યાં ખરાં, પરંતુ ગીતાને અભિપ્રેત એવો તેમનો **'યોગભ્રષ્ટ'** જીવ સાહિત્ય પદારથને પામવાનો રહ્યો હોવાથી તેમાં જ રમમાણ રહ્યા હતા. પરિણામે એક બહુશ્રુત વાચક અને ગ્રંથજ્ઞ તરીકે પોતાના વ્યવસાયિક ક્ષેત્રને એક 'ધર્મ' તરીકે સ્વીકારીને તે ક્ષેત્રોના માધ્યમથી અનેકોની જરૂરિયાતો પૂરી પાડવાની સાથે તેમને ઉત્તમોત્તમ પુસ્તકો વાંચતા કરવામાં તથા અંગત ગ્રંથસંગ્રહ ઊભો કરવા માટે પ્રેરણાદાયી બની રહ્યા, તેમજ નિજ પ્રતિભા થકી ઉદાહરણસ્વરૂપ ભાવક, સંપાદક અને અનુવાદક / અનુસર્જક તેમજ સર્જક–વિવેચક તરીકે પણ ખ્યાતિ પામ્યા હતા.

**જીવન અને શિક્ષણ :**

જયંતભાઈનો જન્મ બોટાદ (જિ. ભાવનગર)માં તા. ૧૦ ઑગસ્ટ, ૧૯૩૮ અને અવસાન હાર્ટઍટેકના કારણે ભાવનગરમાં પોતાના નિવાસસ્થાને તા. ૪ ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ. પિતા ઝવેરચંદ મેઘાણી અને માતા શ્રીમતી ચિત્રાદેવી. તેમનાં પત્નીનું નામ શ્રીમતી લતાબહેન. તેમના પરિવારમાં બે પુત્રો : નીરજ અને નિહાર. પ્રાથમિક શિક્ષણ બોટાદમાં લીધા બાદ સ્નાતક સુધીનું શિક્ષણ ભાવનગરમાંથી મેળવ્યું. આ દરમિયાન ભરપૂર વાચન કર્યું, જેની પ્રેરણા તેમણે પોતાનાં માતા પાસેથી મેળવી. આ સંદર્ભે તેમણે નોંધ્યું છે કે ''મારાં બા અમને પાંચ ભાંડરડાંને ઉછેરતાં, અર્થોપાર્જનની પ્રવૃત્તિ પણ કરતાં અને બાકીનો સમય પુસ્તકોનાં ભરપૂર સંગ સેવતાં. ભાવનગરમાં ત્રણ મુખ્ય પુસ્તકાલયોમાંથી દસ-પંદર પુસ્તકોનો થેલો લઈને ચાલતાં આવતાં. આજેય નજર સામે તરવરે છે. પુસ્તકોથી ભર્યું ઘર, બાની વાતો, એમાં પુસ્તક – સંસ્કારનું બીજારોપણ હશે. કૉલેજના ફાજલ સમયમાં મારા ગજાનાં ન હોય એવાં પણ થોથાં અને સામયિકો ઉથલાવ્યા કરતો, તેમાંથી ઉતારાઓ કરતો. તેના પર પછી પડ ચડ્યું મહેન્દ્રભાઈના સાંનિધ્ય અને તાલીમનું. આવી ભૂમિકા સાથે ૧૯૬૧માં ગ્રંથાલય વિજ્ઞાન ભણવા વડોદરા ગયો.''

**ગ્રંથાલય વિજ્ઞાનનું શિક્ષણ અને 'ગાંધીસ્મૃતિ ગ્રંથાલય'ના ગ્રંથપાલ :**

ગ્રંથાલય વિજ્ઞાનના અભ્યાસમાં જોડાવું એ તેમણે 'વિકલ્પના અભાવે પરાણે કરવી પડેલી' પસંદગી ગણાવ્યું છે. આમ છતાં પોતે બાલ્યવયથી જ વાચનપ્રેમી રહ્યા હોવાથી આ અભ્યાસક્રમ ભારે રસ અને ખંતથી પૂર્ણ કર્યો હતો. આ પાછળ વાંચનપ્રીતિ ઉપરાંત આ અભ્યાસક્રમના વડા અને પોતાના ગુરુ ભારતખ્યાત પ્રતિભાસંપન્ન ગ્રંથાલયી ડૉ. સી. પી. શુક્લ (ચંપકલાલ પ્રાણશંકર શુક્લ)નાં role model સમાન વ્યક્તિત્વ અને પ્રેરણા ઉત્તરદાયી બની રહ્યાં. ગ્રંથાલયવિત્વની વિભાવનાને વણી લઈને પોતાના ગુરુ ડૉ. શુક્લસાહેબને અંજલિ અર્પણ કરતો લેખ 'શુક્લસાહેબ' (ડૉ. ચંપકલાલ શુક્લ સ્મૃતિગ્રંથ, ૧૯૮૪, ૪૬-૫૦) દ્રષ્ટવ્ય બની રહે છે. આ અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ૧૯૬૨માં ભાવનગરના ખ્યાત 'ગાંધીસ્મૃતિ ગ્રંથાલય'માં ગ્રંથપાલ તરીકે જોડાયા અને ૧૯૬૮માં સ્વેચ્છાએ છૂટા થયા. ગ્રંથપાલ તરીકેની વ્યવસાયિક કારકિર્દીના આ ટૂંકા સમયમાં તેમણે ભારતની ગ્રંથાલય–પ્રવૃત્તિના પિતા ડૉ. રંગનાથન પ્રદત્ત ગ્રંથાલય પંચસૂત્રી – Five Laws of Library Science'ને ખરા અર્થમાં આત્મસાત્ કરીને સાર્વજનિક ગ્રંથાલય જનસમાજનું વિશ્વવિદ્યાલય તરીકે કેમ ઓળખાય છે તે તેમણે પોતાનાં ધ્યેયનિષ્ઠ અને સેવાપરાયણ કાર્યો થકી ચરિતાર્થ કરી બતાવ્યું – ગ્રંથપાલ અને ગ્રંથાલયની સાચી વિભાવનાનો આદર્શ પ્રસ્તુત કરી આપ્યો. તેમણે બાળ વાચકોને ગ્રંથાલય ભણી વાળવાની સાથે-સાથે પ્રબુદ્ધ વાચકોની જરૂરિયાતો સંતર્પક સંતોષવાનું કાર્ય સ્વધર્મ તરીકે અને પ્રસન્નવદને કર્યું. ક્યાંય કશો ભાર નહીં, બધું જ હળવા હૈયે. આ સંદર્ભે સારસ્વત મનોજ શુક્લએ તેમની કૉલમ 'વિચાર વલોણું'માં જયંતભાઈને શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં તેમને 'સાહિત્યના ગૃહસ્થ સાધુ' તરીકે ઓળખાવીને પોતે બાલ્યવયથી રમતનું મેદાન છોડીને ગ્રંથાલય પ્રતિ કઈ રીતે આકર્ષાયા તે વિશે નોંધ્યું છે કે ''અમે બાળકો ગાંધી–સ્મૃતિ પાસે આવેલા ટાવરવાળા બગીચામાં રમવા માટે જતાં. અમે સૌ રમતાં-રમતાં થાકીએ ત્યારે પાણી પીવા ગાંધીસ્મૃતિમાં જતાં... એક દિવસ સાંજે લગભગ પાંચ વાગે હું એ પરબ પર પાણી પીવા ગયો, પાણી પીને પાછો ફરતાં જયંત મેઘાણી સામે મળ્યા. મને ઊભો રાખ્યો, મારું નામ પૂછ્યું. અહીં આવવાનું કારણ પૂછ્યું... એ વાત વિસ્તારથી કરી. એ સાંભળી જયંતભાઈએ કહ્યું કે તમને ખબર છે તમે જે પાણી પીધું એને શરીરની તરસ છિપાવવાનું પરબ કહેવાય ? મેં હા પાડી. એટલે એ તરત બોલ્યા કે શરીરની તરસ છિપાવવાનું પરબ તો તમે જોયું પણ મન અને હૃદયની તરસ છિપાવવાનું પરબ પણ અહીં છે એની તમને ખબર છે ? મેં ના પાડી. એટલે એમણે મને કહ્યું કે ચાલો હું તમને એ પરબ બતાવું. એમ કહીને મને ગાંધીસ્મૃતિના બાળગ્રંથાલયમાં લઈ ગયા... મને વાંચવા પ્રેર્યો. એ દિવસે સાંજે પછી હું બગીચામાં રમવા ન ગયો અને સૌથી પહેલાં 'રમકડું' નામનું સામયિક વાંચવા બેસી ગયો. ત્યારથી વાંચવા તરફ વળાયું.''



આ સાથે જ ભાવનગરની વળિયા કૉલેજનાં ગુજરાતીનાં વિદુષી અધ્યાપિકા, ગાંધીમૂલ્યોનાં ઉપાસક અને 'ગાંધીજીનું ચિંતન' વિષય હેઠળ પીએચ.ડી.ની ડિગ્રી હેતુ એક ઉદાહરણરૂપ શોધપ્રબંધ તૈયાર કરનારાં ડૉ. દક્ષા પટ્ટણી (૧૯૩૮-૨૦૧૯) એક ઉત્સાહી અને દૃષ્ટિપૂત ગ્રંથાલયી તરીકે જયંતભાઈની સેવાઓને પ્રસંગોપાત્ત ઋણસ્વીકારની ભાવના સાથે યાદ કરતાં રહ્યાં હતાં. આ લખનારને પણ તેમણે જયંતભાઈ પોતાને અને અન્ય વાચકોને કેવી લાગણી સાથે જરૂરી વાચનસામગ્રી પૂરી પાડતા તે વિશે જણાવ્યું હતું. આ ઉપરાંત ભો. જે. અધ્યયન સંશોધન વિદ્યાભવનના સેવાનિવૃત્ત નિયામક અને ગુજરાત સરકાર દ્વારા 'ગૌરવ પુરસ્કાર'થી વિભૂષિત પ્રો. રશ્મિકાંત મહેતા, શ્રી અરવિંદ શુક્લ, શામળદાસ કૉલેજના નિવૃત્ત પ્રા. બદરીપ્રસાદ ભટ્ટ વગેરે અનેકાનેક પ્રબુદ્ધ વાચકો કે જેઓ એક સુજ્ઞ અને સંવેદનશીલ ગ્રંથાલયી જયંતભાઈ પાસેથી પ્રત્યક્ષ સેવાઓ મેળવીને લાભાન્વિત થયા છે. આ સૌએ ધન્યતાની લાગણી સાથે – હરખતા હૈયે તેમની સેવાઓની નોંધ લીધી છે.

'ગાંધીસ્મૃતિ' ગ્રંથાલયમાં જોડાયા બાદ તેમણે ઉપયોગિતાને ધ્યાને લઈ નાના ખંડોમાં વિભક્ત ગ્રંથાલયને વચ્ચેની દીવાલો કઢાવી નાખીને મોટા ખંડમાં પરિવર્તિત કર્યું. પુસ્તકોને કબાટોનાં તાળાંમાંથી મુક્ત કર્યાં. વાચકો સાથે લાગણી રાખી વાચકોનાં રસ–રુચિ અને જરૂરિયાતોથી સુપરિચિત થતા જવાની સાથે-સાથે તેમને સંતોષ આપતાં વાચકોને ગ્રંથાલય પ્રતિ રુચિ પેદા કરવામાં – સારા વાચકો તરીકે પરિવર્તિત કરવામાં સફળ રહ્યા. અનેકવિધ પ્રવૃત્તિઓનાં આયોજનો થકી તેમનામાં પ્રાણ ફૂંકવાનું કાર્ય કરતા રહેવાની સાથે કાર્યાલય સમય બાદ પણ પોતાની સેવાઓ આપતા રહ્યા. તેમણે શરૂ કરેલ વિવિધ પ્રવૃત્તિઓ સંબંધી કરેલ નોંધ તેમના જ શબ્દોમાં જોઈએ : ''વડોદરામાં ઓતપ્રોત થઈને ભણ્યો ખરો, પણ ઘણું ખૂટતું લાગતું. હવે ગાંધીસ્મૃતિ ગ્રંથાલયનું કામ કંઈક સમજપૂર્વક કરતો થયો. દરેક બાબતને અવળસવળ કરીને તપાસવાની અને અભિનય અજમાયશો કરવાની લગની સેવતો. ગ્રંથાલય પ્રયોગશાળા બન્યું. જે છ-સાત વર્ષ કામ કર્યું એ સુવર્ણકાળ ઠર્યો. આ પ્રયોગશાળાએ મને ઘડ્યો. ગ્રંથાલયને અદકો ઘાટ આપવા મથ્યો – પણ બધું અભાનપણે. 'વંચાવવાનો આનંદ' ભરપૂર માણ્યો, એક 'પેશન' બન્યો. ગ્રંથાલયમાં જેને વિસ્તરણ પ્રવૃત્તિ કહે છે તેવા કાર્યક્રમો અજમાવ્યા. : પ્રદર્શનો, સાહિત્યિક કાર્યક્રમો, સંગીતશ્રવણના કાર્યક્રમો. આજે હવે પ્રચલિત બનેલી ગ્રંથગોષ્ઠિની પ્રવૃત્તિનો પ્રયોગ ત્યારે કરેલો. અરે, વિદ્યાર્થી–વાચકોનો પ્રવાસ પણ કર્યાનું યાદ છે !''

**મહેન્દ્રભાઈ સાથે 'લોકમિલાપ ટ્રસ્ટ'માં :**

ગ્રંથાલય વ્યવસાયિક તરીકે તેમણે ફક્ત ૬ વર્ષ કામ કર્યા બાદ ૧૯૬૮માં પોતાના મોટાભાઈ મહેન્દ્રભાઈ સાથે 'લોકમિલાપ ટ્રસ્ટ'માં પુસ્તક પ્રકાશક અને વિક્રેતાના વ્યવસાયમાં જોડાયા. અહીં આ પ્રવૃત્તિની સાથે જ મહાત્મા ગાંધી જન્મશતાબ્દી ઉજવણી હેતુ મહેન્દ્રભાઈની યોજનાનુસાર વિશ્વના વિવિધ દેશોમાં 'ભારતદર્શન પુસ્તક પ્રદર્શન'ના કાર્યમાં વ્યસ્ત થયા. મહેન્દ્રભાઈ યુરોપ – અમેરિકાના દેશોમાં તો જયંતભાઈએ આફ્રિકાના દેશો ઉપરાંત ઑસ્ટ્રેલિયા, ન્યુઝીલૅન્ડ અને ફિજીમાં ગયા. એક નવો જ અનુભવ મેળવ્યો. આ પછી 'લોકમિલાપ ટ્રસ્ટ'માંથી ૧૯૭૨માં છૂટા થયા.

**પ્રસાર : 'પુસ્તકોની હાટડી'નો પ્રારંભ અને પ્રદાન :**

લોકમિલાપ ટ્રસ્ટમાંથી છૂટા થયા બાદ અમેરિકાની પીટ્સબર્ગ યુનિવર્સિટીમાં ગ્રંથાલયશાસ્ત્રના ઉચ્ચ અભ્યાસ અર્થે આસિસ્ટન્ટશિપ સાથે પ્રવેશનો પ્રસ્તાવ મેળવ્યો અને આ સાથે જ 'મોટી મુરાદ હતી કે ઇન્ડિયન સ્ટડીઝનો એક વિશિષ્ટ ગ્રંથપાલ બનું.'. આ વિકલ્પની સાથે ભાવનગરમાં જ 'પુસ્તકોની હાટડી' શરૂ કરવાનો વિચાર મનમાં રમતો થયો હતો, જેનો તેમણે અંતતઃ સ્વીકાર કર્યો અને એક અનોખા પુસ્તક વિક્રેતા તરીકે પ્રસિદ્ધિ પામ્યા, પરંતુ તેમની સાથેના પ્રાયઃ અઢી દાયકાના સંપર્ક અને તેમણે ગ્રંથાલય ક્ષેત્રે આપેલ પ્રદાનને ધ્યાને લેતાં એક ગ્રંથાલયી તરીકે અનુભવી રહ્યો છું કે જો તેમણે પીટ્સબર્ગ યુનિવર્સિટીઓ પ્રસ્તાવ સ્વીકાર્યો હોત તો તેમનાં અસાધારણ પ્રતિભા અને મૌલિક ઉદ્ભાવનાઓ થકી ચીલો ચાતરનાર વ્યક્તિત્વના કારણે ગુજરાતને સવાયા ડૉ. ચંપકલાલ શુક્લ સુલભ થાત. આમ ન થવાથી વ્યથા અનુભવી રહ્યો છું.

૧૯૭૨નું વર્ષ એટલે યોગાનુયોગ 'આંતરરાષ્ટ્રીય પુસ્તક વર્ષ' આ વર્ષમાં જ તેમણે ભાવનગરમાં 'પ્રસાર' નામે પુસ્તકોના વિક્રય માટેની નાનકડી દુકાન શરૂ કરવાનો વિકલ્પ અપનાવ્યો. આ વિકલ્પ અપનાવવાની સાથે જ તેમની સામે પૅરિસમાં સીન સરિતાના તટે પાંગરેલ પુસ્તકતીર્થ અને ઑક્સફર્ડમાં સ્થિત વિશ્વવિખ્યાત પુસ્તક–ભંડાર 'બ્લૅકવેલ'ના મોડલ તેમના ચિત્તમાં ઘર કરી ગયેલાં. આવાં ઉમદા પુસ્તકતીર્થોના પગલે-પગલે 'પ્રસાર'ના શ્રીગણેશ કર્યા. તેઓશ્રી પ્રકૃતિએ જ સારા વાચક અને પુસ્તકોનો જીવ હોવાથી – ગ્રંથજ્ઞ હોવાથી વેચાણ માટેનાં પુસ્તકોની પસંદગીમાં પણ ભારે કાળજી લીધી. વળી, આ કાર્યમાં ગ્રંથાલયિત્વના આદર્શોને – ગ્રંથાલયશાસ્ત્રના જ્ઞાનને ખપમાં લાવતાં કોરા પુસ્તક વિક્રેતા ન બની રહેતાં પુસ્તકોનો પ્રચાર-પ્રસાર થાય, લોકો પુસ્તકો જુએ – ભલે ન ખરીદે, પુસ્તકવાચનમાં રસ લેતા થાય, પ્રસંગોપાત્ત 'પ્રસાર'ની મુલાકાતે આવે તે હેતુસર તેમણે 'પ્રસાર'ના માધ્યમથી અનેકવિધ પ્રવૃત્તિઓ હાથ ધરી. આ પૈકી સૌપ્રથમ ધ્યાનાર્હ બની રહે છે ગ્રંથોના

સંક્ષેપમાં પરિચય સાથેનાં તેમનાં સોહામણાં સૂચિપત્રો. વિક્રય માટેનાં પુસ્તકોની ગોઠવણી પણ સૌંદર્યાન્વેષી દૃષ્ટિ સાથે સુરુચિપૂર્ણ. પુસ્તકોની સાથે પ્રસંગોપાત્ત ખપમાં આવે તેવી કલાત્મક વિવિધ સામગ્રી પણ વેચાણ માટે રાખે, અને ખાસ તો કોઈ આગંતુક પુસ્તક ખરીદે કે ન ખરીદે તેની ચિંતા સેવ્યા સિવાય સૌને સ્નેહભીનો આવકાર આપે. આ લખનારે 'પ્રસાર'ની ત્રણ વખત મુલાકાત લેતાં આ બધું જોયું છે – અનુભવ્યું છે. પુસ્તક વિક્રેતા ઉપરાંત 'પ્રસાર'ના માધ્યમથી પ્રકાશક તરીકે પણ કેટલાંક પુસ્તકો પ્રકાશિત કર્યાં (પાછળથી આ કાર્ય બંધ કર્યું), જેમાં તેમનાં મુદ્રણકળા, બાંધણી, કલાત્મક સુશોભન વગેરે સંબંધી જ્ઞાન અને રસરુચિ ધ્યાનાર્હ બની રહે. તાજેતરનાં વર્ષોમાં તેમના દ્વારા સંપાદિત - અનુવાદિત અને ગૂર્જર દ્વારા પ્રકાશિત પુસ્તકો તેમના આ જ્ઞાનની સાહેદી પૂરે છે.

તેમણે હાથ ધરેલી પ્રવૃત્તિઓ તેમના જ શબ્દોમાં જોઈએ : ''વેચવાનું કામ કદી રુચ્યું નહીં, તેથી તેનો વિસ્તાર વ્યાપારના સીમાડાઓની તમા રાખ્યા વિના થતો ગયો. મેઘાણી – સાહિત્યના સંપાદન અને પ્રકાશનની કામગીરીએ આપેલી અપૂર્વ સંતૃપ્તિએ આ ચાર દીવાલોમાં પ્રાણનો સંચાર કરેલો. અવનવા પ્રયોગો કરવાનો આનંદ પણ મેળવ્યો. નોખી ભાતનાં સૂચિપત્રો પણ બનાવ્યાં. દેશ અને વિદેશનાં ગ્રંથાલયો ગુજરાતી પુસ્તકો વસાવવા માટે 'પ્રસાર'ની પસંદગી પર આધાર રાખતાં. એક કાળે અહીં દર મહિને ગ્રંથગોષ્ઠીના કાર્યક્રમો થતા. અવનવાં પુસ્તકો વિશે વાત કરવા અહીં મૂળશંકર ભટ્ટ, મીરા ભટ્ટ, ભોળાભાઈ પટેલ, નરોત્તમ પલાણ જેવાં માનવતાં વાચકો આવી ગયાં... ઉમાશંકર જોશી, નગીનદાસ પારેખ, હરિવલ્લભ ભાયાણી, વિદ્યાપુરુષ આચાર્ય શીલચંદ્રજી મહારાજ, મનુભાઈ પંચોળી, રઘુવીર ચૌધરી, સિતાંશુ યશશ્ચંદ્ર વગેરે વરિષ્ઠ વિદ્યાપુરુષોને આવકારવાનો લહાવો પ્રસારને મળ્યો.''

પ્રસારની કામગીરી દરમિયાન નવાં-નવાં પુસ્તકોનાં પાર્સલ ખોલતાં મનમાં ઉદ્‌ભવતા વિચારો તેમ જ દક્ષાબહેન અને રશ્મિકાંત મહેતાનાં 'પ્રસાર' વિશેનાં મંતવ્યો, ઝવેરચંદ મેઘાણીના મતે બુક સેલર એટલે શું ? વગેરે સંબંધી નોંધ સંજય ભાવેએ પોતાના પ્રતિભાવો સાથે તેમના લેખ 'શ્રી જયંત મેઘાણી'માં કરી છે તે જોઈએ

''નવાં-નવાં પુસ્તકોના પ્રકાશનના સમાચાર આવે છે અને એ જોવાની આતુરતા ઊભરાય છે. પાર્સલો આવે છે ત્યારે બીજું બધું કામ પડતું મૂકીને એ ખોલવાની, નવી-નવી ચોપડીઓ જલદી જોવાની ઉત્કંઠા રોકી શકાતી નથી. અને એક-એક પુસ્તક જોતાં નજર સામે તેના વાચકોની પ્રતિમાઓ ખડી થઈ જાય છે. થાય છે : 'ક્યારે એમને બોલાવીને કહીએ કે 'જુઓ તો ખરા, આ કેવી સરસ ચોપડી તમારા માટે આવી છે !', 'આ પુસ્તક જોયા વિના તમારે નહીં જ ચાલે'... પુસ્તકોની આવી સંગતનો, ચોપડીઓની આવી દોસ્તીનો, આ રસભર સૃષ્ટિ સાથે તેના ચાહકોનું મિલન કરાવવાનો અકથ્ય રોમાંચ છે. આ માત્ર દુકાનમાં બેસીને જણસો વેચ્યા કરવાની વાત નથી. પુસ્તક – પ્રસારનો 'રોમાન્સ' છે... ''બુકસેલર શબ્દ બહુ ફિક્કો ને કંઈક ઊતરી ગયેલો લાગે છે પણ બુકસેલર તો પોતાના શહેરનો જ્ઞાનમાળી બની શકે. બુકસેલર તો મોટો સાહિત્યસેવક છે. સારો બુકસ્ટોલ ઊંચી જાતના પ્રદર્શનની ગરજ સારે છે.' – ઝવેરચંદ મેઘાણીના 'કલમ અને કિતાબ'ના જે એક જાણીતા લખાણમાંથી સારવેલો છે તે લખાણનું પ્રત્યક્ષ સ્વરૂપ એટલે ''પ્રસાર''... ''દક્ષાબહેન તેને 'તરસ્યા લોકોની પરબ' અને રશ્મિકાંતભાઈ તેને 'જીવનની વિટંબણાઓ વચ્ચે શાતા આપતું તીર્થ' કહે છે. 'મગદૂર નથી ગ્રાહકની કે ખાલી હાથે બુકસ્ટોલ છોડી જાય' એવો 'પ્રસાર'નો મિજાજ મુલાકાતીઓ અનુભવે છે.''

ગ્રંથવિક્રયની સાથે જ ગ્રંથગોષ્ઠીઓ અને અન્ય વિદ્યાકીય પ્રવૃત્તિઓ અને સવિશેષતઃ ગ્રંથોના પરખની આગવી કોઠાસૂઝના પરિણામે 'પ્રસાર'ની કીર્તિ ભાવનગર બહાર ગુજરાત, નવી દિલ્હી – અમેરિકા સુધી પ્રસરી. અર્થાત્ અમેરિકાના રાષ્ટ્રીય ગ્રંથાલય 'લાઇબ્રેરી ઑફ કૉંગ્રેસ' માટે તેમ જ અમેરિકાનાં કેટલાંક અન્ય ગ્રંથાલયો માટે ગુજરાતી પુસ્તકો તેમની આવશ્યકતાનુસાર પસંદ કરીને પહોંચાડવાનું કાર્ય જયંતભાઈને 'લાઇબ્રેરી ઑફ કૉંગ્રેસ'ની નવી દિલ્હીમાં સ્થિત ઑફિસના અમેરિકન-ભારત નિષ્ણાત ડાયરેક્ટર યુજીન સ્મિથે ૧૯૮૨-૮૩ના વર્ષમાં 'પ્રસાર'ની રૂબરૂ મુલાકાત લઈને સોંપ્યું હતું, જે તેમણે પ્રાયઃ ૩૫ વર્ષ

સુધી એટલે કે વર્ષ ૨૦૧૭ સુધી સાંગોપાંગ નિભાવ્યું.

આ સમયગાળા દરમિયાન 'લાઇબ્રેરી ઑફ કૉંગ્રેસ'ની ઑફિસમાં આ કાર્ય ગુજરાતી વિભાગના વડા તરીકે પ્રારંભમાં શ્રી દીપક મહેતા અને ત્યાર બાદ ડૉ. ઉષા કટારિયા સંભાળતાં હતાં (તાજેતરમાં નિવૃત્ત થયેલાં ડૉ. ઉષાબહેન નિવૃત્તિ બાદ પણ આ કાર્ય સંભાળી રહ્યાં છે). આ લખનાર પણ તત્કાલીન સમયમાં કેન્દ્રિય સચિવાલય ગ્રંથાગાર, નવી દિલ્હીમાં સેવાનિયુક્ત થયેલ હોવાથી બંને સાથે અંતરંગ પરિચય ધરાવતા હોઈ તેમની સાથેની પ્રસંગોપાત્તની ચર્ચાઓમાં ગુજરાતી પુસ્તકોના સપ્લાયર તરીકે – લાઇબ્રેરીનાં સ્તર અને આવશ્યકતાને ધ્યાને લઈને જયંતભાઈ દ્વારા સમયસર પૂરાં પાડવામાં આવતાં પુસ્તકો, અપ્રાપ્ય પુસ્તકો ખાંખાં ખોળાં કરીને જેમ-જેમ સુલભ થતાં જાય તેમ-તેમ મોકલી આપવાં, દેશી રાજ્યોનાં પ્રકાશનો, અહેવાલો વગેરે સંદર્ભે તેમની સેવાઓની ભારે સરાહના કરતાં આ લખનારે સાંભળ્યાં છે. આ સંદર્ભે નોંધ લેવી રહી કે આજે, 'લાઇબ્રેરી ઑફ કૉંગ્રેસ' ગુજરાતી પુસ્તકોનો સમૃદ્ધ ગ્રંથસંગ્રહ ધરાવે છે, જેનું શ્રેય આ ત્રણેયના શિરે રહે છે. જયંતભાઈનું કાર્ય પ્રથમ દૃષ્ટિએ એક વિક્રેતા તરીકે જોંગડ ઉપર પુસ્તકો મોકલી આપવાનું રહ્યું હોવા છતાં તેમણે વ્યવસાયિક હિતોને ધ્યાને લીધા સિવાય માતૃભાષા ગુજરાતીની સેવા કાજે પસંદગીનાં ગુજરાતી પુસ્તકો પૂરાં પાડવામાં જ નિસબત રાખી હતી. આ લખનાર પણ લાઇબ્રેરી ઑફ કૉંગ્રેસના ઓનલાઇન કેટલોગ પૈકી ગુજરાતી અને સંસ્કૃત પુસ્તકોની જાણકારી હેતુ પ્રસંગોપાત્ત જોવા ટેવાયેલ છે. અતિશયોક્તિ સિવાય નોંધું છું કે ગુજરાતમાં ગુજરાતી પુસ્તકો ધરાવતું કોઈ એક ભાગ્યે જ ગ્રંથાલય હશે કે જે લાઇબ્રેરી ઑફ કૉંગ્રેસમાં ઉપલબ્ધ છે તે બધાં જ પુસ્તકો ધરાવતું હોય ! આ જ વાત સંસ્કૃત ગ્રંથો માટે પણ તેટલી જ હકીકતજન્ય છે – અરે ! આજે આપણે આધુનિક સંસ્કૃત સાહિત્યની કૃતિઓ ગ્રંથાલયમાં વસાવવા ઉપેક્ષા સેવી રહ્યા છીએ ત્યારે ત્યાં કાળજીથી પોતાના ભંડારમાં સ્થાન આપવામાં આવે છે. ગુજરાતી ભાષા–સાહિત્ય સાથે નિસબત ધરાવતા stake holders એ આ કાર્યમાંથી પ્રેરણા લઈને આ દિશામાં આંખ ઉઘાડવાની અને કૃતસંકલ્પ બનવાની જરૂરત છે. હજી પણ સમય છે કે ઠીક-ઠીક આદિમુદ્રિત સામગ્રી સુલભ થઈ શકે તેમ છે, અન્યથા એક દિવસ એવો આવશે કે કોઈ એક પુસ્તક માટે અમેરિકા હાથ લંબાવવો પડશે. એક ગ્રંથાલયી તરીકે વ્યથા અનુભવી રહ્યો છું કે ગુજરાતી ભાષા–સાહિત્યનાં પુસ્તકોના હર્યા-ભર્યા ક્રિયાશીલ ગ્રંથાલયની આપણે ઉપેક્ષા જ સેવી રહ્યા છીએ. આપણી પરિષદ, અકાદમી કે રાજ્ય સરકારના સંસ્કૃતિ વિભાગે આ દિશામાં સવેળા પ્રવૃત્ત થવાની તાતી જરૂરત છે. વધુ વિગત માટે જુઓ 'ગુજરાતમાં એક સર્વોપયોગી ગ્રંથાલય હોય' *સર્વ વિશ્વવિદ્યાલય* વૃત્ત ૯.૧ (જાન્યુ-ફેબ્રુ. ૨૦૧૯, પૃ. ૧-૭)

આવો ગરવો ગ્રંથભંડાર = Bookstore 'પ્રસાર' ભારતના પ્રકાશક મહાસંઘ = Booksellers Association of India દ્વારા સન્માનિત કરવામાં આવ્યો હતો. વિક્રેતા તરીકે આગવી ઓળખ પ્રસ્થાપિત કરનાર જયંતભાઈ વર્ષ ૨૦૧૭માં અંતમાં 'પ્રસાર'ને સમટી લે છે. (હવેથી, અર્થાત્ વર્ષ ૨૦૧૮ના પ્રારંભથી 'પ્રસાર'નું કાર્ય તેમેનો પુત્ર નીરજ 'બુકપ્રથા'ના નામે (૧, સુરભિ રેસિડેન્સી, શશીપ્રભુ ચોક, રૂપાણી, ભાવનગર-૩૬૪૦૦૧, ફોન : ૯૮૯૮૨૧૬૧૨૨) સંભાળી રહ્યા છે.) આ કાર્યની પૂર્ણાહુતિ કરતાં તેમણે આ કાર્ય શરૂ કરવાની પ્રારંભની સ્થિતિ, હાથ ધરેલ પ્રવૃત્તિઓ અને નિવૃત્તિ લેવા વિશે તેમણે અભિવ્યક્ત કરેલો હૃદયોદ્ગાર તેમના જ શબ્દોમાં જોઈએ :

''પુસ્તક-વિક્રયનો પણ અનેરો આનંદ હોય છે. પુસ્તક – પ્રસારની એવી આકંઠ તૃપ્તિ સાથે વ્યવસાયમાંથી વિદાય લેતી વેળા નિવૃત્તિનો સ્વાભાવિક, સહજ ભાવ છે. કાળના વિશાળ પટમાં આ પ્રવાસ હતો, પિસ્તાલીસ વરસે એ પ્રયાણ પૂરું થાય છે. આરંભ હોય છે તેનો વિરામ પણ હોય છે – આવો નરવો ભાવ જ સહાયક છે. આ સફરના સાથીઓ – સંગીઓ – સદ્ભાવીજનોને સલામ પાઠવવાની આ વેળ છે.'' આ વ્યવસાયથી તેમણે મેળવેલ આંકઠતૃપ્તિનો એકરાર ધ્યાનાર્હ બની રહે છે.

જયંતભાઈએ અન્યત્ર પોતાના વિશે નોંધ્યું છે કે ''મિત્રો, પુસ્તકપ્રેમીઓ, જ્ઞાનરસિકો મને બુકમૅન તરીકે ઓળખે છે. એથી વધુ આકાંક્ષા નથી. આ 'બુકમૅન'-પણાએ મને કેટલાક સરસ મિત્રોનું વૃંદ આપ્યું છે.

જગતના ઉત્તમ પુસ્તકોની સોબત આપી છે – પછી એમ થાય કે બસ, બીજું કાંઈ નથી જોઈતું.'' તેમનાં પોતાના વિશેનાં આ વિધાનો પોતાના વ્યક્તિત્વની ઓળખનાં અને પોતે સ્વીકારેલ વ્યવસાયથી મેળવેલ સંતર્પક સંતૃપ્તિના ઓડકારનાં દ્યોતક બની રહે છે.

**ગ્રંથાલય વિજ્ઞાનના અધ્યાપક :**

ભાવનગર યુનિવર્સિટીના સેવાનિવૃત્ત ગ્રંથાલયી ડૉ. કિરીટ વ્યાસ સાથે પૃચ્છા કરતાં જાણવા મળ્યું કે વર્ષ ૧૯૮૧-૮૨માં ભાવનગર યુનિવર્સિટી દ્વારા ગ્રંથાલય વિજ્ઞાનનો સ્નાતક કક્ષાનો અભ્યાસક્રમ શરૂ કરવામાં આવતાં જયંતભાઈને મુલાકાતી અધ્યાપક તરીકે નિમંત્રિત કરવામાં આવતાં તેમણે પ્રાયઃ પાંચ-છ વર્ષ સુધી સેવાઓ આપી હતી. તેમના વિશેષ રસ-રુચિના વિષયો સંદર્ભગ્રંથો અને સંદર્ભ સેવાઓ, સૂચિકળા, ગ્રંથાલય વ્યવસ્થાપન વગેરે રહ્યા હતા. જોકે તેમણે આ સેવાકાળ દરમિયાન સંદર્ભગ્રંથો પ્રેક્ટિકલ વિષયનું અધ્યાપન કરાવ્યું હતું. પૂર્વ–ગ્રંથાલયી અને ગ્રંથવિક્રેતા હોવાની સાથે જ્ઞાનજગતના વિવિધ વિષયોમાં વિશેષ વાચનશોખના કારણે સંદર્ભગ્રંથો વિશેની તેમની તરોતાજા જાણકારી રહી હોવાથી તેમનું અધ્યાપન રસપ્રદ અને આધિકારિક બની રહ્યું હતું. તેમની અધ્યાપકીયનિષ્ઠા અને વિદ્યાર્થીઓ સાથેના પ્રીતિભાવની મુક્તકંઠે પ્રશંસા આજે પણ ડૉ. કિરીટ વ્યાસ તેમજ તેમના કેટલાક વિદ્યાર્થીઓ, જેમ કે ભાર્ગવ જાની, બટુક ગોહેલ, આશા સરવૈયા વગેરે કરી રહ્યાં છે. આ ઉપરાંત તેમના તેજસ્વી વિદ્યાર્થીઓ પૈકી ગુજરાત યુનિવર્સિટીના ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના પૂર્વ-પ્રોફેસર અને અધ્યક્ષ સ્વ. ડૉ. વિવેક ભટ્ટ પણ હતા. પ્રત્યેક ગ્રંથાલયી ગ્રંથાલયનો સારો વાચક અને પથદર્શક બની રહે, બહુઆયામી અને દૂરંદેશિતાશીલ સજ્જતા કેળવે તેના તેઓ હિમાયતી રહ્યા હતા. ('જિજ્ઞાસાની દુનિયા ભણી'. *ગ્રંથાલોક* ૫.૨ (એપ્રિલ ૧૯૮૨) : ૧૩-૨૩). સામયિક સૂચિને અધ્યયનનો આધારસ્તંભ ઓળખાવીને તેની મહત્તા ઉજાગર કરી આપવાની સાથે 'સાયન્સ સાઇટેશન ઇન્ડેક્સ' અને તેના પ્રણેતા યુજીન ગારફિલ્ડનો વિગતે પરિચય 'અધ્યાપનનો આધારસ્તંભઃ સામયિક – સૂચિ' (*પ્રત્યક્ષ* ૧૬.૪ (ઑક્ટોબર – ડિસેમ્બર, ૨૦૦૭) ૧૯-૨૩) શીર્ષક હેઠળનો તેમનો લેખ આ ક્ષેત્રના ઊંડાણપૂર્વકના જ્ઞાનનો પરિચાયક છે. આ સાથે તેમણે *'પરબ'* અને *'વસંત'*ની સૂચિઓની વિશેષતાઓ અને મર્યાદાઓ ઉજાગર કરતી સમીક્ષાઓ આપી છે જે આ ક્ષેત્રે કાર્ય કરનારાઓ માટે દિશાપ્રેરક બની રહે છે. આ ઉપરાંત તેમણે સ્વયં પોતાના વિદ્યાગુરુ ડૉ. ચંપકલાલ શુક્લની પ્રેરણાથી ઉત્તમ ગુજરાતી પુસ્તકોની સૂચિ તૈયાર કરવાનું શરૂ કર્યું હતું. જે તેમના ગુરુના અવસાન સમયે 'પોણો પંથ વટાવી ચૂકી હતી'. આ પછી આ સૂચિનું શું થયું તે વિશે કોઈ સગડ નથી.

**રસાસ્વાદક :**

આપણે આગળ ઉપર જોયું તેમ જયંતભાઈ વિદ્યાર્થીવયથી વાચનરસિયો જીવ રહ્યા હતા. તેમનો આ શોખ આગળ જતાં અનેકવિધ વિષયોમાં વિહરતો રહ્યો. સવિશેષતઃ મેઘાણી અને ટાગોર સાહિત્યના પ્રબુદ્ધ વાચક અને અભ્યાસી તરીકે ઓળખ પામ્યા. 'ગમતાંનો કરીએ ગુલાલ'ની સૂક્તિને સાર્થક કરતાં પોતે વાંચેલા ગ્રંથોનો આસ્વાદ પણ કરાવતા રહ્યા હતા. ગુજરાતી સાહિત્ય પરિષદના નવનિર્વાચિત પ્રમુખ અને અગ્રણી પત્રકાર – ચિંતક – રાજકીય વિશ્લેષક પ્રકાશ ન. શાહે જયંતભાઈનાં સંસ્મરણોની નોંધ કરતાં જણાવ્યું છે કે ''તેમને ૧૯૭૧-૭૨માં પહેલી વાર મળ્યો હોઈશ, પરંતુ 'એનાં થોડાં વરસ પહેલાંથી પુ. ગ. માવળંકરના 'અભ્યાસ'માં દેશ-વિદેશનાં પુસ્તકો વિશે સહૃદય નોંધ નિર્દેશથી. બીજી શક્યતાઓ છોડી એ ગાંધીસ્મૃતિ સાથે ગ્રંથાલયી તરીકે જોડાયા એમાં એમની પુસ્તકપ્રીતિનું કેટલું મોટું બળ હશે એનો અંદાજે અહેસાસ 'અભ્યાસ' મારફત મળતો હતો''. અર્થાત્ તેમણે વ્યવસાયિક કારકિર્દીના પ્રારંભથી જ ગ્રંથગોઠડી બાંધી લીધી હતી. તેમની આ પરંપરા 'પ્રત્યક્ષ'ના વર્ષ ૨૦૧૫-૨૦૧૬ના અંકોમાં પણ 'ગ્રંથગોષ્ઠી' હેઠળ પાંગરતી રહેલી જોવા મળે છે.

આ 'ગ્રંથગોષ્ઠી' શરૂ કરતાં 'પ્રત્યક્ષ'ના અંક ૯૬, પૃ. ૩૯માં પ્રારંભે કરેલી નોંધ : ''રોજરોજની ટપાલોમાંથી ઝડપીને જલદી ખોલવાનું મન થાય એવા લિફાફા આવે ત્યારે હાથ પરનાં ચાલુ કામો એક બાજુ પર મુકાઈ જાય, આંખો એમાં ખોવાઈ જાય. નવી ચોપડીઓની ખબર લાવતાં સામયિકોના અંકોનાં પાનાં પર ચિત્ત ચોંટી જાય. દિલ્હીથી આવતાં 'બિબ્લીઓ'

અને 'ધ બૂક રિવ્યૂ', વર્ધાથી બહાર પડતું હિંદી દ્વૈમાસિક 'પુસ્તક-વાર્તા', પુણેથી રવાના થતું મરાઠી માસિક 'લલિત', – એ બધાં પ્રિય મિત્રો બની ગયાં છે. ખ્યાતનામ અખબાર 'ધ હિંદુ'ની દર મહિને આવતી સાહિત્યપૂર્તિમાં પુસ્તકો અને લેખકોની દુનિયાની વિવિધરંગી વાતો, ક્યારેક વળી ઇન્ટરનેટ પગથારે આવેલી જ્ઞાનસૃષ્ટિની વાતો અને ગ્રંથજગતની પ્રત્યક્ષ સોબત... આ બધાંમાંથી તારવેલું ને સારવેલું. એનું અહીં માત્ર આચમન ધરવાની નેમ છે'' સહૃદયી પુસ્તકપ્રેમીની પ્રતીતિકારક બની રહે છે.

*'પ્રત્યક્ષ'*ના અંક નંબર ૯૬, ૯૭, ૯૮ અને ૧૦૦ (૨૦૧૫-૧૬)માં અંગ્રેજી ભાષામાં રચાયેલાં વિવિધ વિષયોનાં, જેમ કે, ભારત – અધ્યયન પ્રવાસ, માનવનૃવંશવિદ્યા, સમાજશાસ્ત્ર, માયા સંસ્કૃતિ, પ્રાણી – પક્ષીજગત, પત્રકારત્વ, સંગીત, ચા, ખાદ્ય સંસ્કૃતિ અને શાકાહારી ભોજન વગેરેના ૧૩ ગ્રંથોનો મનભાવંત રસાસ્વાદ કરાવ્યો છે. આ બધા ગ્રંથો કોઈપણ યુનિવર્સિટી ગ્રંથાલયનાં આભરણ બની રહે તેવા મૂલ્યવાન છે. સંબંધિત ગ્રંથોના વિષયવસ્તુનું આસ્વાદન કરાવવાની સાથે આનુષંગિક બાબતો જેમ કે યુ. આર. અનંતમૂર્તિ કૃત કન્નડમાં લખાયેલી નવલકથા 'ભારતીપુર'ના અંગ્રેજી અનુવાદનો પરિચય કરાવતાં અનુવાદકળા સંબંધી બાબતો વણી લેવી, તો 'જગતના નવવિદ્વાનોની પંગતમાં માનવંતુ સ્થાન ધરાવનાર' ઇતિહાસકાર રામચંદ્ર ગુહાકૃત ગ્રંથ 'સેવેજીંગ ધ સિવિલાઇઝડ : વેરીઅરએલ્વિન : હિઝ ટ્રાઇબલ ઍન્ડ ઇન્ડિયા (૧૯૯૯)ના રસાસ્વાદની સાથે ગ્રંથના પ્રકાશક ઑક્સફર્ડ દ્વારા નિયુક્ત કરવામાં આવતા સંપાદકની પ્રસ્તુત ગ્રંથ સંદર્ભેની ભૂમિકાને અહીં ઉજાગર કરી આપવામાં તેમની દૂરંદેશિતાનાં દર્શન થાય છે. જેમ્સ ફૉર્બ્સકૃત ઓરિએન્ટલ મેમ્વાર્સ (Oriental Memoirs, ૧૮૧૩, સંક્ષિપ્ત આવૃત્તિ ૧૮૩૪)માં લેખક દ્વારા રજૂ કરવામાં આવેલા ભારતનાં પ્રમુખ સંસ્મરણોનો પરિચય કરાવીને જયંતભાઈએ ભરૂચ, ડભોઈ અને અમદાવાદના સંસ્મરણોની સરસ વિગતો ઉજાગર કરી આપી છે. વળી, આ અપ્રાપ્ય ગ્રંથ ભાવનગરના ગ્રંથાલયમાં ઉપલબ્ધ છે તે તેમજ ઇન્ટરનેટ ઉપર પણ વિનામૂલ્યે સુલભ છે તેની જાણકારી પણ આપી છે. આ બધા પરિચયો તેમના ઉપલક વાંચનના નહીં પરંતુ વિશદ્ અધ્યયનના પરિચાયક બની રહે છે.

### અનુવાદ કળા વિશે જયંતભાઈ અને અનુવાદકાર્ય :

જયંતભાઈ અનુવાદને 'ભાષાંતર નહીં સર્જનશીલ નવસંસ્કરણ' માને છે. તેમના મતે ઉત્તમ અનુવાદ એટલે : ''એ રસનિષ્પત્તિ સાધે છે કે નહીં ? નવી ભાષાભૂમિમાં તેણે મૂળિયાં નાખ્યાં છે કે નહીં ? અનુવાદક શબ્દોનાં ચોસલાંની હેરફેર કરનાર દુભાષિયો નથી, તેણે કૃતિને આતમમાં ઓગાળી હોય છે અને શબ્દેશબ્દે ને વાક્યેવાક્યે ભાષાકૌશલ, ભાવસમજ અને વિચારનું રસાયણ એ રેડે છે – અરે, પરકૃતિપ્રવેશ કરે છે.'' આ સાથે જ આર્થર આઈસબર્ગની વાતને સમર્થન આપતાં ''બહુભાષી સમાજમાં સહિયારા અનુવાદની પદ્ધતિ અર્થાત્ સ્રોતભાષાની જાણકાર વ્યક્તિ અનુવાદ કરે છે અને લક્ષ્યભાષાના નિષ્ણાત (સ્રોતભાષાના સામાન્ય જાણકાર) તેને ચળકાટ આપે તેની સમજ, તેમજ સંપાદિત – અનુવાદની કૃતિના વિષયમાં નવાં ખેડાણોને મૂળવાચના સાથે જોડવાં, સંપાદકીય સામગ્રી ઉમેરવી (ઉદા. તરીકે ચંદુલાલ દલાલકૃત 'હરિલાલ ગાંધી : એક દુઃખી આત્મા'નો ત્રિદીપ સુહૃદકૃત અંગ્રેજી અનુવાદ) વગેરે અભિગમ કેળવવા આશાવાન છે. ('ભાષાંતર નહીં સર્જનશીલ નવસંસ્કરણ', *પ્રત્યક્ષ* ૨૨.૨ (એપ્રિલ-જૂન, ૨૦૧૩) : ૫૭-૬૦). અનુવાદ સંદર્ભે તેમનો આ અભિગમ ધ્યાને ધરવા જેવો છે.

જયંતભાઈએ માત્ર આદર્શ અનુવાદની કલ્પના જ કરી નથી, પરંતુ પોતાના વિચારોને સુચારુ રીતે ક્રિયાન્વિત પણ કર્યા છે, જેની પ્રતીતિ તેમના દ્વારા અનુવાદિત કૃતિઓને તેમની જ કસોટીઓના એરણ ઉપરથી જોતાં સહજમાં થાય છે અને તેથી જ બંગાળી સાહિત્ય અને રવીન્દ્રસાહિત્યના અનુરાગી અને અનુવાદક ભોળાભાઈ પટેલ 'તણખલાં' ને 'ઘૂંટાયેલી ગુજરાતીમાં જાણે મૂળમાં જ લખાયું છે.' તો સુરેશ દલાલ 'અનુવાદમાં ફૂલની સુગંધ' અનુભવે છે.

**'વિચારોની વસંત'** (૨૦૧૮) એ તેમને સ્પર્શી ગયેલાં (૨૮૬ વિદેશી અને ભારતીય ભાષાઓમાં રચાયેલાં) વિચાર – પુષ્પો – સૂક્તિરત્નોનો અંગ્રેજીના

આધારે પોતે કરેલા ગુજરાતી અનુવાદનો સંગ્રહ છે. ભાષાની પ્રવાહિતા, લવચીકતા અને અભિવ્યક્તિને ધ્યાને લઈ આ સૂકિતરત્નો વાંચતા આ બધા વિચારો મૂળમાં ગુજરાતીમાં લખાયેલા હોય તેવી સોડમ અનુભવાય છે. આ ઉપરાંત તેમણે ઑક્સફર્ડ સચિત્ર વાર્તા અંતર્ગત 'અલાદીન અને અલીબાબા' (૧૯૮૪), 'કોલમ્બસ' (૧૯૮૪), 'અપહરણ' (૧૯૮૬) અને 'હરક્યુલીસ' (૧૯૮૬) તેમજ નૅશનલ બુક ટ્રસ્ટની નહેરુ બાલપુસ્તકાલય શ્રેણી અંતર્ગત 'હયુઆન-ત્સાંગનો ભારતપ્રવાસ' (૧૯૯૫) ગુજરાતી અનુવાદો આપ્યા છે.

### રવીન્દ્રસાહિત્યના અધ્યેતા, અનુવાદક અને સંપાદક :

રવીન્દ્રસાહિત્ય અને રવીન્દ્રનાથના જીવન વિશે જાણવાની જિજ્ઞાશા તેમનામાં બળવત્તર બની રહેલાં રવીન્દ્રસાહિત્યના અધ્યેતા બની રહ્યા હતા, અલબત્ત, અનુવાદના માધ્યમથી. તેમણે સ્વયં નોંધ કરી છે કે 'ભાષાજ્ઞાન બંગાળી મૂળાક્ષરોની ઓળખથી ખાસ આગળ નથી વધી શક્યું, તેથી મારું વાચન અંગ્રેજીમાં સુલભ સંકલનો પૂરતું જ મર્યાદિત રહ્યું છે.' (રવીન્દ્ર પત્ર – મધુ, [૫]). તેમની પાસેથી રવીન્દ્રસાહિત્યમાં પોતે ચૂંટેલી કૃતિઓનાં ગુજરાતીમાં અનુવાદિત ૫ પુસ્તકો મળે છે.

૧. **તણખલાં** : રવીન્દ્રનાથની કબિતિકાઓ (પ્રથમ આવૃત્તિ ૨૦૦૭, પુનર્મુદ્રણ ૨૦૦૮, ૨૦૦૯, ૨૦૧૮), ૨. સપ્તપર્ણી : રવીન્દ્રનાથની કબિતિકાઓ (૨૦૧૮)માં ટાગોરની બે-ત્રણથી પાંચ-સાત પંક્તિઓની લઘુપદ્યરચનાઓ – કાવ્યકણિકાઓ કે જેને કવિવરે 'કબિતિકા' તરીકે ઓળખાવી છે તેના ૫ સંગ્રહોમાં સમાવિષ્ટ ૧૧૬૭ કબિતિકાઓમાંથી પસંદગીની ૩૦૦-૩૦૦ જેટલી કબિતિકાઓના અંગ્રેજીમાં અનુવાદિત પાઠ સાથે ગુજરાતી અનુવાદો આપવામાં આવ્યાં છે. પ્રારંભમાં કબિતિકા સ્વરૂપ, વિષયવસ્તુ, તત્કાલીન સમયના આલોચકોનો પ્રારંભમાં મોળો પ્રતિસાદ, ૫ કબિતિકા સંગ્રહોનો પરિચય, રવીન્દ્ર અનુરાગી વિલિઅમ રાધીચેકૃત અંગ્રેજી અનુવાદ, કબિતિકાઓ વિશે કવિ વગેરે બાબતો વિશે સંક્ષેપમાં છતાં સંતર્પક વિચાર-વિમર્શ કરવામાં આવ્યો છે. અંગ્રેજી પાઠ સાથે જ આપવામાં આવ્યો હોવાથી આ ગ્રંથો અનુવાદકો માટે કોઢ – Practical Workshop બની રહે છે. આ અનુવાદોનું ભાષા–સૌંદર્ય અને કાવ્યાત્મક અભિવ્યક્તિ તેમજ અંગ્રેજી શબ્દોના ગુજરાતી ભાવવાહી તથા તળપદા શબ્દપ્રયોગો પ્રથમ દૃષ્ટિએ જ ધ્યાનાર્હ બની રહે છે, જેમ કે, Bird - પંખીડું, See - સમંદર, Messages - સંદેશડા, South - દખણાદા, Heart - રુદિયે, હૃદયભીતરે, અંતરદ્વારે, For What do you wait - શાની રાહમાં થોભ્યો છે, Stony hard - કાળમીંઢ શિલા, Leaving its last salutation to the East = ઉદયગિરિને પોતાનું અંતિમ વંદન અર્પે છે, Wrong Cannot afford defeat, but Right can = જૂઠને પરાજય પાલવતો નથી, સત્યને પરાજયની પરવા નથી, Truth is widowed without love = પ્રેમવિછોયું સત્ય નિરાધાર છે, વગેરે.

૩. **'અનુકૃતિ : રવીન્દ્રનાથનાં કાવ્યો'** (૨૦૧૮)માં રવીન્દ્રનાથના વિવિધ કાવ્યસંગ્રહોમાંથી પસંદ કરેલાં ૫૩ કાવ્યોનો અંગ્રેજી અનુવાદ (તેના સ્રોતના નિર્દેશ સાથે)ની સામેના પૃષ્ઠ ઉપર કે નીચેના ભાગમાં તેનો ગુજરાતી અનુવાદ આપવામાં આવ્યો છે આ પૈકી પાંચ કાવ્યો કવિવરના હસ્તાક્ષરોમાં સુલભ કરાવ્યાં છે.

૪. **રવીન્દ્ર સાન્નિધ્યે** (૨૦૧૮)માં રવીન્દ્ર-જીવન વિશે જાણવાની જિજ્ઞાસા અને તેની સંતૃપ્તિ માટે હાથ ધરેલ શોધખોળના પરિણામે પ્રાપ્ત થયેલ સાહિત્ય પૈકી બુદ્ધદેવ બસુ કૃત 'સબ પિયેછિર દેશે', આચાર્ય ક્ષિતિમોહન સેન, રવીન્દ્રનાથનાં આત્મકથનો, અરુણા ચક્રવર્તીકૃત નવલકથા 'જોરાસાંકો' (૨૦૧૩), રવીન્દ્રપુત્ર રથીન્દ્રનાથનાં સંભારણાં વગેરેમાંથી જયંતભાઈને સ્પર્શી ગયેલા અંશોના અનુવાદો આપવામાં આવ્યા છે. આપણાથી રવીન્દ્રજીવન વિશેની ઘણી અણજાણ વાતો અહીં ઉજાગર કરી આપી છે. ઉદા., તરીકે રથીન્દ્રનાથે જ જણાવ્યું છે કે ૧૯૧૨માં ઇંગ્લૅન્ડના પ્રવાસ દરમિયાન કવિવરકૃત કાવ્યાનુવાદોની બૅગ જ રેલવેમાં ગુમ થઈ ગઈ હતી જે 'લેફ્ટ લગેજ ઑફિસ'માંથી મળી આવી હતી. ''મારી બેદરકારીથી ગુમાવેલ 'ગીતાંજલિ'નાં એ અનુવાદ પૃષ્ઠો સદા માટે ખોવાયા હોત તો શું થાત' (પૃ. ૧૨૮). એક અન્ય મહત્ત્વપૂર્ણ બાબત એ છે રવીન્દ્રનાથને નોબેલ સન્માન ૧૯૧૩માં મળ્યું હતું, પરંતુ અર્પણ અવસરે સ્વીડન જઈ શક્યા ન હતા પરંતુ ૮ વર્ષ બાદ ૧૯૨૧માં

ગયા ત્યારે નૉબેલ સન્માનનો પ્રતિભાવ આપ્યો હતો તનો અનુવાદ પણ અહીં સુલભ કરાવ્યો છે. અહીં પ્રત્યેક સંભારણાના પ્રારંભમાં કવિ સાથે સંબંધ પ્રસ્થાપિત કરી આપતી જયંતભાઈકૃત નોંધો ખૂબ જ ઉપયોગી બની રહે છે, જે ટાગોર વિશેનાં વિશદ્ અધ્યયન અને જ્ઞાનની સાહેદી પૂરે છે.

૫. **'રવીન્દ્ર-પત્રમધુ : રવીન્દ્રનાથના પત્રો'** (૨૦૧૮)માં રવીન્દ્રનાથના વિશાળ પત્રસાહિત્ય અને સવિશેષતઃ તેના પ્રાપ્ત અંગ્રેજી અનુવાદોના સંગ્રહો તપાસી જઈને કવિના જીવન અને અંતરંગ વ્યક્તિત્વને ઉજાગર કરી આપતા ૨૭૫ જેટલા પસંદગીના પત્રોના અનુવાદો સુલભ કરી આપવામાં આવ્યા છે. આ પત્રો પૈકી અહીં મોટા ભાગના પત્રો કવિએ લખેલા અને કેટલાક પ્રાપ્ત પત્રો છે, જે મિત્રો, કુટુંબીજનો, સ્નેહીજનો, સારસ્વતોને લખવામાં આવ્યા હતા, જેમાં વિલીઅમ રોધેન્સ્ટાઇન, ચાર્લ્સ એન્ડ્રુઝ, રોમાં રોલાં, ભત્રીજી ઇંદિરાદેવી, ભાભી કાદંબરી, પત્ની મૃણાલિનીદેવી, જગદીશચંદ્ર બોઝ, ક્ષિતિમોહન સેન, વિલ ડુરાં, સર્વ પલ્લી રાધાકૃષ્ણન વગેરેનો સમાવેશ થાય છે. આ પત્રોના અનુવાદોની સાથે અસરપરસ સંબંધ પ્રસ્થાપિત કરી આપતી નોંધો, આવશ્યકતાનુસાર સ્પષ્ટતાદર્શક ઉમેરણ, પાદટીપ વગેરેનું સંશોધનકીય અભિગમથી ઉમેરણ કરવાથી આ અનુવાદો Value added બની ગયા છે. વધુમાં ગ્રંથાન્તે પત્રવ્યવહારસૂચિ અને આધારસામગ્રીની સૂચિ પણ દૃષ્ટિપૂત બની રહે છે. વિષયવસ્તુની દૃષ્ટિએ આ પત્ર-સામગ્રી રવીન્દ્ર અભ્યાસીઓ માટે સોનાની ખાણ સમાન છે. સવિશેષત : અનુક્રમ નંબર ૪-૫ના ગ્રંથોના અનુવાદ અને સંપાદન માટે સંબંધિત સાહિત્યની શોધ, વાચન અને પસંદગીનું કાર્ય – ખાસ કરીને રવીન્દ્રજીવનને ઉજાગર કરતી સામગ્રી અસાધારણ રસ-રુચિ અને પ્રતિભાનાં દ્યોતક બની રહે છે.

સમગ્રતયા, ગુરુદેવ રવીન્દ્રનાથના સાહિત્યમહાસાગરમાં ડૂબકી લગાવીને અંગ્રેજી માધ્યમના સહારાથી જયંતભાઈએ ગુજરાતી વાચકો માટે જે મોતીનો ચારો પ્રસ્તુત કર્યો છે તે અણમોલ છે. અહીં અનુવાદ માટે સ્રોતભાષા – અંગ્રેજી ઉપરનું તેમનું પ્રભુત્વ અને અનુવાદકળા, સંબંધિત સાહિત્યની પ્રાપ્તિ માટેની ખોજ, જિજ્ઞાસાની સાથે-સાથે સંશોધકીય અભિગમથી કરેલું વાચન અને કરેલ પસંદગી વિશેષ ધ્યાનાર્હ બની રહે છે. ખાસ તો, ધ્યાને લેવું રહ્યું કે આ કોઈ એક સળંગ કૃતિ / પુસ્તકનો અનુવાદ નથી, પરંતુ અનેકવિધ ગ્રંથોમાં ધરબાયેલ પસંદગીની વૈવિધ્યપૂર્ણ સામગ્રીનું સંપાદન – સંકલન – અનુવાદન છે અને તે પાછળનો વિદ્યાકીય પુરુષાર્થ અને લગન માટે જયંતભાઈ આપણા વંદનના અધિકારી બની રહે છે. આ સાથે જ બધા ગ્રંથોની કાવ્યાત્મક અને દૃષ્ટિપૂત અર્પણ નોંધો દ્રષ્ટવ્ય બની રહે છે, પરંતુ આ પૈકી 'રવીન્દ્રસાન્નિધ્યે'ની નોંધ : ''વિનોદભાઈ અને નાનકભાઈ, વહેલેરાં પ્રયાણ આખરી પંથે થયાં તમારાં / હવે વાટડીએ જરા થોભજો ને વળીવળીને આ નાનેરાની વાટ જોજો'' તેમની જીવનલીલા સંકેલાઈ રહી છે તેનો ગર્ભિત ઇશારો કરતી નોંધ આંખ ભીંજવી દેવાની સાથે હૃદયને હલાવી દે તેવી કરુણાર્દ્ર છે.

**મેઘાણી સાહિત્યના મેઘાણીસંપાદક :**

જયંતભાઈ મેઘાણીસાહિત્યના પ્રબુદ્ધ અધ્યેતા અને જ્ઞાતા રહ્યા હોઈ ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા 'સમગ્ર મેઘાણી સાહિત્ય'ના સંપાદન – સંકલનની જવાબદારી તેમને સોંપવામાં આવી હતી. જોકે આ શ્રેણી શરૂ કરવા પૂર્વે તેમણે મેઘાણીની કેટલીક કૃતિઓ, જેમ કે 'સોના – નાવડી : સમગ્ર કવિતા', 'પરિભ્રમણ' (અશોક મેઘાણીના સહયોગમાં) વગેરેનું 'આધારભૂત વાચના' તરીકે નમૂનેદાર સંપાદન – પ્રકાશન કર્યું હતું. આ ઉપરાંત ૧૯૯૬માં મેઘાણી જન્મશતાબ્દી નિમિત્તે લેખકકુટુંબ તરફથી 'લેખકના સાહિત્યની પ્રમાણભૂત વાચના' તૈયાર કરવાનું નક્કી કરવામાં આવતાં આ અન્વયે ૯ ગ્રંથો પ્રકાશિત કરવામાં આવ્યા હતા, જેની જવાબદારી જયંતભાઈએ સંભાળી હતી. તેમણે, 'લેખકનાં સંતાનો તરીકે આ સંપાદનકાર્યને એક યાત્રાસામાન' ગણાવ્યું હતું. અકાદમીએ આ કાર્ય પ્રકાશિત કરવાનું સ્વીકારતાં મેઘાણી કુટુંબ દ્વારા પ્રારંભેલ કાર્ય બંધ કરવામાં આવ્યું અને નવેસરથી આ કાર્યના સંપાદનની જવાબદારી જયંતભાઈને સોંપવામાં આવી હતી. અલબત્ત, અગાઉનું સંપાદિત કાર્ય આ અંતર્ગત સમાવીને પ્રકાશિત કરવામાં આવ્યું. સમગ્ર મેઘાણી સાહિત્ય ૨૦ ગ્રંથોમાં પ્રકાશિત કરવાના આયોજન અંતર્ગત આજદિન સુધી ૧૩ ગ્રંથો (અ. નં. ૧, ૩, ૪, ૫, ૯-૧૭) પ્રકાશિત થયા છે. બાકીના ૭ ગ્રંથો સંદર્ભે

અકાદમીમાં પૃચ્છા કરતાં જાણવા મળ્યું કે જયંતભાઈ દ્વારા આ ગ્રંથોની હસ્તપ્રતો અકાદમીને મળી નથી. અંતિમ ગ્રંથ ૨૦ : 'મેઘાણી સંદર્ભ : જીવનક્રમ, છબિ-સંગ્રહ, મેઘાણી – ગ્રંથસૂચિ – લેખસૂચિ, મેઘાણી વિષયક સાહિત્યસૂચિ, રચનાક્રમ આલેખ, સમગ્ર મેઘાણી સાહિત્યની પાત્રસૂચિ અને સ્થળસૂચિ, મેઘાણી જીવન અને સાહિત્ય વિષયક નકશા' માટે ફાળવેલ છે. આ અંતિમ ગ્રંથ કોઈ પણ સર્જકના સમગ્ર સાહિત્યના સંપાદન માટે સીમાસ્તંભ સમાન એક ઉત્તમ ઉદાહરણસ્વરૂપ બની રહે તે પૂર્વે જ જયંતભાઈની વિદાય થતાં આ કાર્ય અધૂરું રહ્યું છે.

'સમગ્ર મેઘાણી સાહિત્ય'ના પ્રકાશિત ગ્રંથોમાંથી ઝીણી નજરે પસાર થતાં જયંતભાઈના સંપાદકીય ઉન્મેષની પ્રતિભાનાં સહજમાં દર્શન થાય છે. પ્રત્યેક ગ્રંથમાં આવશ્યકતાનુસાર ઉપયોગકર્તાઓને ધ્યાને લઈને દષ્ટિપૂત વૈવિધ્યપૂર્ણ સૂચિઓ, શબ્દકોશ, પાદટીપો, અન્ય ભાષાની કાવ્યકૃતિઓ આધારે કવિતાઓ રચાઈ હોય તેનો મૂળપાઠ, સંબંધિત, પુસ્તકનાં પૂર્વ-મુદ્રણોની વર્ષવાર ક્રમાનુસાર નોંધ તેમજ લેખકનાં તથા પરવર્તી કાળના સંપાદકનાં નિવેદનો, પૂર્વ-પ્રકાશિત ગ્રંથોમાં કંઈ રદ કરવામાં આવ્યું હોય કે ઉમેરણ / સંવર્ધન કરવામાં આવ્યું હોય તે, સર્જકનાં ગ્રંથસ્થ નહીં થયેલાં અને 'ફૂલછાબ', 'જન્મભૂમિ', 'સૌરાષ્ટ્ર' વગેરેમાં પ્રકાશિત અને આ પૈકી કેટલાંક ઉપનામ હેઠળ પ્રકાશિત લખાણોને શોધીને તેમજ તેની પ્રમાણભૂતતા તપાસીને સુલભ કરાવવાં, અધિકૃત પાઠ તૈયાર કરવો, અગાઉના સંસ્કરણના આવરણ પૃષ્ઠની ફોટો-નકલ, કૃતિઓની રચનાનો કાળક્રમ તૈયાર કરવો વગેરે કાળજીપૂર્વક આપવામાં આવ્યું છે. આ ઉપરાંત બે-ત્રણ ગ્રંથોના 'સંપાદક' અને બાકીના ગ્રંથોમાં પોતાને 'સંકલન' કર્તા તરીકે ઓળખાવેલ છે. આટલી આગવી ગુણરાશિના કારણે પ્રા. સંજય ભાવે 'સ્વનામવિમુખતા અને વાચકઅભિમુખતા' કેન્દ્રી આ ગ્રંથશ્રેણીને 'સમગ્ર મેઘાણી સાહિત્ય'નું જયંતભાઈનું સંપાદનકાર્ય ગુજરાતી સાહિત્યના પુસ્તક સંપાદનક્ષેત્રે અત્યારના સમયમાં કદાચ એક સર્વોચ્ચ શિખર' તરીકે નવાજે છે તે યથાર્થ જ છે. 'સોના-નાવડી : સમગ્ર કવિતા' અને 'પરિભ્રમણ'નું દષ્ટિપૂત સંપાદનકાર્ય સર્વાંશે સંશોધકીય પુરુષાર્થ અને કર્તવ્યનિષ્ઠાનું ઉત્તમ ઉદાહરણ છે. તેમની આગવી સંપાદકીય પ્રતિભા અને વિશેષતાઓને ધ્યાને લેતાં જયંતભાઈને ખરા અર્થમાં **'મેઘાણીસંપાદક'** તરીકે નવાજવા જ રહ્યા.

આ સાથે જ સહજ જિજ્ઞાસાવશ અકાદમી દ્વારા પ્રકાશિત અન્ય કેટલાક સર્જકોના સમગ્ર સાહિત્યની શ્રેણીઓ તરફ નજર નાખતાં જોવા મળ્યું કે ઘણા સર્જકોની ગ્રંથશ્રેણીઓમાં જયંતભાઈએ આપેલ સૂચિઓ સમાન સૂચિઓની પૂરી ગુંજાઈશ હોવા છતાં પણ ક્યાંય આ પ્રકારની સૂચિઓ – અપવાદ તરીકે કવચિત્ ગ્રંથાન્તેની શબ્દસૂચિ બાદ કરતાં – જોવા મળી નથી. અરે, એકાદ સર્જકની ગ્રંથશ્રેણીના અંતિમ ખંડમાં નથી અનુક્રમનું પૃષ્ઠ કે નથી ગ્રંથાન્તે કોઈ સૂચિ. અલબત્ત, તેના સંપાદકીયમાં બે કર્તાઓની કૃતિઓ વિશે તેમજ પાછળથી પ્રાપ્ત લેખો, નિબંધો વગેરે સમાવિષ્ટ છે તેવી નોંધ છે, પરંતુ તે કયા કયા તેની જાણકારી મેળવવા ગ્રંથ જ ફેંદવો પડે. એકાદ શ્રેણીના સંપાદકીયમાં 'બીજી આવૃત્તિનાં અનેક પુનર્મુદ્રણો થયાં' તેવી નોંધ જોવા મળે છે, પણ કયા વર્ષે થયાં અને તેનાં કોઈ નિવેદન વિશે મૌન જ સેવવામાં આવ્યું છે, વગેરે. અને તેથી જ પ્રશ્ન ઉદ્‌ભવે છે કે આ પ્રકારનાં પ્રકાશનોને સંપાદિત કહેવાં કે નર્યાં પુનર્મુદ્રણો ?

આ સાથે જ ઐતિહાસિક દષ્ટિએ મહત્ત્વપૂર્ણ એક આડ વાત એ કે 'સમગ્ર મેઘાણી સાહિત્ય' અંતર્ગત જે જે ખંડોનું પુનર્મુદ્રણ / સંશોધિત આવૃત્તિનું પ્રકાશન કરવામાં આવ્યું છે તેમાં 'અકાદમી' દ્વારા પ્રથમ વખતના 'પ્રકાશકીય નિવેદન'નો ચ્છેદ ઉડાડીને પુનર્મુદ્રણ વખતના અધ્યક્ષ અને પ્રકાશકનું નિવેદન જ મુદ્રિત કરવામાં આવ્યું છે, ઉદા., તરીકે જુઓ ગ્રંથ-૧ (૨૦૧૮), ૯ (૨૦૨૦), ૧૧ (૨૦૧૯) વગેરે. વળી તેમના આ નિવેદનમાં પણ કોઈ અણસાર નથી કે આ શ્રેણી ક્યારે કોના અધ્યક્ષીય સમયમાં શરૂ કરવામાં આવી હતી, વગેરે. વળી, આ પ્રકારની ગ્રંથશ્રેણીઓમાં 'અકાદમી દ્વારા પ્રકાશિત આવૃત્તિ' શબ્દોની નોંધ સાથે પ્રકાશન વર્ષ નોંધવું જરૂરી બની રહે છે, જેનો અહીં અભાવ જોવા મળ્યો છે.

જયંતભાઈ સાથેના પ્રાયઃ અઢી દશકના પરિચયના આધારે નોંધું છું કે તેઓશ્રી ખરા અર્થમાં ઉમદા અને સંવેદનશીલ માનવ હતા. એક આદર્શ ગ્રંથાલયી – સેવાપરાયણતા અને પ્રતિબદ્ધતાનું મૂર્તિમંત

સ્વરૂપ હતા, જે તેમના જીવનવ્યવહાર સાથે વણાઈ ગયું હતું. કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા પ્રકાશિત 'સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત'ના નિયમિત વાચક રહેવાની સાથે પ્રસંગોપાત્ત પોતાના પ્રતિભાવો જણાવતા રહેતા હતા. છેલ્લે તેમના અવસાનના ૧૫ દિવસ પૂર્વે જ સપ્ટેમ્બર – ઑક્ટોબરના અંક સંદર્ભે મોકળાશથી ચર્ચા કરતાં તેમણે રૂબરૂમાં મળવાની ઇચ્છા દર્શાવતા જણાવ્યું હતું કે હવે તો આપણું મળવાનું વિલંબાઈ રહ્યું છે. કોરોનાકાળ પછી મળવા ભાવનગર આવીશ તેવી હૈયાધારણા પણ આ લખનારે આપી હતી, પરંતુ કાળની ગતિ ન્યારી છે. અમારું મિલન અધૂરું જ રહ્યું !

**ભાવકોની દૃષ્ટિમાં :**

'ભાવનગરના સભ્ય સમાજના ઘડતરમાં મહેન્દ્રભાઈ અને જયંતભાઈનો ફાળો ઘણો મોટો છે. એક સારી યુનિવર્સિટી કે એક સારો અધ્યાપક જે વ્યવસાયી અને જે ભાવથી એક આખું વાતાવરણ ઘડે તેવું જયંતભાઈએ કર્યું છે. તે પણ સહજતાથી – પરોપકાર તરીકે નહીં જ – કદાચ એ તેમનો સ્વભાવ છે.'

**ડૉ. દક્ષાબહેન પટ્ટણી**

'ઝવેરચંદ મેઘાણીના પુત્રોએ મેઘાણી–સાહિત્યના પ્રકાશન–પ્રસાર માટે જે દૃષ્ટિપૂર્વક અને સાતત્યથી નમૂનેદાર કામ કર્યું છે એવું બીજા કોઈ લેખક–સંતાનોએ ભાગ્યે જ કર્યું હશે. ને તેમ છતાં એ ભાઈઓ માત્ર મેઘાણી-પુત્રો તરીકે ઓળખાતા રહ્યા નથી. લગભગ દરેકે, અનુવાદક–સંપાદક તરીકે તેમજ વ્યક્તિ તરીકે પોતાની એક આગવી ઓળખ ઊભી કરી છે. એમાં જયંતભાઈ વધુ ગતિસંચાર–શીલ. પણ એમની એ સક્રિયતા જરા પણ મુખરતા વિનાની શાંત સક્રિયતા. ભાવનગરમાં જ રહ્યા, ને એક થાનક ઊભું કર્યું – 'પ્રસાર' એની ટેગ લાઇન હતી 'પુસ્તકોની નાનકડી દુનિયા'. પોતે તો હંમેશાં પુસ્તકોના વ્યાસંગી રહ્યા પણ બીજાઓમાં પણ પુસ્તક-રસ પ્રસાર્યો... રવીન્દ્રપ્રીતિ એટલી ઉત્કટ થઈ કે અનુવાદ એમને માટે અનિવાર્ય બન્યા... જયંતભાઈએ નમૂનેદાર સંપાદનો કર્યા એના કેન્દ્રમાં મેઘાણી-સાહિત્ય જ રહ્યું પણ શાસ્ત્રીય, ઉપયોગી અને રુચિ – દૃષ્ટિવાળું સંપાદન કેવું હોય એનો અનુસરણીય દાખલો એમણે બેસાડ્યો.'

**રમણ સોની**

'એ ગ્રંથપાલ બન્યો. પછી પિતાને અભિપ્રેત એવો 'શહેરના જ્ઞાનમાળી' સમો 'બુકસેલર' બન્યો, નામે જયંત... જયંતભાઈનું સંપાદનકાર્ય પિતૃતર્પણથી આગળ વધીને સાહિત્ય માટેનો ઊંડો લગાવ, સંપાદનકળાની જાતે કેળવેલી સમજ અને વંદનીય કર્તવ્યનિષ્ઠા બતાવે છે. ઔપચારિક અર્થમાં જયંતભાઈ સાહિત્યના અધ્યાપક કે સંશોધક નથી. પણ તેમનાં સંપાદનમાં વૈજ્ઞાનિકતા, તેમના વ્યાપ વિરલ છે... પુસ્તકને શક્ય એટલું યુઝર–ફ્રેન્ડલી બનાવવા માટે જયંતભાઈ જે સૂચિઓ આપે છે તે એમની અનોખી સિદ્ધિ છે.. નિર્મળતા અને નમ્રતા, સંસ્કારિતા અને સંકોચશીલતા જયંતભાઈના રોમેરોમમાં હતી. ઓછાબોલા અને અતડા હોવાની છાપ ઝડપથી ભૂંસાઈ જતી અને તેમના વ્યક્તિત્વની હૂંફ તો અનુભવાતી.'

**સંજય ભાવે**

Jayant Meghani belonged to that rare breed of Gujarati scholars who are equally at home in English language in which he was widely read. Meghani translated extensively from English into Gujarati. In his later Years, he was drawn to the poetry of Rabindranath Tagore and issued fresh translations of his letters and poetry in beautiful volumes which he himself designed. He was particularly sensitive to the finer aspects of book design - choice of fonts, layouts, cover design, indexing - which are often sidelined in Indian Language printing.

**Murali Ranganthan**

આવા ગૌરવપૂત ગ્રંથાલયી, ગ્રંથવિકેતા અને ગ્રંથમર્મજ્ઞ – સાહિત્યમર્મજ્ઞ દિવંગત થતાં સર્વ વિદ્યાલય પરિવાર શોકસંતપ્ત હૈયે શ્રદ્ધા-સુમન અર્પણ કરે છે.

(**ૠણસ્વીકાર :** પ્રસ્તુત લેખ માટે જરૂરી સાહિત્ય પૂરું પાડવા માટે પ્રા. સંજય ભાવે, તોરલ પટેલ, નીરજ મેઘાણી અને અકાદમીનાં સ્વાતિ શુક્લનો આભાર).

**મણિભાઈ પ્રજાપતિ**

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ : ઇતિહાસની અટારીએથી

# નાયબદીવાન રા. બા. ગોવિંદભાઈ સાહેબનું ક. પા. કે. ઉ. મંડળ – કડીમાં આગમન

બાપુભાઈ ગામી

ભાદરવા સુદી ૪ – ગણેશ ચતુર્થીના દિવસે વડોદરા રાજ્યના નાયબદીવાન રા. બા. ગોવિંદભાઈ સાહેબે, કડી પ્રાંતમાં અતિવૃષ્ટિથી થયેલી ખરાબીની જાતમાહિતી મેળવવા ફરતાં-ફરતાં કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ – કડીની અચાનક મુલાકાત લીધી. તેઓશ્રીની સાથે પ્રાંતના સૂબાસાહેબ તથા નાયબ સૂબા સાહેબ પણ પધારેલા હતા. આ પ્રસંગે આપણી કોમને તથા સંસ્થાના કાર્યને ઉદ્દેશી તેમણે જે વચનો કહ્યાં તે ખરેખર વિચારવા જેવા જ છે.

વિદ્યાર્થીઓનો, સંગીત-કસરત વગેરેનો સામાન્ય કાર્યક્રમ થયા બાદ, સંસ્થાના મંત્રી શ્રી છગનલાલ પીતામ્બરદાસે સંસ્થાનો સંક્ષેપમાં ઇતિહાસ કહ્યો. હાલ સંસ્થામાં જે કાર્ય થઈ રહ્યું છે અને સંસ્થા જે સ્થિતિએ આવી ઊભી છે તેનું ટૂંકમાં દિગ્દર્શન કરાવ્યું. તાલુકા પંચાયત, પ્રાંતપંચાયત તથા શ્રી મહારાજાસાહેબ તરફથી સંસ્થાને જે ઉદાર મદદ મળે છે, તથા રાજ્યના નાનાથી તે મોટા અમલદારો સંસ્થા પ્રત્યે જે મમતા અને સહાનુભૂતિ બતાવી રહ્યા છે તેનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો. સંસ્થાનો વહીવટ કોમી હોવા છતાં તેમાં સર્વ જ્ઞાતિનાં બાળકોને લાભ આપવામાં આવે છે તે પણ જણાવ્યું. તથા સંસ્થાએ રાજ્ય પાસે ખેતીવાડીના શિક્ષણની અનુકૂળતા કરી આપવા જે માગણીઓ કરી છે તેનો ઉદાર દષ્ટિથી વિચાર કરવા વિનંતી કરી. છેવટે, રા. બા. ગોવિંદભાઈ સાહેબે પધારી સંસ્થાના કાર્યકર્તાઓ અને વિદ્યાર્થીના ઉત્સાહમાં જે વૃદ્ધિ કરી તે બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર પ્રદર્શિત કર્યો.

ત્યારબાદ રા. ગોવિંદભાઈ સાહેબે, પોતાની મીઠી અને મળતાવડી વાણીમાં કાર્યકર્તાઓ તથા વિદ્યાર્થીઓને સંબોધી નીચે પ્રમાણે જણાવ્યું : 'મંત્રીશ્રી છગનલાલ, અન્ય કાર્યકર્તાઓ અને વિદ્યાર્થીઓ,

તમારી સંસ્થાની આ પ્રથમ મુલાકાત લેતાં હું ઘણો જ ખુશ થયો છું. આ પ્રસંગ પહેલાં પણ મને સંસ્થાની ભેટ લેવા નિમંત્રણો મળેલાં, પણ સરકારી કામના સંજોગોમાં મારાથી આવી શકાયું નહિ. આજે આવી, હું જે કંઈ જોઉં છું તેથી મને આનંદ થાય છે.

તમારી કોમના સંબંધમાં હું ઘણાં વર્ષથી આવ્યો છું. તેના જેવી ઉદ્યોગી અને પ્રેમાળ કોમ બીજી કોઈ નહિ હોય. તેને હું અંતઃકરણથી ચાહું છું. જ્યારે જ્યારે મને તમારી કોમના સંબંધમાં આવવાની તક મળેલી ત્યારે ત્યારે મેં તમારા લાભની અનેક વાતો કહી છે. મેં ઘણી વાર કહ્યું છે કે તમો બહુ ઉદ્યોગી છો. તમારા ઉદ્યોગના પ્રમાણમાં આવાં અંધારાવાળાં ઘરને બદલે તમોને તો હવેલીઓ જોઈએ અને ગાડાંઓને બદલે તમે મોટરો વાપરતા થાઓ એટલી સમૃદ્ધિ તમને મળવી જોઈએ. આ બધું કરવા તમોને કેળવણીની જરૂર છે. તે સાથે તમારી કોમમાં જે કઢંગા રિવાજો ચાલી રહ્યા છે તે બંધ કરવા જોઈએ. દુનિયામાં કોઈપણ કોમ એવી નથી કે જ્યાં ઢીંગલાઢીંગલીની પેઠે લગ્ન થતાં હોય. 'માતા' બોલે ત્યારે દસદસ કે બારબાર વર્ષે લગ્ન કરવાં એના જેવી એકે મૂર્ખાઈ નથી. આ સંબંધી મેં ચાણસ્માના અને સિદ્ધપુરના આગેવાનો સાથે વાતો કરી છે. ઈ. સ. ૧૯૧૨માં શ્રી છગનલાલ પીતાંબરદાસે મને કહ્યું કે, 'મારા કુટુંબમાં એક છૂટક લગ્ન કરવાનું છે.' મેં જણાવ્યું કે આવા પ્રસંગે તમે મને નિમંત્રણ નહિ આપો તોયે તમારે ત્યાં આવીશ અને આપશો તોયે આવીશ.' આ છૂટક લગ્નના પ્રસંગે હું તેમને ત્યાં ગયો હતો અને જમ્યો હતો. આની સારી અસર થઈ છે. હવે આ રિવાજ ટકી શકવાનો નથી. જરૂર નાબૂદ થશે.

વળી રાજ્ય તરફથી ખેતીવાડીનું શિક્ષણ લેવા જનારને સ્કૉલરશિપ આપવાની ગોઠવણ કરી, પણ જ્યાં સુધી અજ્ઞાન હોય ત્યાં કોણ તૈયાર થાય ? તે વખતે તમારી કોમમાં કોઈ મૅટ્રિક સુધી પણ ભણેલો વિદ્યાર્થી જડ્યો નહિ. હાલ તો એલએલ.બી. સુધી ભણેલા પણ મળે છે. આવા

સંજોગોમાં આ તમારી સંસ્થા જોઈ મને હર્ષ થાય છે. તમારી ખેતીવાડી સંબંધી માગણીઓ ઉપર સરકારે વિચાર કર્યો છે. સરકારની એ તરફ સહાનુભૂતિ છે. ધીમેધીમે તમને સરકાર વધારે મદદ કરશે. અત્યારે સ્થિતિ પલટાઈ ગઈ છે : ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર, કનિષ્ટ ચાકરી અને નફ્ફટ ભીખ.' એ જૂની કહેવત અનુસાર ખેતીને ગણવામાં આવતી નથી. ખેતી કરનારને ચાકરી કરવાનું મન થાય તેનાથી આપણને વધુ ફતેહ મળવા સંભવ છે. વળી આજે આપણા ખેડૂતોના ગામમાં ઘરમાં રમતોને સ્થાન નથી. ઉદ્યમ પછી આનંદને સ્થાન નથી. કેળવણીથી જીવન રસમય થશે. રાસ જેવી સુંદર રમતોનો આનંદ અનુભવાશે અને ઉદ્યમ પછી સંગીતનું સુખ મધુર લાગશે. કેટલાક કહે છે કે, ખેડૂતને આવી બધી કેળવણીની શી જરૂર છે. પણ તેમની આ માન્યતા ખોટી છે. કળાકૌશલ્ય (Culture)ની સર્વને જરૂર છે. તેમાં પ્રવૃત્તિ થવી જોઈએ.

ખેતીની દિશામાં અજ્ઞાનતા વર્તે છે. જમીન હોય છે પણ તે છૂટીછવાઈ હોવાથી તેમાં વખત ઘણો જાય છે. વાડોને લીધે કેટલીયે જમીન નકામી જાય છે. કૂવાઓનાં ઠેકાણાં નથી. મારો ખેડૂતમંડળ સ્થાપવાનો ઉદ્દેશ, જમીન એક જથ્થે કરવાનો હતો. જો જમીન એક જથ્થે થાય તો ત્યાં ખેતીનાં બધાં સાહિત્યો રાખી શકાય. કૂવા ઉપર પંપ મૂકી વિશાળ પાયા ઉપર ખેતી કરી શકાય.

બીજી બાબત પાડા ઉછેરવાની છે. પાડાઓ કોસ ખેંચી શકે છે. તેમને ગાડે જોડી શકાય છે. તે ઉપરાંત ખેડૂતને ગૌપાલનની તો ખાસ જરૂર છે. આજે તો ગાયો રબારીઓ પાસે જ હોય છે. રબારીઓ ખેતર ભેલાવે છે અને કૉર્ટે ચડવું પડે છે. વળી ગાયોથી બળદ પણ થાય અને બળદ ખરીદવાના ભારે ખર્ચનો બચાવ થાય. પણ ત્યાં 'ખસી' કરવાનો પ્રશ્ન આવી ઊભો રહે છે. કહે છે કે 'ખસી' કરવાથી પાપ થાય. કયા શાસ્ત્રમાં આ પાપ લખ્યું છે ? મને એક શાસ્ત્રીએ એક શ્લોક કહ્યો. તેનો અર્થ એવો છે કે 'ખસી' કરવામાં તો પુણ્ય રહ્યું છે. પણ હજુ આ બાબતની અસર થઈ નથી. કોઈએ હિંમતથી 'ખસી' કરવાનું કાર્ય કર્યું નથી. કોઈ ખેડૂત ભાઈએ હજુ પાડાનું ગાડું જોડ્યું નથી. મને આશા રહે છે કે આ વિદ્યાર્થીઓ આ બાબતના ફાયદા સમજીને આ બધા સુધારા કરશે.

તમારામાંથી બધાય ખેડૂત થાય એવું ન બને. જેને જે બાબતમાં વિશેષ રસ હોય તે કાર્ય તેણે હાથ ધરવું જોઈએ. જે વિદ્યાર્થીએ ચિત્રકામની શોધ કરી હોય તે શા માટે ચિત્રકાર ન થાય ? જેની પ્રગતિ સંગીતમાં સરસ થઈ શકતી હોય તે શા માટે તે વિદ્યામાં પ્રવીણ ન થાય ? પણ તમારામાંના ઘણાખરા ખેડૂત થવાના. ખેતીના જ્ઞાન સાથે બીજા ધંધાઓની જરૂર છે. સુથારકામ અને લુહારકામની ખેડૂતોનાં બાળકોને ખાસ જરૂર છે. એક જ દાખલો આપું : ચાણસ્માના પટેલિયાઓ મારી પાસે ફરિયાદ લઈ આવ્યા કે, 'લવાર અમારી કોસો ટીપતા નથી. અમે શું કરીએ ?' જોકે હું ત્યાં ગયો અને લવારિયાઓને ધમકાવ્યા અને કામ કરાવ્યું. પણ જેને આપણે વસવાયાં કહીએ છીએ તેમને, 'બેચરકાકા, અમારી કોસ ટીપી આપોને !' કહી દાઢીમાં હાથ ઘાલવો તેના કરતાં જાતે જ કરી લેવું શું ખોટું છે ? સુથારનું પણ એવું સમજવું. યાદ રાખજો કે, કોઈ પણ ધંધો પ્રામાણિકપણે કરવામાં નાનમ નથી. જેમાં આપણું મગજ દોડતું હોય તે કાર્ય કરવું જ.

વિદ્યાર્થીઓ ! આ વાત બરોબર યાદ રાખજો. સારો અભ્યાસ કરજો. તમારી ઉન્નતિ માટે જ આ સંસ્થા થઈ છે. પરમાત્મા તમારા કાર્યમાં અનુકૂળ હજો.

મણિયારી–ચાણસ્મા જેવા ગામમાં જ્યાં પ્રથમ પાણીનું ઘણું જ દુઃખ હતું ત્યાં ઘણું જ સુખ થઈ ગયું છે. બેઠા-બેઠા પાણી મળી શકે છે. વિજ્ઞાન આગળ કશું જ અશક્ય નથી. જો તમે સારી વિદ્યા મેળવશો તો જરૂર કુદરત તમને સહાય કરશે અને તમરી આગળ આ જે તક આવી છે તેનો ઉપયોગ કરશો તો ચરોતર કરતાં પણ આગળ વધી શકશો.

અંતમાં હું જણાવું છું કે આ સંસ્થા માટે જેટલી મદદ મળી શકશે તેટલી મેળવવા હું પ્રયત્ન કરીશ.'

ત્યાર બાદ સામાન્ય વાતચીતને અંતે, વંદેમાતરમ્ અને 'સયાજીરાવ મહારાજની જય'ના પોકારો વચ્ચે સભા વિસર્જન થઈ હતી.

કડી, **બાપુલાલ વી. ગામી**

૩૦ ઑગસ્ટ, ૧૯૨૭

**(સૌજન્ય : ડૉ. મંગુભાઈ પટેલકૃત**
**'બાપુભાઈ વિઠ્ઠલદાસ ગામી :**
**એક અલગારી આચાર્ય,** ૨૦૦૯ પૃ. ૪૮-૫૧)

# શિક્ષણના મૂળભૂત અધિકારને ૧૦૦ ટકા સાકાર કરતું અફાટ રણમાં વીરડા સમાન વંચિતોનું વિદ્યાધામ

**પ્રવીણ ક. લહેરી**

અમદાવાદના નૈઋત્ય ખૂણે સરખેજને અડીને એક શૈક્ષણિક સંકુલ આવેલું છે. નામ છે અદાણી વિદ્યામંદિર. શાંત, સુંદર, સુવિધાયુક્ત, આધુનિક અને શિસ્તબદ્ધ સંચાલિત આ શાળાની મુલાકાત લેનાર એમ સમજે કે શિક્ષણ જ્યારથી સ્વનિર્ભર થયું છે ત્યારથી તેમાં અનેક લોકોએ મસમોટું રોકાણ કરીને સારું વળતર મેળવ્યું છે. આ પ્રમાણે જાણીતા ઔદ્યોગિક ગૃહે પણ કર્યું હશે તેમ દેખીતી રીતે જણાય – પણ ના. આ વિદ્યામંદિર ગુજરાતનું જ નહીં પણ સમગ્ર દેશનું એક આગવું અને અજોડ શિક્ષણ કેન્દ્ર છે. ૨૦૦૮માં જેનાં શ્રીગણેશ થયાં તે શાળા પાછળનો પ્રેરક વિચાર સમજવા જેવો છે. સંસ્થાનાં સ્થાપક પ્રીતિબહેન અદાણીના શબ્દોમાં; ''અમે આ શાળાની સ્થાપના વંચિત પરિવારોનાં તેજસ્વી બાળકોને ગુણવત્તાસભર નિઃશુલ્ક શિક્ષણ આપવાના સંકલ્પ સાથે કરી છે. આ શાળાની સફળતાએ અમને બીજી બે આવી શાળાની શરૂઆત કરવા પ્રેરણા આપી છે.'' છેલ્લાં ૧૩ વર્ષમાં આ શાળાનું સંચાલન ઉત્કૃષ્ટ રીતે થયું છે, જેના કારણે ભારતની ગુણવત્તા કાઉન્સિલે – NABETની કક્ષાની માન્યતા આપી છે. ગુજરાતની ખાનગી શાળાઓમાં અદાણી વિદ્યામંદિર જ આવી સ્વીકૃતિ ધરાવે છે. આ મુદ્દે દેશમાં પણ આ શાળા પ્રથમ છે. આ શાળાની ભૂમિકાનો વિચાર કરીએ તે સાથે દેશમાં શિક્ષણની દશા અને દિશાનો પણ ખ્યાલ રાખવો જરૂરી છે. આપણે સૌ જાણીએ છીએ કે ડૉ. મનમોહનસિંઘના વડપણ હેઠળની સરકારે દેશના સૌ નાગરિકોને એક ઉમદા ભેટ આપી હતી. ભારતના બંધારણમાં સુધારો કરીને ''શિક્ષણના અધિકાર''ને મૂળભૂત અધિકાર તરીકે માન્યતા આપી છે. સંસદે શિક્ષણના અધિકાર અંગેનો કાયદો કર્યો છે. આ કાયદા હેઠળ તમામ સ્વનિર્ભર (ખાનગી) શાળાઓ ૨૫ ટકા જગ્યાઓ ઓછી આવક ધરાવતાં બાળકો દ્વારા ભરવાની છે. આ જોગવાઈનો હેતુ એ છે કે સામાજિક ન્યાય જળવાઈ રહે અને વંચિતોના પરિવારમાંથી આવતા હોશિયાર વિદ્યાર્થીઓ સારી કારકિર્દી વિકસાવી શકે. આ અધિકારને સાકાર કરવા માટે પાંચ વર્ષમાં રૂ. ૧૭૧૦ અબજની જરૂરિયાત અંદાજવામાં આવી હતી પણ કેન્દ્ર અને રાજ્ય સરકારોએ તેના ત્રીજા ભાગનો ખર્ચ પણ કર્યો નથી. આજે ૫ લાખથી વધારે શિક્ષકોની જગ્યા ખાલી પડી છે. નવા કાયદાએ સરકારો પર જે જવાબદારી મૂકી છે તે નિભાવવામાં નિષ્ફળતાનો સ્વીકાર કરી સુધારાત્મક કાર્યવાહી કરવાને બદલે કાલ્પનિક સિદ્ધિઓની જાહેરાતોમાં અબજો રૂપિયાનું જાહેરનામું વેડફાઈ રહ્યું છે. આ કાયદો હજી એક બાજુ ૬થી ૧૪ વર્ષની ઉંમરનાં બાળકો ઉપરાંત ધો. ૧૦ (ઉંમર ૧૬ વર્ષ) સુધી લંબાવવાનો નિર્ણય હજી ફાઈલોમાંથી બહાર નીકળતો નથી. દુઃખની વાત તો એ છે કે કાયદાની સ્પષ્ટ જોગવાઈ પ્રમાણે ખાનગી શાળામાં ૨૦ લાખ જેટલી જગ્યાઓ વંચિત બાળકોથી ભરવાની છે પણ માત્ર ૪ લાખ બાળકોને પ્રવેશ મળ્યો છે, શાળાઓ સહયોગ કરતી નથી, તે બહાનાં બાદ પણ સરકારની આંખ કેમ લાલ નથી થતી તે પ્રશ્નનો કોઈ ઉત્તર જડતો નથી. આ માહિતી ૨૦૧૮ની સ્થિતિએ આ કાયદો દેશ અને સમાજના ઘડતર માટે છે પણ તે અંગે સરકારોની નિષ્ક્રિયતા માટે કુંભકર્ણ નિદ્રા શબ્દ પણ ટૂંકો પડે તેવી સ્થિતિ છે. આવી દારુણ સ્થિતિ વચ્ચે અદાણી વિદ્યામંદિરની મુલાકાત લઈએ, કામગીરીનો અભ્યાસ કરીએ ત્યારે ગુજરાતીની ઉક્તિનું સ્મરણ થાય છે; ''આ તો અફાટ રણમાં વીરડા સમાન છે.'' આ શાળાએ તો શિક્ષણના મૂળભૂત અધિકારને ૧૦૦ ટકા સાકાર કરીને આગળ ભાત પાડી છે, નવી દિશા ચીંધી છે.

કચ્છ અને છત્તીસગઢમાં પણ બીજી બે શાળાઓ ખોલીને પ્રીતિબહેન અદાણીએ વિદ્યાદાન શ્રેષ્ઠ દાનની હકીકત સાકાર કરી છે. સાથે સાથે નેલ્સન મંડેલાનું જાણીતું વાક્ય; ''વિશ્વને બદલવાનું સૌથી શક્તિશાળી શસ્ત્ર શિક્ષણ છે.'' ચરિતાર્થ કર્યું છે.

અદાણી વિદ્યામંદિરની સરખામણી કેન્દ્ર સરકારે સ્થાપેલા ૬૬૧ (૬૩૬ કાર્યરત છે) નવોદય વિદ્યાલય સાથે કરવા જેવી છે. નવોદય વિદ્યાલયોમાં કુલ ૨,૬૫,૫૭૪ વિદ્યાર્થીઓ છે. જેમાંના ૨,૦૬,૨૭૮ વિદ્યાર્થીઓ ગ્રામીણ

વિસ્તારના છે. ધો. ૧૦ અને ધો. ૧૨મા અનુક્રમે ૯૬ ટકા અને ૯૮ ટકા સફળતા સાથે આ પૂર્ણ નિવાસી સહશિક્ષણની સંસ્થાઓએ અનેક વંચિતોના જીવનમાં નવી રોશની લાવી ઉત્તમ કારકિર્દીના દરવાજા ખોલી આપ્યા છે. અદાણી ફાઉન્ડેશનનાં ટ્રસ્ટી શ્રીમતી શિલીન અદાણીનું કહેવું છે કે; ''અદાણી વિદ્યામંદિરમાં અમે ઔપચારિક શિક્ષણનું મહત્ત્વ સુપેરે સમજીએ છીએ પણ સાથે સાથે અમે સૌ વિદ્યાર્થીઓમાં કોઠાસૂઝ, કરુણા, હિંમત, નમ્રતા, પ્રામાણિકતા, નિષ્ઠા અને વિશ્વસનીયતાના ગુણો વિકસે તે માટે વિશેષ કાળજી કરીએ છીએ. અમારું ધ્યેય તો સૌને સર્વાંગી શિક્ષણ આપી તેના થકી સક્ષમતા, સહયોગ, સર્જનાત્મકતા, સહઅસ્તિત્વ અને સન્માનની ભાવના દૃઢ થાય તે છે. આ સંસ્થાના વિકાસમાં પ્રીતિબહેનની દૃષ્ટિ અને દૃઢ સંકલ્પના પાયામાં રહેલા છે. ૨૦૦૮માં કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સબિલિટીનો કાયદો ન હતો ત્યારે સમાજમાં પરિવર્તન અને વિકાસની, સામાજિક ન્યાય અને વ્યક્તિ વિકાસમાં શિક્ષણ એ જ ગુરુચાવી છે તે માન્યતા સાથે જે કાર્ય આરંભ્યું તેનું અનુકરણ દેશની સી. એસ. આર. (કંપનીઓની સામાજિક જવાબદારી નિભાવતી તમામ કંપનીઓ કરે તો આપણને આવી ૧૦ હજારથી વધુ શાળાઓ પ્રાપ્ત થાય. બંધારણની કલમ-૨૧એ હેઠળ જે હક આપણે નાગરિકોને ખાસ હેતુથી આપ્યો છે તે સાકાર થાય. અદાણી વિદ્યામંદિર એ એક ઉદ્યોગગૃહની સામાજિક નિસ્બતનું જીવંત ઉદાહરણ છે. આપણા દેશમાં લગભગ ચોથા ભાગની વસ્તી પણ અનેક રીતે વંચિત છે જેની સંખ્યા ૩૪ કરોડ જેટલી છે. આઝાદી સમયે દેશની કુલ વસ્તી જેટલા લોકોના શિક્ષણ, આરોગ્ય, આવાસ, રોજગારીનું કામ પડકારભર્યું છે. આ વિકટ સમસ્યાના સચોટ અને લાંબાગાળાના ઉકેલ માટે ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે શ્રીમતી પ્રીતિબહેન અદાણીએ જે પ્રતિબદ્ધતા દર્શાવી છે તે અભિનંદનને પાત્ર છે અને સાથે સાથે અનુકરણીય પણ છે. અદાણી વિદ્યામંદિરનું ધ્યેય વંચિત બાળકના જીવનને જ્ઞાન, ચારિત્ર્ય, કુશળતા અને સ્વાવલંબનથી સફળ બનાવવાનું છે. આ સમગ્ર પ્રયત્ન પાછળની ભાવના છે કે બાળક જ આવતીકાલનું ભાવિ છે. તે શિક્ષક છે, વૈજ્ઞાનિક છે, કલેક્ટર છે કે લોકનેતા છે, મંત્રી હોય કે તંત્રી, ધાર્મિક સંસ્થાનો વડો હોય કે ઉદ્યોગપતિ, કુટુંબનો મોભી હોય કે સંસ્થાનો સેવક. આજના બાળકનું જેવું ઘડતર તેવી તેની શક્તિ. આમાં જે ક્ષતિ કે ત્રૂટિ રહી જાય તો તેનાથી કેટલાં ખરાબ પરિણામો આવી શકે તે સમજવાની જરૂર છે.

શિક્ષણ એ તો બીજ રોપીને વટવૃક્ષ બનાવવાની કાળજી અને સંવેદનાવાળી પ્રક્રિયા છે. અદાણી વિદ્યામંદિરે આ જવાબદારી નિભાવવામાં સંપૂર્ણ સમર્પણ કરી એક નવો ચીલો પાડ્યો છે. છેલ્લાં ૧૨ વર્ષમાં અનેક તેજસ્વી વિદ્યાર્થીઓએ તેમની કારકિર્દી થકી સંસ્થાનું નામ રોશન કર્યું છે. દેશ-વિદેશમાં વિવિધ અભ્યાસ ક્ષેત્રોમાં નોંધપાત્ર સફળતા સાથે વ્યક્તિવિકાસની ક્ષિતિજો વિસ્તારી છે.

શિક્ષણની વ્યાખ્યાઓ અગણિત છે પણ જેના થકી વ્યક્તિની ક્ષમતાનો પૂર્ણપણે વિકાસ થાય તો જ સાચી કેળવણી મહાત્મા ગાંધીના મત પ્રમાણે; ''શિક્ષણનું સાચું કાર્ય બાળક અને પુખ્ત વ્યક્તિમાં જે શારીરિક, માનસિક કે આધ્યાત્મિક રીતે શ્રેષ્ઠ છે તેનો સર્વાંગી વિકાસ અદાણી વિદ્યામંદિર પોતાની ઓળખ ''શીખવાની જગ્યા અને વિકસવાનું સ્થળ'' તરીકે આપે છે. ઑગસ્ટ ૨૦૦૯માં શિક્ષણના અધિકારના કાયદા અંગે રાષ્ટ્રજોગ પ્રવચનમાં ડૉ. મનમોહનસિંઘે કહ્યું હતું; ''આપણે યુવાઓનું રાષ્ટ્ર છીએ, આપણાં બાળકો અને યુવાનોના આરોગ્ય, શિક્ષણ અને સર્જનશક્તિ ખીલવવાથી જ આપણો દેશ મજબૂત અને સુખી થશે. શિક્ષણ એ પ્રગતિની સાચી ચાવી છે. વ્યક્તિને શિક્ષણ સક્ષમ કરે છે. દેશને સશક્ત કરે છે. અંતમાં, ખૂબ માસૂમ વયે તાલિબાનની ગોળીથી ઘાયલ થયેલ મલાલા નામની કન્યાની હિંમતથી સૌ વાકેફ છીએ. નાની વયે નોબેલ પારિતોષિક જીતીને તેણીએ શિક્ષણ માટે સઘળું સહન કરવાની તૈયારી અને ભોગ આપવાની હિંમત દાખવી. તેના પર જીવલેણ હુમલો કરનાર તાલિબાનો અંગે તેણીએ જે કહ્યું તેનો મર્મ સમજવા જેવો છે.

''મારી ઇચ્છા તાલિબાનોને સજા કરીને બદલો લેવાની નથી, પણ હું ઇચ્છું કે તેમનાં સંતાનોને સારું શિક્ષણ મળે.'' અદાણી વિદ્યામંદિર આપણને એક નૂતન સમાજરચનાનો માર્ગ ચીંધે છે. વ્યક્તિ-વિકાસ સામેના અવરોધો દૂર કરીને એક મહાન રાષ્ટ્રના ઘડતર માટે સમાજના છેવાડાના પરિવારના વંચિત બાળકોને અનેરો અવસર આપે છે. આપણી પરંપરામાં વિદ્યાદાન – શ્રેષ્ઠ દાનની માન્યતાને સાકાર કરવામાં અદાણી વિદ્યામંદિરની સફળતા એક પ્રેરક ઘટના છે.

**પ્રવીણ ક. લહેરી**

**(સૌજન્ય** : 'નવગુજરાત સમય', 'રવિવાર સમય', અંતર્ગત 'મેઘધનુષ' સાપ્તાહિક કૉલમ, તા. ૩ જાન્યુઆરી, ૨૦૨૧, પૃ. ૯)

# આદર્શ શિક્ષક ભગુભાઈ સાહેબ

**તુલસીભાઈ પટેલ**

બે એક વરસ પહેલાંની વાત છે. મણુંદ (તા. પાટણ)ની બી. કે. અમીન હાઈસ્કૂલના ભૂતપૂર્વ શિક્ષકોનું સ્નેહમિલન પાટણ ખાતે યોજવામાં આવ્યું હતું. આ હાઈસ્કૂલના ભૂતપૂર્વ ક્લાર્ક મણિભાઈ પટેલ જેઓ હાલ અમેરિકાવાસી છે એમના તરફથી આયોજિત આ સ્નેહમિલનમાં ૨૭ શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. એમાં નિવૃત્ત શિક્ષક અને આચાર્યશ્રી ભગુભાઈ સાહેબ, હેમચંદભાઈ સાહેબ, ડૉ. મણિભાઈ પ્રજાપતિ વગેરે પણ હાજર રહ્યા હતા. સ્નેહમિલનમાં વાર્તાલાપ તથા ભોજન ઉપરાંત પાટણ આસપાસનાં દર્શનીય સ્થાનોની મુલાકાત પણ ગોઠવી હતી. વિવિધ સ્થળો જોઈને અમે બધા રાણકી વાવ જોવા આવ્યા. વાવમાં ઊતરવા-ચઢવાની કઠિનાઈનો વિચાર કરીને કેટલાક શિક્ષકો તો ઝાડની છાયામાં લૉન પર જ બેસી ગયા ! પરંતુ સૌથી વયોવૃદ્ધ ભગુભાઈ સાહેબ, જેઓ નેવું વરસની વય વટાવી ગયા હતા તેઓ વાવના છેલ્લા કોઠા સુધી સડસડાટ ઊતરીને પાછા ઉપર ચઢી ગયા ! એમની સાથે હું, મિત્ર પ્રભુદાસ તથા અન્ય શિક્ષકો હતા. અમે તો ઊતરતાં-ચઢતાં થાકી ગયા-હાંફી ગયા, પણ ભગુભાઈ સાહેબ તો જાણે સપાટ જમીન પર ચાલ્યા હોય ! ન થાક ન હાંફ ! આ જોઈને મને વિચાર આવ્યો કે સાહેબ શતાબ્દી તો રમતાં-રમતાં વટાવી જશે.

પરંતુ તા. ૧૬-૧૧-૨૦૨૦ના રોજ એમનું અવસાન થયું જાણીને આંચકો અનુભવ્યો ! બાણું વરસની વયે અવસાન દુઃખદ ન ગણાય; પરંતુ તેઓ શતાબ્દી વટાવી જશે એ આશા ખોટી પડ્યાનું દુઃખ થયું. સ્નેહમિલનના આ પ્રસંગે પછી એમના વિશે લેખ લખવા વિચાર્યું હતું, પરંતુ પ્રમાદવશ ઠેલાતું ગયું ને આજે શ્રદ્ધાંજલિ આપવાની વેળા આવી !

સાહેબનું પૂરું નામ ભગવાનદાસ મોહનદાસ પટેલ. એમનો જન્મ પીંઢારપુરા (જિ. મહેસાણા) જેવા નાના ગામમાં સાધારણ ખેડૂત પરિવારમાં થયો હતો. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ પૂરું કર્યા પછી વિસનગરની એમ. એન. કૉલેજમાં અભ્યાસ કરીને એમણે બી.એ.ની ઉપાધિ સન્ ૧૯૫૩માં પ્રાપ્ત કરી, અને એ વરસે મણુંદની બી. કે. અમીન હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયા. આ જ વરસે ફાઈનલ પાસ કરીને અમે મણિભાઈ, પ્રભુભાઈ, વિક્રમભાઈ, મોહનભાઈ, સુમતિ વગેરે મિત્રો હાઈસ્કૂલમાં આઠમા ધોરણમાં આવ્યા અને એસ.એસ.સી. સુધી સાહેબના હાથ નીચે ભણવાનો લાભ મળ્યો.

'સાદું જીવન અને ઉચ્ચ વિચાર' એ સાહેબનું જીવનસૂત્ર હતું. એમના વ્યક્તિત્વમાં આંજી નાંખે એવાં કોઈ લક્ષણ ન હતાં. પણ એ જ એમના વ્યક્તિત્વની વિશેષતા અને ખૂબી હતી. સાદાઈ અને સરળતા કેવી આકર્ષક હોઈ શકે એનું સાહેબ ઉદાહરણ હતા. ગામડામાં ખેડૂત પરિવારમાં ઊછરેલા એટલે એમનામાં પરિશ્રમ, કરકસર, સાદગી, નિખાલસતા સાવ સહજ હતાં. નહીં ગોરો, નહીં શ્યામ એવો ભીનો વાન તથા નહીં ઊંચું, નહીં નીચું એવું બેઠી દડીનું સ્વસ્થ શરીર ધરાવતા સાહેબના મુખ પર પ્રસન્નતાનો મલકાટ જોવા મળે. માથે સફેદ ટોપી, સફેદ પહેરણ અને સફેદ ધોતી એ એમની કાયમી વેશભૂષા હતી. આ સિવાય અન્ય પરિધાનમાં અમે એમને કદી જોયા નથી. સાદા પરિવેશમાં તેઓ આત્મીય લાગતા હતા. એમનું અંતરંગ વ્યક્તિત્વ પણ એકરંગી પરંતુ આદરપ્રેરક હતું.

પીંઢારપુરા અને મણુંદ વચ્ચે આશરે ચાર કિ.મી. અંતર હશે. સાહેબ નોકરી માટે પદયાત્રા કરતા, અર્થાત્ પગપાળા આવાગમન કરતા. વરસ દરમિયાન કાશીની જાતરા થાય એટલું તેઓ ચાલતા ! તેઓ ખૂબ જ નિયમિત હતા. કદી લેટ આવ્યા હોય એવું અમને યાદ નથી.

સાહેબ અમને ખાસ તો અંગ્રેજી અને ઇતિહાસ-સમાજવિદ્યા ભણાવતા. પૂરેપૂરી સજ્જતા અને નિષ્ઠાપૂર્વક ભણાવતા. એમની રજૂઆત સરળ છતાં સચોટ રહેતી. વિષયવસ્તુ પર પૂરું પ્રભુત્વ હોવાને કારણે

તેઓ કદી અસમંજસ ન અનુભવતા. પૂરા આત્મવિશ્વાસ સાથે તેઓ સરળ અને સ્પષ્ટ રજૂઆત કરતા. શિક્ષક માટે વિષયની સ્પષ્ટતા અને સજ્જતા મહત્ત્વપૂર્ણ ગુણ ગણાય, જે સાહેબમાં ભારોભાર હોઈ તેઓ એક આદર્શ શિક્ષક તરીકે આદર પામ્યા. આજે મૂલ્યશિક્ષણ પર ભાર મૂકવામાં આવે છે. સાહેબનું જીવન સ્વયં ઉચ્ચ મૂલ્યોનું જીવંત પ્રતિબિંબ હતું. વિદ્યાર્થીઓ પ્રત્યે તેઓ વ્યક્તિગત ધ્યાન આપતા. તેઓ સિલેબસ (પાઠ્યક્રમ)ને તો સંપૂર્ણ ન્યાય આપતા. ઉપરાંત ઉચ્ચ માનવીય મૂલ્યોનું મહત્ત્વ પણ સમજાવતા હતા.

શિસ્ત એક મહત્ત્વપૂર્ણ ગુણ છે. સાહેબ શિસ્તનો દૃઢ આગ્રહ રાખતા. શરીર સ્વાસ્થ્યને ખૂબ મહત્ત્વ આપતા. એ અંગેના કેટલાંક વિધાન અમને આજે પણ યાદ છે. તેઓ અવારનવાર કહેતા :

''વોક લાઇક વોરિયર ઍન્ડ સીટ લાઇક સોલ્જર''

અર્થાત્ યોદ્ધાની જેમ ચાલો અને સૈનિકની જેમ ટટ્ટાર બેસો.

વિદ્યાર્થીઓ ઢુલમુલ નહીં પણ ટટ્ટાર બેસે તેવો આગ્રહ રાખતા. અભ્યાસ માટે એકાગ્રતાનું મહત્ત્વ સમજાવતાં તેઓ કહેતા :

''વર્ક વ્હાઇલ યુ વર્ક ઍન્ડ પ્લે વ્હાઈલ યુ પ્લે;
ધેટ ઇઝ ધ વે ટુ બી હેપ્પી ઍન્ડ ગે.''

અર્થાત્ કામ કરવાના સમયે કામ કરો અને રમવાના સમયે રમો, એ સુખી અને પ્રસન્નતાનો રાજમાર્ગ છે.

વહેલા સૂવા અને વહેલા ઊઠવાના લાભ વિશે સમજાવતા :

''અર્લી ટુ બેડ ઍન્ડ અર્લી ટુ રાઇઝ;
મેઈક્સ મેન હેલ્ધી, વેલ્ધી ઍન્ડ વાઈઝ.''

અર્થાત્

''રાતે વહેલા જે સૂઈ, વહેલા ઊઠે વીર,
બળ, બુદ્ધિ અને ધન વધે, સુખમાં રહે શરીર.''

આ ઉપરાંત પણ તેઓ અવારનવાર સુંદર – ઉપયોગી સૂક્તિઓ રજૂ કરતા.

સાહેબ શિસ્તના ખૂબ આગ્રહી હતા. અલબત્ત, વિદ્યાર્થીઓ એમની આમન્યા જાળવતા તેથી વિદ્યાર્થીઓને ઠપકો આપવાનો પ્રસંગ ભાગ્યે જ આવતો. કદાચ ઠપકો આપવો પડે તો આપતા, પણ પછી હસી પડતા, તેથી એમનો ઠપકો પણ મીઠો લાગતો ! સન ૧૯૫૬માં મહાગુજરાતના આંદોલન વખતે વિદ્યાર્થીઓએ હડતાલ પાડી હતી, ત્યારે એમણે કેટલાક હોશિયાર વિદ્યાર્થીઓને બોલાવીને અમારા કૅરિયરની ચિંતા કરતાં અમને કહ્યું કે, આપણું પહેલું કર્તવ્ય વિદ્યાભ્યાસ છે. રાજકારણીઓના હાથા ન બનશો.

સાહેબની નિષ્ઠાની કદર કરીને કેળવણી મંડળે એમને બી. એડ્. કરવા માટે ડેપ્યૂટ કર્યા હતા. પોરબંદરની રામબા ટીચર્સ ટ્રેનિંગ કૉલેજમાં એક વરસની તાલીમ લઈને તેઓ શાળામાં હાજર થઈ ગયા હતા.

આજે 'પદ' પ્રાપ્ત કરવાની ઝંખના સર્વત્ર જોવા મળે છે, પરંતુ એમને 'પદ'નો મોહ બિલકુલ ન હતો. તેમને સિનિયોરિટી અનુસાર આચાર્યનું પદ પ્રાપ્ત કરવાનો પ્રસંગ એકવાર આવ્યો, પરંતુ એનો તેમણે ઇન્કાર કર્યો. કાયમી આચાર્ય ન નિમાય ત્યાં સુધી કાર્યકારી આચાર્ય તરીકે આપે ફરજ નિભાવી. તેઓ કહેતા : ''આચાર્યનો કાંટાળો તાજ શા માટે પહેરવો !'' આમ, તેઓ વ્યર્થ મહત્ત્વાકાંક્ષાથી પર વ્યવહારદક્ષ હતા.

સાહેબને સંતાનોમાં છ દીકરા. દરેકને ઉચ્ચ શિક્ષણ આપ્યું. ઉજ્જવળ કારકિર્દી થકી સંતાનોએ સમાજમાં પોતાનું તેમજ માતા-પિતાનું ગૌરવ વધાર્યું. સાહેબે સંતાનોને માત્ર ઉચ્ચ શિક્ષણ નહીં, ઉમદા સંસ્કારોનો વારસો પણ આપ્યો. અમૃતભાઈ અને વિનોદભાઈ સુરતમાં સ્થાયી થયા છે. અરવિંદભાઈ સિદ્ધપુરમાં વ્યવસાય સંભાળે છે. ડૉ. રમેશભાઈ પાલનપુર ખાતે અને ડૉ. વસંતભાઈ પાટણમાં સેવાની સુવાસ ફેલાવી રહ્યા છે. રોહિતભાઈ મહેસાણામાં સ્થિર થયા છે. એમણે મહેસાણાની નગરપાલિકાના પ્રમુખનું પદ દીપાવ્યું છે.

અમારા જેવા અનેકના ઘડતરમાં સાહેબનો અણમોલ ફાળો છે. તેઓ અમારા દિલ-દિમાગમાં વસી ગયા છે ! ૯૨ વર્ષની જૈફ વય, છતાં સુંદર સ્વાસ્થ્યના સંદર્ભમાં એમનું અવસાન અકાળે થયું એવું લાગ્યા કરે છે ! સદ્‌ગતના આત્માને પ્રણામપૂર્વક શ્રદ્ધાંજલિ !

**૧, ઉદયનગર સોસાયટી**
**પ્રશાંત સિનેમા પાસે, મહેસાણા.**
**મો. ૯૯૯૮૦૮૯૬૩૩**

વિશ્વ સાહિત્યની અટારીએથી

# નજીબ મહફુઝ (ઈજિપ્ત) [નોબલ પ્રાઇઝ વિજેતા : 1988]

(Naguib Mahfouz)

ડૉ. મનીષ વ્યાસ

વર્ષ ૨૦૧૧માં ઇજિપ્તની રાજધાની કેરો (Cairo, = અરેબિક અલ-કાહીરા) ખાતે અરેબિક સાહિત્યના ભીષ્મ પિતામહ નજીબ મહફુઝની જન્મશતાબ્દી ઉજવાઈ રહી હતી ત્યારે ઇજિપ્શન સાહિત્ય વિવેચક રાગા અલ-નકશે પૂછેલો પ્રશ્ન હજુ પણ અરેબિયન સાહિત્યકારોની નવીન પેઢીને મૂંઝવી રહ્યો છે. પ્રશ્ન હતો કે મહફુઝના વિશાળ સાહિત્યિક વારસાના પ્રભાવમાંથી બહાર નીકળીને નવી સાહિત્યિક રચનાઓ કેવી રીતે કરવી ? મહફુઝ એ સિદ્ધહસ્ત અને અરબ સાહિત્યના સૌથી પહેલા નોબલ પ્રાઇઝ વિનર લેખક તરીકે નવીન પેઢીના લેખકો માટે પ્રેરણાસ્રોત કે પછી આડખીલી આ વિશે ખૂબ જ સઘન ચર્ચા અને વિવાદો થવા એ સાહિત્યક ગોષ્ઠિઓમાં સામાન્ય બાબત હતી. કેરો ટ્રીલજી* (Cairo Trilogy) જેવી અમર કૃતિના સર્જકના મૃત્યુના ૧૪ વર્ષ બાદ પણ અરેબિયન સાહિત્ય હજુ Pre-Mahfouz અને Post-Mahfouz એમ બે સમયાવકાશમાં વહેંચાઈ ગયું છે. અલ-નકશના દાવા પ્રમાણે જે રીતે ચાર્લ્સ ડિકન્સ(Charles Dickens)ના મૃત્યુ પછી ઇંગ્લૅન્ડમાં, બાલ્ઝાક (Balzac)ના મૃત્યુ પછી ફ્રાંસમાં અને દોસ્તોએવસ્કિ (Dostoevsky)ના મૃત્યુ પછી રશિયામાં સાહિત્યનો દુકાળ પડ્યો અથવા કહો કે એક અપ્રવાહિતા (Stagnation)ની સ્થિતિનું નિર્માણ થયું હતું, તે જ રીતે મહફુઝની બહુપ્રસૂ (Porlific) સાહિત્યિક નીપજે અરેબિક સાહિત્યની સરિતાને થંભાવી દીધી હોય તેમ કહી શકાય. આજે મહફુઝને માત્ર એક મહાન અરેબિક સાહિત્યકાર તરીકે જ ઓળખવામાં નથી આવતા, પરંતુ અરેબિક નવલકથાના પ્રણેતા તરીકે વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. પ્રાશ્ચાત્ય સાહિત્ય રસિકો, વાચકો અને વિવેચકોને અરેબિક સાહિત્યના ઊંડાણ અને ઊર્મિઓનું રસાસ્વાદ સૌપ્રથમ મહફુઝે કરાવ્યું હતું, એમ કહેવું જરા પણ અતિશયોક્તિપૂર્ણ નથી.



૭૦ વર્ષની સુદીર્ઘ સાહિત્યિક કારકિર્દીમાં ૩૪ નવલકથાઓ, ૩૫૦થી વધુ ટૂંકી વાર્તાઓ, આશરે ડઝનેક જેટલી ફિલ્મની પટકથાઓ (Scripts), ૧૦૦થી પણ વધારે વર્તમાનપત્રોમાં લેખો અને ૫ નાટકો લખનાર નજીબ મહફુઝનો જન્મ ૧૯૧૧માં જૂના કેરો શહેરમાં નિમ્ન મધ્યમવર્ગીય ઇજિપ્શન મુસ્લિમ કુટુંબમાં થયો હતો. મહફુઝના પિતા અઝીઝ ઇબ્રાહીમ સરકારી સેવામાં કાર્યરત હતા, જ્યારે માતા ફાતિમા એક અભણ, પરંતુ સુસંસ્કૃત અને સુધારાવાદી ગૃહિણી હતાં. મહફુઝનું કુટુંબ ઇસ્લામી પરંપરાને ચુસ્તપણે અનુસરતું હતું. ધાર્મિક રીતિ-રિવાજોનું પાલન એટલી સખ્તાઈથી કરવામાં આવતું હતું કે મહફુઝે એક ઇન્ટરવ્યૂમાં કહેલું કે મારા કુટુંબમાંથી આગળ જતાં કોઈ લેખક કે artist બનશે તેવી તો કલ્પના પણ ન થઈ શકે. ફક્ત ૭ વર્ષની વયે મહફુઝે ૧૯૧૯ની ઇજિપ્તની આઝાદી માટેની ક્રાંતિને નજરે જોઈ હતી. ઘરની ખિડકીમાંથી બ્રિટિશ સૈનિકો દેશવાસીઓ ઉપર અંધાધૂંધ ગોળીઓ વરસાવી રહ્યા હતા, તે દશ્ય મહફુઝના કુમળા મનોચિત્ત ઉપર સદાને માટે અંકિત થઈ ગયું હતું. માધ્યમિક શિક્ષણ પૂરું કર્યા બાદ મહફુઝે ૧૯૩૦માં ઇજિપ્શન યુનિવર્સિટી (જે હાલ કેરો વિશ્વ વિદ્યાલય તરીકે ઓળખાય છે)માં પ્રવેશ લીધો જ્યાં તેઓ તત્ત્વજ્ઞાન વિષય સાથે સ્નાતક થયા. સ્નાતકની પદવી પ્રાપ્ત કર્યાના બે વર્ષ બાદ

૧૯૩૬માં એમ. એ.નો અભ્યાસ અધૂરો મૂકીને મહફૂઝે પૂર્ણ સમયના લેખક તરીકે હાથ અજમાવવાનું નક્કી કર્યું. કૉલેજ કાળથી મહફૂઝ ઉત્સાહી વાચક હતા. હાફિઝ નજીબ (Hafiz Najib), તાહા હુસૈન (Taha Hussain) અને સલમા મુસા (Salama Mussa) જેવા મૂર્ધન્ય સાહિત્યકારોની ઊંડી છાપ મહફૂઝ ઉપર જોવા મળે છે. યુનિવર્સિટીના ટૂંકા અભ્યાસ બાદ મહફૂઝે અલ-હીલાલ (Al-Hilal) અને અલ-અહરમ (Al-Ahram) નામના મૅગેઝિનમાં ટૂંકી વાર્તાઓ લખવાનું શરૂ કર્યું. એમટર (Amateur) લેખન-પ્રક્રિયાની સાથે-સાથે મહફૂઝ જાહેર જીવનના ક્ષેત્રો સાથે લગભગ ૬૦ વર્ષ સુધી સંકળાયેલા હતા. ઇજિપ્શન સિવિલ સર્વિસમાં અનેકવિદ હોદ્દાઓ ઉપર તેઓ કાર્યરત હતા, જેમાં મુખ્યત્વે મિનિસ્ટ્રી ઑફ ઇસ્લામિક એંડાઉમેન્ટ્સ (Ministry of Endowments) ખાતે પાર્લમેન્ટરી સેક્રેટરી તરીકેની તેમની સેવાનો સમાવેશ કરી શકાય.

પાશ્ચાત્ય જગતનો કેરો સાથેનો દૃઢ સંબંધ મહફૂઝની કૃતિઓને આભારી છે. જૂના કેરો શહેરની વિવિધતા, સમય સાથે બદલાતી જતી શહેરની સ્કાયલાઇન, આધુનિકતા અને વૈવિધ્યતાની સ્થાનિક સંસ્કૃતિ ઉપરની અસર - આ બધું મહફૂઝની શરૂઆતની નવલકથાઓ જેવી કે અબાથ અલ-અકદર (Mockery of the Fates) (૧૯૩૯), Rhadopis (૧૯૪૩) અને The Struggle of Thebes (૧૯૪૪)માં જોવા મળે છે. મહફૂઝની સાહિત્યિક કારકિર્દીની શરૂઆતનાં આ લખાણો ઐતિહાસિક નવલકથાઓ તરીકે પણ ઓળખવામાં આવે છે, જેના ઉપર અંગ્રેજી નવલકથાકાર સર વૉલ્ટર સ્કૉટ (Sir Walter Scott)ની સ્પષ્ટ અસર જોઈ શકાય છે. આ નવલકથાઓ લખવા પાછળનો લેખકનો ઉદ્દેશ ત્રીસ જેટલાં પુસ્તકોમાં ઇજિપ્તનો સમગ્ર ઇતિહાસ સમાવવાનો હતો, અલબત્ત, ત્રીજી નવલકથાના પ્રકાશન બાદ ઇજિપ્તની બદલાતી જતી સામાજિક અને રાજકીય વ્યવસ્થા અને સામાન્ય લોકોના માનસપટ પર એની અસર ઉપર મહફૂઝનું ધ્યાન અને લેખન બંને કેન્દ્રિત થયું, જેના પરિણામે મહફૂઝે આ યોજના પડતી મૂકી.

વીસમી સદીના ઉત્તરાર્ધમાં મહફૂઝે લખેલી કૃતિઓમાં ઇજિપ્તની સામાજિક વ્યવસ્થા કેન્દ્રસ્થાને રહેલી છે. બીજા શબ્દોમાં કહીએ તો મહફૂઝ ક્યારેય પોતાની કૃતિઓમાં ઇજિપ્તની બહાર ગયા જ નથી. આ એ સમય હતો જ્યારે ઇજિપ્ત પૂર્વ અને પશ્ચિમની સાંસ્કૃતિક અને બૌદ્ધિક અસરના દ્વંદ્વ હેઠળ હતું. આ સમયગાળામાં એક લેખક તરીકે મહફૂઝ ઇજિપ્તની અને ખાસ કરીને ઇસ્લામી રૂઢિચુસ્તતાને લલકારતાં લખાણોમાં વિવાદાસ્પદ અને નિષિદ્ધ વિષયવસ્તુઓ જેવી કે સમાજવાદ, સમલૈંગિક સંબંધો, ઇસ્લામિક સિદ્ધાંતો અને પશ્ચિમના દેશોની આધુનિક વૈજ્ઞાનિક શોધો અને તેમાંથી નીપજતી વિચાર વ્યવસ્થા વચ્ચેના સંઘર્ષની ચર્ચા કરે છે. અલબત્ત, આ ચર્ચાઓ ઇજિપ્તમાં પ્રતિબંધિત હતી. આ સંદર્ભમાં મહફૂઝની કેરો ટ્રીલજી (Cairo Trilogy) કેન્દ્રસ્થાને છે, જે ૧૯૫૦માં પ્રકાશિત થઈ હતી. ત્રણેય કૃતિઓ અનુક્રમે Palace Walk, Palace of Desire અને Sugar Street તરીકે પણ ઓળખાય છે. આ કૃતિઓનું ઘટના સ્થળ (locale) જૂનું કેરો શહેર છે જેનાથી લેખક પોતાની તરુણાવસ્થામાં સ્વયં પરિચિત રહ્યા હતા. વળી, આ કૃતિઓનાં શીર્ષક પણ કેરો શહેરના પ્રખ્યાત વિસ્તારોનાં નામ ઉપરથી લેવામાં આવ્યાં છે. પ્રસ્તુત ટ્રીલજી અલ-સયીદ અહમદ અબ્દ અલ-જાવાદ અને તેની ત્રણ પેઢીને ૧૯૧૯ (ઇજિપ્શન ક્રાંતિનું વર્ષ)થી લઈને ૧૯૪૪ (બીજા વિશ્વયુદ્ધનો અંત) સુધીના ચોવીસ વર્ષના લાંબા સમયગાળાને આવરી લે છે. સ્વાભાવિક છે કે અઢી દસકાના આ સમયમાં ત્રણ પેઢીના વૃત્તાંત થકી મહફૂઝ વીસમી સદીના પૂર્વાર્ધનાં વર્ષોની ઇજિપ્તના સામાજિક અને રાજકીય ઘટનાક્રમોનું વર્ણન પાત્રાલેખન થકી જોવા મળે છે. અબ્દ અલ-જાવાદનો સૌથી યુવા પુત્ર કમાલ (Kamal) અને મહફૂઝ વચ્ચે ઘણું સામંજસ્ય જોવા મળે છે. અબ્દ અલ-જાવાદ ઇજિપ્તની જૂની-પુરાણી રૂઢિચુસ્ત સામાજિક વ્યવસ્થાની નીપજ છે. જ્યારે કમાલ વીસમી સદીના શિક્ષિત અને આધુનિક યુવાવર્ગનો પ્રતિનિધિ છે, જે પરંપરાગત રૂઢિઓ અને પ્રણાલીઓ વિશે સંદેહ કરે છે. અલબત્ત, મહફૂઝનો યુવા નાયક બંડખોર કે વિદ્રોહી જરા પણ નથી. કમાલના પાત્રાલેખન દ્વારા મહફૂઝ પોતાના સમાજને જણાવવા માગે છે કે સામાજિક પ્રગતિ માનવસમાજની ક્રમિક ઉત્ક્રાંતિનો એક અવિભાજ્ય અંગ છે. બીજા શબ્દોમાં કહીએ તો આ ટ્રીલજીમાં 'સમય' પુનઃ આવર્તન પામતો વિચાર (leitmotif) કે તત્ત્વ છે, જેના થકી આ સામાજિક બદલાવ સંભવિત બને છે. મહફૂઝની આ ટ્રીલજી ઉપરથી એ પણ ફલિત થાય છે કે મહફૂઝ સમાજલક્ષી (socially

oriented) લેખક છે. જેના માટે કેરો શહેર સમગ્ર ઇજિપ્ત રાષ્ટ્રનું લઘુરૂપ (microcosm) છે. આ ટ્રીલજી ઉપર માર્સલ પૃસ્ટ (Marcel Proust), ફ્રેંઝ કાફકા (Franz Kafka) અને જેમ્સ જોયસ (James Joyce) જેવા પાશ્ચાત્ય સાહિત્યકારોની છાંટ વર્તાય છે.

કેરો ટ્રીલજીના પ્રકાશનના લગભગ આઠેક વર્ષ સુધી મહફુઝે લખવાનું બંધ કર્યું. ઇજિપ્તના બીજા રાષ્ટ્રપતિ ગમાલ અબ્દાલ નાસર (Gamal Abdel Nasser)ના શાસનમાં ૧૯૫૨માં રાજાશાહીનો અંત આવ્યો અને ૧૯૫૯થી મહફુઝે અનેકવિધ સાહિત્યરચનાઓ જેવી કે નવલકથાઓ, ટૂંકી વાર્તાઓ, પત્રકારત્વ, સંસ્મરણો, નિબંધો અને પટકથાઓ લખવાનું શરૂ કર્યું. ૧૯૬૬માં પ્રકાશિત થયેલી 'Adrift on the Nile' આ સમયગાળાની સૌથી લોકપ્રિય કૃતિ ગણાય છે, જેના ઉપરથી અનવર અલ-સદાત (Anwar Al-Sadat)ના સમયમાં 'Chitchat on the Nile' નામની ફિલ્મ બની હતી. આ નવલકથામાં નાસરના શાસનકાળમાં થયેલી ઇજિપ્તની પડતીની ટીકા થયેલી છે. નાગરિકો સરકાર વિરુદ્ધ થઈ જશે તેવા ડરથી તત્કાલીન સદાત સરકાર દ્વારા આ નવલકથા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, જે ૧૯૯૦ના દસકાના પૂર્વાર્ધ સુધી રહ્યો હતો. આ જ સમયગાળામાં પ્રકાશિત થયેલી અન્ય એક કૃતિ 'The Children of Gebelawi' 'અલ-અહરમ' (Al-Ahram) વર્તમાનપત્રમાં હપતાવાર પ્રકાશિત થઈ હતી. આ નવલકથા ૧૯૬૦ના દસકાની સૌથી વિવાદાસ્પદ નવલકથા હતી, જેના ઉપર ઇસ્લામી કટ્ટરપંથીઓએ તત્કાલ પ્રતિબંધ મૂકી દીધો હતો. આ નવલકથાનો વિરોધ એ હદે ચાલ્યો હતો કે તેની સૌ પ્રથમ અંગ્રેજી ભાષાંતરીત આવૃત્તિ છેક બાવીસ વર્ષ બાદ ૧૯૮૧માં બહાર પડી હતી. ૧૯૮૯માં ઇસ્લામિક આતંકવાદી ગ્રૂપ અલ-જમા અલ-ઇસ્લામિયા (Al-Jam'a al-Islamiya)ના ખૂંખાર આતંકવાદી વડા અબ્દલ રહમાન (Abdel Rahman) પ્રેરિત કેટલાક કટ્ટરપંથીઓએ આ નવલકથાથી રોષે ભરાઈને મહફુઝ ઉપર કેરો શહેરમાં જીવલેણ હુમલો કર્યો હતો. આ હુમલામાં મહફુઝ માંડ-માંડ બચી ગયા; પરંતુ ગરદનમાં ખંજર વાગવાથી થતી પીડા અને દર્દ તેઓ મૃત્યુપર્યંત સહન કરતા રહ્યા. આ નવલકથામાં યહૂદી, ખ્રિસ્તી અને ઇસ્લામ એમ ત્રણે એકેશ્વરવાદી ધર્મની એકસૂત્રતાની તુલના કરવામાં આવી છે. સ્વાભાવિક છે કે રૂઢિચુસ્ત અરબ સમાજમાં રહેલા કટ્ટરપંથીઓ પોતાના ધર્મની તુલના યહૂદી ધર્મ સાથે કેવી રીતે સાંખી શકે? અને એ પણ એવા સમયે કે જ્યારે ઇઝરાયેલ અને આરબ દેશો વચ્ચે બાપે માર્યા વેર હોય. કટ્ટરપંથીઓ મહફુઝ ઉપર નારાજ થયા એનું અન્ય એક કારણ એ પણ હતું કે આ નવલકથામાં કેન અને એબલ (Cain and Abel), મોઝિઝ (Moses), જિસસ અને મોહંમદને ગેબેલાવીના સંતાનો તરીકે વર્ણવવામાં આવ્યા છે. સ્પષ્ટ છે કે એકેશ્વરવાદમાં માનનાર આ ધર્મોએ મહફુઝની આ સુધારાવાદી કૃતિને જાકારો આપ્યો. આ જ કથાવસ્તુને આગળ ધપાવતા મહફુઝે ૧૯૬૧માં 'The Thief and the Dogs' નામની અસ્તિત્વવાદી (existential) નવલકથા લખી. ૧૯૬૦ અને ૧૯૭૦ના દસકામાં લખાયેલી કૃતિઓમાં મહફુઝે આઇરિશ લેખક જેમ્સ જોયસ (James Joyce)ની interior monologue પદ્ધતિનો બહોળો ઉપયોગ કર્યો છે. આ શ્રેણીમાં 'Miramar' (૧૯૬૭), 'Arabian Nights and Days' (૧૯૮૧), 'The Journey of Ibn Fatouma' (૧૦૮૩) અને 'Akhenaten : Dweller in Truth' (૧૯૮૫) કૃતિઓ નોંધપાત્ર છે.

મહફુઝની મહત્તમ સાહિત્ય કૃતિઓમાં રાજકારણ કેન્દ્રસ્થાને રહેલું છે. આનું એક કારણ કદાચ એ પણ હોય કે મહફુઝે એવા સમયે સાહિત્ય સર્જન કર્યું છે જ્યારે ઇજિપ્ત રાજકીય, સામાજિક અને આર્થિક અંધાધૂંધીમાંથી પસાર થઈ રહ્યું હતું. આ બધાં પરિબળોથી સાહિત્ય કેવી રીતે અલિપ્ત રહી શકે ? આ બધી અનિશ્ચિતતા વચ્ચે સાહિત્ય સર્જકનું કામ જીવન અને સમાજ વ્યવસ્થા માટે નિશ્ચિત માર્ગ શોધવાનું હોય છે. ક્યારેક આ માર્ગ અંધાધૂંધી અને અનિશ્ચિતતામાંથી જ નીકળતો હોય છે, તો ક્યારેક ક્રાંતિકારી ઢબે તદ્દન નવીન રાજકીય વ્યવસ્થામાંથી. આગળ જોયું એ પ્રમાણે મૃત્યુનો ફતવો જાહેર થયા બાદ પણ મહફુઝે ક્યારેય કેરો શહેર કે ઇજિપ્તમાંથી સ્થળાંતર કરીને અન્ય દેશમાં વસવાટ કર્યો નહીં. આ જ સમન્વય કે synthesis તેમનાં લખાણોમાં ઉજાગર થાય છે. જીવનપર્યંત તેમનો ઝોક સમાજવાદ અને લોકશાહી આદર્શો તરફ હતો, તો બીજી તરફ જીવનના ઉત્તરાર્ધમાં તેઓની વિચારધારા નિરાશાવાદી અને અસ્તિત્વવાદી હતી. ૧૯૫૦ના દસકામાં થોડો સમય સૂફી

રહસ્યવાદનો પ્રયોગ પણ સાહિત્યમાં કર્યો, જેનો મુખ્ય ઉદ્દેશ વિજ્ઞાન દ્વારા અનુત્તર રહેલા અધ્યાત્મવિદ્યા (metaphysical)ને લગતા પ્રશ્નોનું સમાધાન શોધવાનો હતો. બીજી તરફ રૂઢિચુસ્ત કુટુંબમાં ઉછેર થયો હોવા છતાં ઇસ્લામિક કટ્ટરતાના પણ તેઓ એટલા જ વિરોધી હતા. ભારતીય મૂળના પ્રસિદ્ધ લેખક સલમાન રશ્દીની નવલકથા 'The Satanic Verses'થી રોષે ભરાઈને લેખક વિરુદ્ધ જ્યારે ઈરાનના વડા આયાતોલ્લાહ ખોમેની (Ayatollah Khomeini)એ ૧૯૮૯માં ફતવો બહાર પાડ્યો ત્યારે મહફૂઝે બૌદ્ધિકોની રેલીમાં તેનો જાહેરમાં વિરોધ કર્યો હતો. જોવાની ખૂબી એ છે કે મહફૂઝ પોતે આ નવલકથાના કેટલાક અંશને લઈને રશ્દી સાથે સહમત નહોતા; પરંતુ સાહિત્યની મૌલિક સ્વતંત્રતાનું કોઈ પણ ભોગે રક્ષણ થવું જ જોઈએ એમ પણ એ સ્પષ્ટપણે માનતા હતા, સાહિત્યનું નોબલ પ્રાઇઝ મેળવનાર તેઓ સૌપ્રથમ અરેબિક લેખક હતા. જેમની તમામ કૃતિઓ માત્ર અને માત્ર અરેબિક ભાષામાં જ લખાયેલી છે. ૧૯૮૮માં આ ઇનામ મળવાની સાથે તેમની કૃતિઓ વિશ્વભરના વાચક વર્ગ સુધી પહોંચી. તેઓએ પોતે પણ એમ કહેલું કે અરેબિક સાહિત્ય વિશ્વના ખૂણેખૂણા સુધી પહોંચી શક્યું તેનું શ્રેય નોબલ પ્રાઇઝને જાય છે. અરેબિક સાહિત્ય અને તેની સાથે-સાથે ઇજિપ્તને ગૌરવ બક્ષનાર આ મૂર્ધન્ય લેખક ૩૦ ઑગસ્ટ, ૨૦૦૬ના રોજ ૯૪ વર્ષની જૈફ વયે પોતાની જન્મભૂમિ અને કર્મભૂમિ એવા કેરો શહેરમાં અવસાન પામ્યા.

ટ્રીલજી - અરસપરસ સંબંધ ત્રણ સાહિત્યિક કૃતિઓનું જૂથ

**નોંધ :** મહફૂઝની તમામ કૃતિઓ મૂળતઃ અરેબિક ભાષામાં લખાયેલી હતી, આથી તેમની જે કૃતિઓ હાલ અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ છે, તે તમામનું અનુવાદન સમયાંતરે અલગ-અલગ ભાષાંતરકારો દ્વારા કરવામાં આવ્યું છે.

**Further Reading**


Naguib Mahfouz. Arabian Nights and Days. Trans. Denys Johnson-Davis, Anchor, 1995

—. The Cairo Trilogy. Trans. William H. Maynard, Everyman, 2001.

—. The Meaning of Civilization: Essays on Culture, REligion and Politics. Trans. Alan Byrne, Speaking Tiger Publishing Pvt Ltd., 2017

—. Karnak Cafe. Trans. Roger Allen, Tara Press, 2008

—. Akhenaten : Dweller in Truth. Trans. Tagreid Abu-Hasabo, RHUS, 2000.

—. Children of Gebelawi. Trans. Philip Stewart, RHUS, 1996

—. Miramar. Trans. Fatma Moussa Mahmoud, Achor, 1992

El-Enany, Rasheed. Naguib Mahfouz : The Pursuit of Meaning. Routledge, 1003

Gordan, Haim. Naguib Mahfouz's Egypt : Existential Themes in His Writing. New York; Greenwood Press, 1990


**Best Quotes from Naguib Mahfouz**

"We used the western style to express our own themes and stories. But don't forget that our heritage includes the Thousand and One Nights."

("આપણાં વિષય-વસ્તુ અને કથાનકોનું વર્ણન કરવા માટે આપણે પાશ્ચાત્ય શૈલીનો ઉપયોગ કરતાં આવ્યા છીએ; પરંતુ આપણે એ ન ભૂલવું જોઈએ કે એક હજાર અને એક વાર્તાઓ આપણને વારસામાં મળેલી છે.")

"If the urge to write should ever leave me, I want that day to be my last."

("હું ઇચ્છું છું કે જે દિવસે લખવાની અંતઃપ્રેરણા બંધ થઈ જશે તે દિવસ મારો અંતિમ દિવસ હોય.")


**ડૉ. મનીષ વ્યાસ**
એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ,
સેક્ટર/૧૫, ગાંધીનગર-૩૬૨-૧૬
મો. ૯૪૨૮૦૪૭૪૬૩

# રાજ્યની બંધારણીય જવાબદારી અને લૉકડાઉન

ડૉ. કમલેશ જોષીપુરા

લૉકડાઉનમાં બંધારણીય આયામ અને મૂળભૂત અધિકારોનાં ન્યાયશાસ્ત્ર (Jurisprudence) સંદર્ભે એક ખૂબ જ રસપ્રદ બાબત નિષ્પન્ન થઈને આવેલ છે. ભારતીય બંધારણમાં અનુચ્છેદ ૨૧માં જીવન જીવવાના અધિકારો અંતર્ગત મૂળભૂત અધિકાર બક્ષવામાં આવેલ છે. ક્રમે-ક્રમે આ જોગવાઈનો વ્યાપ અને વિસ્તાર વધતો ગયો જેનો મુખ્ય આધાર ન્યાયિક વલણ અને સીમાચિહ્નરૂપ ચુકાદાઓ છે, જે મુજબ જીવન જીવવાનાં અધિકારની વ્યાખ્યામાં દરજ્જાયુક્ત જીવન, શિક્ષણ, આશ્રય, આહારની સાથે પ્રજાનાં આરોગ્યને કેન્દ્રવર્તી સ્થાન આપવામાં આવ્યું છે અને પ્રજાના આરોગ્ય સંદર્ભે સરકારની (Positive Responsibility) વિધાયક-સક્રિય જવાબદારીનો સિદ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. આ તત્ત્વાવધાનમાં અનુચ્છેદ ૨૧ અંતર્ગત પ્રત્યેક નાગરિકનાં ''નિરામય આરોગ્ય સાથે જીવન જીવવાનાં'' સિદ્ધાંત અંતર્ગત લૉકડાઉનની બંધારણીય યોગ્યતા પ્રસ્થાપિત થાય છે. અનુચ્છેદ ૨૧ અંતર્ગત વિધાયક જવાબદારી અને અનુચ્છેદ ૧૯ અંતર્ગત પ્રજાહિતમાં સક્ષમ કાનૂની પ્રાવધાન સાથે વાજબી અંકુશની બંધારણીય વ્યવસ્થા ધારા લૉકડાઉન સંપૂર્ણ રીતે બંધારણીય રીતે યોગ્ય જ નહીં; પરંતુ તેનાથી આગળ (Consitutional Wisdom) બંધારણીય દીર્ઘદષ્ટિવાળું પ્રજાહિતનું પગલું છે.

ભારતીય બંધારણનાં આમુખમાં લોકતાંત્રિક, પ્રજાસત્તાક સહિતની સંકલ્પનાઓ સાથે રાજકીય-આર્થિક-સામાજિક ન્યાયની સંકલ્પના કરવામાં આવેલ છે. વર્તમાનમાં સામાજિક ન્યાયનો સંદર્ભ વધુ પ્રસ્તુત બનેલ છે. સર્વોચ્ચ અદાલતે વિન્સેન્ટ વિરુદ્ધ ભારત સરકાર, સ્ટેટ ઑફ પંજાબ વિરુદ્ધ મોહિન્દરસીંઘ, સ્પ્રિંગ મેડો હૉસ્પિટલ વિરુદ્ધ હુરજલ (૧૯૯૮ - SC ૧૮૧૦_ સહિત અનેક કેસોમાં અનુચ્છેદ ૨૧ અંતર્ગત પ્રજાની સુખાકારી અને નાગરિક જીવનને લાભદાયક બને તેવા કાયદાઓ ઘડી કાઢવા હિમાયત કરેલ છે.

લૉકડાઉનનો હેતુ દેશનાં પ્રત્યેક નાગરિકોને કોરોના મહામારીથી બચાવવાનો છે, એટલે કે નિરામય આરોગ્ય સાથે જીવન જીવવાના અધિકારનું રક્ષણ કરવા અર્થેનો છે. દિલ્હી ખાતે સ્થળાંતરિત શ્રમિકોનાં સંદર્ભે કરાયેલ જાહેર હિતની અરજી દરમિયાન પણ કોરોના મહામારી સંદર્ભે સરકાર દ્વારા કરાઈ રહેલ પ્રયત્નો અને લેવાયેલા નિર્ણયો સંદર્ભે વિપરીત અસર થાય તેવી કોઈ પણ ટિપ્પણીથી દૂર રહી માત્ર અહેવાલ માગ્યો છે.

ભારતીય બંધારણમાં જીવન જીવવાનો અધિકાર અનુચ્છેદ ૨૧ના સંદર્ભમાં ભારત દેશના ન્યાયતંત્રની ભૂમિકા અંગે દષ્ટિપાત કરવો આ તકે ખૂબ જ પ્રસ્તુત બની રહેશે. ભારતીય બંધારણના મૂળભૂત અધિકારોના ક્ષેત્રમાં અનુચ્છેદ ૨૧નો સરળ અર્થ વ્યક્તિને તેનાં જીવન જીવવાના અધિકારથી વંચિત કરી શકાય નહિ, એટલે કે કંઈક અંશે વિધાયક (Positive)ને બદલે વંચિત નહીં કરવાના સદર્ભે હતો, પરંતુ મેનકા ગાંધી વિરુદ્ધ યુનિયન ઑફ ઇન્ડિયા (AIR 1978 SC 579)માં સર્વોચ્ચ અદાલતે ઐતિહાસિક રીતે વલણ લઈ અને અનુચ્છેદ ૨૧નો વ્યાપ, વિસ્તાર અને ક્ષેત્રાધિકાર વધારી અનુચ્છેદ ૨૧ માત્ર પ્રક્રિયાત્મક કાનૂની પ્રક્રિયા નહીં; પરંતુ જીવન જીવવાનાં સંદર્ભમાં પ્રત્યેક બાબત આવરી લઈ અને અનુચ્છેદ ૨૧નાં મૂળભૂત અધિકારને ખૂબ જ અસરકારક એવો કાનૂની અધિકાર બનાવ્યો. આ ચુકાદાનાં પરિણામ સ્વરૂપ જ માત્ર જીવન જીવી જવું તેવું નહીં; પરંતુ ખુમારીભર્યું, આરોગ્યપ્રદ, આનંદમય,

દરજ્જાયુક્ત જીવન જીવવાના અધિકાર સુધી અનુચ્છેદ ૨૧નો વ્યાપનો વિસ્તાર કર્યો, પરિણામસ્વરૂપ શિક્ષણનો અધિકાર, આજીવિકાનો અધિકાર સહિતનાં આયામોનો ઉમેરો થયો. આમ અનુચ્છેદ ૨૧નો વિસ્તાર વધતાં રાજ્યનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતો કામ મેળવવાનો અધિકાર (અનુચ્છેદ ૪૧), નિર્વાહ વેતન (અનુચ્છેદ ૪૩) પર્યાવરણ તથા વન્યપ્રાણી રક્ષા (અનુચ્છેદ ૪૮-A) અને મૂળભૂત અધિકારોનો સમન્વયાત્મક ઉપક્રમ અને વિસ્તાર આગળ વધ્યો છે.

સર્વોચ્ચ અદાલતે વીન્સેન્ટ વિરુદ્ધ યુનિયન ઑફ ઇન્ડિયામાં સુવિખ્યાત સંસ્કૃત વાક્ય "**शरीरमाध्यम खलु धर्म साधनम्**"એટલે કે પ્રત્યેક ધર્મ પ્રવર્તન માટે પણ (Physical Body) શરીરનું સ્વસ્થ રહેવું એ આવશ્યક બાબત ગણી છે.

ખૂબ જ રસપ્રદ બાબત એ છે કે આરોગ્ય-તંદુરસ્તીનો અધિકાર અનુચ્છેદ ૨૧ અંતર્ગત સમાવિષ્ટ કરવામાં આવેલ છે. જાહેર આરોગ્યની જાળવણી, સંવર્ધન સુવિધા તેમજ પ્રત્યેક નાગરિકને સારવારની સંપૂર્ણ જવાબદારી "State" એટલે કે રાજ્યને આપવામાં આવેલી છે, આ તત્ત્વાવધાનમાં આપણે કલ્યાણ રાજ્યની કલ્પનાને મૂર્તિમંત કરવાની સંકલ્પના કરેલ છે, એટલું જ નહીં; પરંતુ આરોગ્ય સંભાળનો સંદર્ભ સામાજિક ન્યાય સાથે જોડવામાં આવેલ છે.,

માનવ અધિકારની વૈશ્વિક સંકલ્પના તેમજ ઘોષણાઓ ઉપર દૃષ્ટિપાત કરીએ તો ઇન્ટરનેશનલ કોવોનન્ટ ઑન સિવિલ એન્ડ પોલિટિકલ રાઇટ્સ (ICCPR) આર્ટિકલ ૬ મુજબ રાજ્ય દ્વારા જનસુખાકારીનાં વ્યાપક સંદર્ભમાં નાગરિકોનાં આરોગ્ય સંદર્ભે (Positive Responsibility)વિધાયક જવાબદારી છે. આવો જ બીજો મહત્ત્વનો દસ્તાવેજી સ્વરૂપ મુસદ્દો એટલે ઇન્ટરનેશનલ ઇકોનોમિકલ (આર્થિક), સોશિયલ (સામાજિક) એન્ડ કલ્ચરલ (સાંસ્કૃતિક) અધિકારોમાં વધારે સ્પષ્ટતાપૂર્વક આર્ટિકલ ૨૧ અને આર્ટિકલ ૨૪માં પ્રત્યેક નાગરિકનાં મનો-શારીરિક આરોગ્ય (Physical and Mental Health)ની પૂરી કાળજી લેવાની સાથે જરૂરી તમામ વ્યવસ્થાઓ નિષ્પન્ન કરવા રાજ્યને જવાબદારી આપવામાં આવી છે.

Right to Health (આરોગ્યનો અધિકાર) જીવન જીવવાના અધિકાર સાથે આમેજ કરવાની સાથોસાથ વાજબી ભાવે દવાઓ (ભારતીય જન ઔષધિ ભંડાર), વીમા ક્વચ (આયુષ્યમાન ભારત સહિતની યોજનાઓ), કામના સ્થળે આરોગ્ય સેવા જેવી બાબતોનો સમાવેશ આ જ શીર્ષકમાં થાય છે.

સમગ્ર રીતે વર્તમાન પરિપ્રેક્ષ્ય એટલે કે લૉકડાઉનનો નિર્ણય અનુચ્છેદ ૨૧ જીવન જીવવાનાં અધિકાર સંદર્ભે રાજ્યની વિધાયક જવાબદારીના ભાગરૂપ છે.

અનુચ્છેદ ૨૧ ઉપરાંત વિવિધ પ્રકારનાં સ્વાતંત્ર્ય સંદર્ભે અનુચ્છેદ ૧૯ અંતર્ગતની વિવિધ જોગવાઈઓનું આજ કાલ પ્રચલિત 'થર્મલ ચેકિંગ' કરતાં પ્રથમ દૃષ્ટિથી જ લૉકડાઉન અંતર્ગત નિયંત્રણો લાદવાનાં સરકારનાં નિર્ણયને બંધારણ દ્વારા પૂર્ણ સમર્થન મળે છે, એટલું જ નહિ વૈશ્વિક સ્તરે નિર્ણય પાછળ મક્કમ રાજકીય ઇચ્છાશક્તિનું દર્શન સમગ્ર ભારત દેશ બતાવી શકેલ છે.

બીજો સંદર્ભ અનુચ્છેદ ૧૯નો છે. જેમાં દેશમાં મુક્ત વિચરણ-હરવા ફરવાનો અધિકાર અનુચ્છેદ ૧૯(૧)(ડી)માં આપવામાં આવેલ છે અને અનુચ્છેદ ૧૯ (૧)(જી)માં વ્યવસાય સ્વાતંત્ર્ય એટલે કે વ્યક્તિને ધંધા-રોજગાર, વ્યવસાય સંદર્ભેનો અધિકાર મૂળભૂત અધિકાર તરીકે પ્રયોજેલો છે. આ બંને અધિકારો વિદ્યમાન છે જ; પરંતુ અનુચ્છેદ ૧૯(૫ અને ૬)માં વાજબી નિયંત્રણોની પણ જોગવાઈ છે, જે મુજબ પ્રજાહિતમાં સરકાર વાજબી નિયંત્રણો ચોક્કસ કાયદો લાવી મૂકી શકે છે. નરેન્દ્રકુમાર વિરુદ્ધ યુનિયન ઑફ ઇન્ડિયાનાં કેસમાં તેમજ સુનિલ બત્રા વિરુદ્ધ દિલ્હી એડમિનિસ્ટ્રેશન, ચાર્લ્સ શોભરાજ વિરુદ્ધ સેન્ટ્રલ જેલ (ન્યૂ દિલ્હી) સહિત સંખ્યાબંધ ચુકાદાઓમાં પ્રજાહિત હોય ત્યારે વાજબી નિયંત્રણો લાદવા સરકારને સત્તા હોવાનું ઠરાવાયું છે. ભારત સેવાશ્રમ સંઘ વિરુદ્ધ સ્ટેટ ઑફ ગુજરાત (સર્વોચ્ચ અદાલત)માં વાજબી અંકુશની પૂર્વશરત પ્રજાહિત ગણાવાયું છે.

અન્ય એક રસપ્રદ મુદ્દો આરોગ્ય વિષયક યાદીમાં

છે તે છે - વાસ્તવમાં આરોગ્ય વિષયક સંપૂર્ણ બાબત તેમજ આનુષંગિક કાયદાઓ ઘડવાની વિષય વસ્તુ રાજ્ય યાદી એન્ટ્રી ૬માં છે જે સ્વાભાવિક રાજ્યનાં ક્ષેત્રાધિકારમાં આવે તો કેન્દ્ર સરકાર લૉકડાઉનનો નિર્ણય કેવી રીતે લઈ શકે; પરંતુ બંધારણના ઘડવૈયાઓની કેટલીક દૂરંદેશી હશે અથવા તો દેશ સામે આવી કોઈ મહામારી આવે તો કેન્દ્ર સરકાર પાસે કયા વિકલ્પ રહે તેની આગોતરી વ્યવસ્થા ભારતીય બંધારણમાં કરવામાં આવી છે, તે મુજબ કેન્દ્રવર્તી યાદી - એન્ટ્રી - ૮૧માં આંતરરાજ્ય ક્વોરન્ટાઇન તેમજ બંદરો વહાણોને ક્વોરન્ટાઇન કરવાની જોગવાઈ છે અને આ સંદર્ભે કેન્દ્રને કાયદા ઘડવાની સત્તા છે; પરંતુ અત્રે એ સર્વવિદિત છે કે એપેડેમીક ડિસીઝ એક્ટ-૧૯૮૭ કલમ-૨માં સરકારને મહામારીના સમયે પગલાં લેવા, વિવિધ નિર્ણયો લેવાની સત્તા છે.

લોકતાંત્રિક પ્રજાસત્તાક એવા આપણાં દેશમાં બંધારણમાં સમવાયતંત્રની સંકલ્પના છે કેન્દ્ર રાજ્યો વચ્ચે વિષયો વહેંચાયેલા છે અને સમવર્તી યાદીની જોગવાઈ પણ છે, અલબત્ત બંધારણનાં ઘડવૈયાઓએ મજબૂત કેન્દ્રની પણ સંકલ્પના કરેલ છે.

વર્તમાન લૉકડાઉન તેમજ અન્ય પગલાંઓ સંદર્ભે કેન્દ્ર સરકારે સમવર્તી યાદી એન્ટ્રી-૨૩ કે જે સામાજિક સુરક્ષા સંદર્ભે છે. તે અંતર્ગત ઘડાયેલ ડીઝાસ્ટર મૅનેજમેન્ટ એક્ટ-૨૦૦૫નો માર્ગ પસંદ કરેલ છે, કેન્દ્ર સરકારે જે ચીવટપૂર્વક આ કાયદાની વિદ્યમાન જોગવાઈઓનો અત્યંત કુશાગ્રતાપૂર્વક ઉપયોગ કરેલ છે તેની અભ્યાસુઓ પણ પ્રશંસા કરે છે.

બંધારણીય આયામ અને કાનૂની સ્થિતિના સંદર્ભમાં તો લોકડાઉન યોગ્ય છે જ પણ કોવિડ-૧૯ સંદર્ભમાં Social Engineering સામાજિક પ્રબોધનની કેટલીક બાબતોએ આકાર લીધો છે તેનો અભ્યાસ અને સંશોધન સમાજવિજ્ઞાનના ક્ષેત્રે તજ્જ્ઞ એવા સંશોધકો હાથ ધરી શકે તેવા (New Area and avenues) નવા આયામો અને વ્યવસ્થાપનો જોવા મળે છે.

પ્રથમ તો પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને ટીમે સંપૂર્ણ બંધારણીય અને કાનૂની રીતે સંપૂર્ણ વાજબી એવા લૉકડાઉન અને અન્ય બાબતોનાં જે નિર્ણયો લીધા તેમાં ભારતીય પ્રજાની શિસ્ત, સમજણ અને સૂઝબૂજ ઉપર પૂર્ણ ભરોસો રાખી અને લોક નિયોજનની ખૂબ જ સફળ એવી પદ્ધતિ પર વિશ્વાસ રાખ્યો - જેમ કે પ્રધાનમંત્રીની જન-જન ને સ્પર્શી જાય તેવી માસ અપીલ, આહવાન ને ભારતીય પ્રજા એ જબરદસ્ત પ્રતિસાદ આપેલ છે - આમ પણ ભારતીય બંધારણના આમુખની શરૂઆત "We the People" - અમે સૌ ભારતીયથી થાય છે - તેનો અર્થ ભારતનું પ્રાણતત્ત્વ તેની પ્રજા-નાગરિકો જ છે અને શ્રી મોદીએ પણ સીધી જ પ્રજાને અપીલ કરવાનો રાજમાર્ગ અપનાવ્યો જે તેમની લાક્ષણિકતા પણ છે અને લોકતંત્ર માટે આ શ્રેષ્ઠ બાબત છે - અભિનંદનને પાત્ર પણ છે.

બીજું એટલે વિશાળ ગ્રામ્ય વિસ્તાર, અસંખ્ય સ્લમ વિસ્તાર, વિસ્તારની વિશાળતા છતાં પણ છેવાડાનાં માનવીએ પણ જે સૂઝબૂજ દર્શાવે છે ખૂ બજ પ્રશંસનીય છે.

**ડૉ. કમલેશ જોશીપુરા**
પૂર્વ-કુલપતિ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ અને
આઈ.આઈ.ટી.ઈ., ગાંધીનગર,
ચૅરમૅન, લિગલ રિસર્ચ ફાઉન્ડેશન ઑફ ઇન્ડિયા
M. ૯૮૨૪૨૧૨૦૩૩
Email: Kpjoshipura@gmail.com

કલા એ જ જીવન છે ને રોટી એ જ કલા છે : કલા રાજકારણનો આત્મા છે ને ક્રાંતિની જનેતા છે : કલા તે પ્રચાર છે ને પ્રચાર તે કલા છે : સાચી કલા પીડિતોની છે ને સાચી પીડા કલાહીન કલેજાઓની છે.

*

આજ સુધીની સ્ત્રીજાતિએ જે અબળાપણું ભોગવ્યું છે ને સ્વતંત્રતાનો યુગ ઊગ્યા પછી પણ જે દુર્બળ સંસ્કારો સ્ત્રીજાતિને હજુ ત્યજતા નથી, તેનું કારણ જ એ છે; કે સ્ત્રીને આર્થિક સ્વતંત્રતાની તાલીમ જ નથી અપાતી. કેવળ ચોપડીઓ જ વાંચવા દેવામાં આવે છે.

**ઝવેરચંદ મેઘાણી**

# ઈથોલોજી : પ્રાણી-મનોજગતનું વિજ્ઞાન

પ્રિ. (ડૉ.) એમ. આઈ. પટેલ

**નોંધ :** પ્રસ્તુત લેખ પ્રિ. ડૉ. એમ. આઈ. પટેલે તેમના અવસાન પૂર્વે 'સર્વ વિદ્યાલય વૃત્ત' માટે તૈયાર કર્યો હતો.)

જીવજગતનું નિવસનતંત્ર (Ecosystem) અદ્‌ભુત જૈવવિવિધતા (Biodiversity) સભર છે. માનવી સિવાયનું પ્રાણીજગત જોવું હોય તો પ્રકૃતિના ખોળે શીશ નમાવવું પડે. સૌને પ્રકૃતિ ગમે છે. તેને માણવી એ જ આપણો નિજાનંદ. આવું ભાવજગત સર્જતા મહામનીષી કવિ ઉમાશંકર જોષીનું કાવ્યગીત યાદ આવે છે, કવિ કહે છે :

**''ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા ને**
**જંગલની કુંજ કુંજ જોવી'તી...'**

બીજા એક કાવ્યમાં આ ઊર્મિશીલ કવિ માનવીના અહમ્‌ને ઓગાળવા પણ મથે છે.

**'વિશાળે જગ વિસ્તારે નથી એક જ માનવી,**
**પશુ છે, પંખી છે, પુષ્પો... વનોની છે વનસ્પતિ.'**

સાચે જ આપણી આજુબાજુ આપણા જેવાં જ સસ્તનો ૪૬૨૯ જાતિઓનાં વસે છે. વિહંગ ૯૬૬૨ જાતિનાં વિહરે છે. મોટો સમુદાય સંધિપાદીઓ (Arthropods)નો છે. તેની સંખ્યા ૯૮૭૯૪૯ જેટલી છે. સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમ ૧૯૮૫ મુજબ વિશ્વમાં, આવી ૧૭.૫ લાખ જેટલી જૈવવિવિધતા છે.

આજે આપણે પ્રાણીજગત તરફ નજર કરવાની છે. વધુમાં આવાં પ્રાણીઓના મનોજગત (Animal Psychology)માં ડોકિયું કરવાના છીએ. આપણા અનુભવોને વિજ્ઞાનની વાચા આપીએ.

તમે તમારી શેરીમાં કૂતરાંનાં બે ટોળાંને સામસામે ઝઘડતાં જોયાં છે, બે કીડીઓ સામ સામે મળે ત્યારે તેમના નાજુક સ્પર્શકોને એકબીજાને અડફાડતી જોઈ છે, મધપૂડા પાસે મધમાખીને ડાન્સ કરતી જોઈ છે, બગીચામાં છુપાઈને બેઠેલી ખડમાંકડી જોઈ છે, ઘરમાં આવેલા ફૂદાની પાંખ ઉપર આંખ જેવાં ટપકાં જોયાં છે, ભમરીને ટચૂકડી માટલી જેવું ઘર બનાવતાં જોઈ છે, કાકીડા (Chemilion) ને રંગ બદલતો જોયો છે, ઢેલને રીઝવતો મોર જોયો છે, વાંદરાં અને નીલગાયોના ટોળાના આગેવાનને જોયો છે, યાયાવર પક્ષીઓ (migratory birds) ને શિયાળો ગાળતાં પણ જોયાં છે, આક્રમક પ્રાણીઓનાં દ્વન્દ્વ યુદ્ધ પિક્ચરમાં જોયાં હશે, તેનાથી વિરુદ્ધ એકબીજાને વ્હાલ કરતાં પશુ-પક્ષીને પણ જોયાં છે. આવાં તો અનેકાનેક ઉદાહરણો અને બનતી ઘટનાઓના આપણે સાક્ષી છીએ, પરંતુ આવા જીવોની આવી ઘટનાઓ પાછળ શા હેતુ હોય છે તેનાથી આપણે સૌ સંપૂર્ણ વાકેફ હોતા નથી. કહ્યું છે ને... કે... કૃષ્ણના બ્રહ્માંડને સમજવા અર્જુનની આંખ જોઈએ. આવા પ્રાણીસૃષ્ટિના મનોવિજ્ઞાનને ઇથોલોજી (Ethology) કહે છે. થોડોક આ વિજ્ઞાન વિશેનો પરિચય કરી લઈએ. પ્રથમ આ વિષયના ઇતિહાસને ફંફોળીએ.

Ethologyમાં Ethos ગ્રીક શબ્દ છે. Ethos = habit અર્થાત્ ટેવ, વર્તન કે પ્રસ્થાપિત વર્તન. Logy શબ્દ મૂળે Logus છે. જેનો અર્થ વિજ્ઞાન થાય છે. આમ ઇથોલોજી એટલે સજીવોની વર્તણૂકોનો જૈવિક અભ્યાસ. જેને પ્રાણીઓનું મનોવિજ્ઞાન પણ કહી શકાય. આ વિજ્ઞાનનો અભ્યાસ જુદીજુદી પદ્ધતિઓ અને તેના પેટા વિષયો દ્વારા કરાયો છે. જેમ કે પ્રાણીના વ્યક્તિગત વર્તનનો અભ્યાસ (દા. ત., સ્ટીકલબેક માછલીના વર્તનનો અભ્યાસ), દેહધાર્મિક વર્તણૂકનો અભ્યાસ, વંશપરંપરાગત અભ્યાસ, પ્રયોગશાળામાં કરાતા પ્રયોગો (દા. ત., પાવ્લોવનો કૂતરા ઉપર કરેલો પ્રયોગ), ક્ષેત્રીય નિરીક્ષણોની નોંધો (દા. ત., યાયાવર પક્ષીઓ), વગેરે.

ઇથોલોજીના અભ્યાસનો ઉલ્લેખ એરિસ્ટોટલ (ગ્રીક તત્ત્વજ્ઞાની)થી મળે છે. તેમણે તેમના પુસ્તક 'Historia Animalium'માં પ્રાણીવર્તનોનું વર્ણન કર્યું છે. સત્તરમી સદીમાં વિલિયમ હાર્વેએ પક્ષીઓની વર્તણૂકો ઉપર નોંધો લખી છે. ચાર્લ્સ લેરોયે અઢારમી સદીમાં અને ગેલને ઓગણીસમી સદીમાં આ ક્ષેત્રમાં અભ્યાસ સંશોધનો પ્રકાશિત કરેલાં છે. ગીલ્બર્ટ વાઈટે (અઢારમી સદી) અબાબીલ (Swallo)ની વર્તણૂકો પર ઊંડું સંશોધન કરેલું છે. ચાર્લ્સ ડાર્વિને પ્રાણીઓ તેમની લાગણીઓ કઈ રીતે વ્યક્ત કરે છે તેના ઉપર પુસ્તક લખેલું છે. આ ક્ષેત્રમાં ઊંડો અભ્યાસ કરનાર કોનરાડ લોરેન્જ (ઑસ્ટ્રિયા), કાર્લ વોન ફ્રિસ્ચ (રોસ્ટોફ યુનિ.) અને નીકો ટીનબર્જન (નેધરલૅન્ડ)ને ૧૯૭૨-૭૩માં સંયુક્ત નોબલ પ્રાઇઝ અપાયું છે.

પ્રાણીઓની કેટલીક વિશિષ્ટ વર્તણૂક ખાસિયતો જેવી કે છેતરપિંડી કરવી, સંવનન માટે પ્રેમાલાપના પ્રયત્નો કરવા, બાળસંભાળ, પોતાનો ક્ષેત્રવિસ્તાર સાચવવો, સ્થળાંતરણ કરવું, દિશાસૂચન, વાતચીતનો વ્યવહાર, સ્પર્શ દ્વારા લાગણી દર્શાવવી, આક્રમણશીલતા, ટોળાબંધી, પર્યાવરણ અનુકૂળતા, ફેરેમોન દ્વારા સંકેત આપવા, સામૂહિક જીવન વગેરેને જાણીએ.

ચાર્લ્સ ડાર્વિને તેના પ્રાકૃતિક પસંદગીના સિદ્ધાંત (Natural selection theory)માં સ્પષ્ટ જણાવ્યું છે કે પ્રકૃતિ એવા જીવોને સ્વીકારે છે કે જે તેને અનુકૂળ થતાં હોય. આ નિયમ અનુસાર પ્રાણીઓ સ્વબચાવ અને શિકારપ્રાપ્તિ માટે વિવિધ પ્રકારની યુક્તિ પ્રયુક્તિઓ કરતાં હોય છે. જેમાં છેતરપિંડીનો ભાવ જોવા મળે છે. કેટલાંક આવાં પ્રયોજનો નિહાળીએ.

ખડમાંકડી (Stick insect) અને પર્ણકીટક (Leaf insect) તેમના દેહનો રંગ અને આકાર રહેઠાણમાં ભળી જાય તેવો રાખે છે. કેલિમા નામનાં પતંગિયાં તેની પાંખોના રંગ પાંદડાના રંગ જેવા રાખી સ્વરક્ષણ કરે છે. સ્વેલોટેઈલ નામના પતંગિયાનો કોશેટો જ ડાળીને ચોંટેલો હોય તેવો જ રંગ ધારણ કરે છે. જીઓમેટ્રીડ ફૂદાની ઇયળ જે ડાળી ઉપર બેસે છે તે ડાળીની આબેહૂબ નકલ કરે છે. પ્રથમ દૃષ્ટિએ તો ખબર જ ના પડે કે ડાળી છે કે ઇયળ ! દરિયાકાંઠાનો સફેદ કરચલો (Crab) કાંઠા પરના નાનકડા, સુંવાળા પથ્થરો જેવો જ દેહનો રંગ રચી શિકારીઓની નજરોથી બચે છે. કેટલીક માછલીઓ પણ આવી તરકીબો અપનાવે છે. જેમ કે ઑસ્ટ્રેલિયન દરિયાઈ ઘોડો (માછલી છે) તેના શરીર ફરતે શાખાઓવાળી લીલના જેવી શાખાઓનાં ઉપાંગ પેદા કરી રંગ અનુકૃતિ કરે છે. આપણને લાગે જ નહીં કે આ જીવ માછલી છે કે લીલ છે. મોનોસીટરસ માછલીનો દેખાવ પણ જલસપાટી પર ખરી પડેલાં પાંદડાં જેવો જ હોય છે. કાકીડા (Chamelion)ને જે રંગના ઘાસમાં મૂકો તે રંગ જેવો પરિવેશ બનાવી દે છે. ઓર્કિડનાં પુષ્પોમાં રહેતો કરોળિયા પુષ્પ જેવો દેહવેશ રચે છે. કેટલીક ફૂદી ભમરી જેવો દેહ ધારણ કરે છે. ક્લીનર ફીસ તેની મિત્ર પેરટફીશ (Parrot Fish)ને ડાન્સથી રીઝવી તેના દેહ પરનાં પરોપજીવો વીણી લે છે. આ સંબંધનો ઉપયોગ નકલી ક્લીનરફીસ પોતાના સ્વાર્થ માટે કરે છે. તે ડાન્સ કરી પેરટફીસને લલચાવી ને તેના શરીરનો માંસનો લોચો ભોજન માટે લઈ લે છે. આવી જ તરકીબ કોલુબ્રિડી કુળના પ્રવાળ (Corals)ના સાપ કરે છે. આ જાતિના સાપ બિનઝેરી છે, જ્યારે ઇલેપીડી (Elepidae) કુળના પ્રવાળ સાપ ઝેરી છે. જેથી સ્વબચાવ માટે બિનઝેરી સર્પો પેલા ઝેરી સર્પોની આબેહૂબ નકલ કરે છે, જેથી તેઓને કોઈ પજવતું નથી. આવી જ નકલ વાઇસરૉય પતંગિયાં મોનાર્ક પતંગિયાંની કરે છે. આવો જ કિસ્સો લેમિન્ટિસ પતંગિયાંમાં પણ નોંધાયો છે. જેઓને શિકારીઓ ખાઈ જાય છે જ્યારે ડેનાઈસને ખાતાં નથી. તેથી લેમિન્ટિસે તેનો દેહ ડેનાઇસ જેવો બનાવી દીધો છે.

આ બધી વાતો તો રક્ષણની પ્રયુક્તિઓની હતી, પરંતુ વંશવેલો ચાલુ રાખવા કેટલાક નર જીવો તેમની માદાઓને સંવનન માટે કેવી રીતે આકર્ષે છે. તેમાં પણ મનોવિજ્ઞાનનો શૃંગારરસ છે કે પ્રણયનૃત્ય દૃષ્ટિગોચર થાય છે. સ્ટીકલ બેક નામની નર માછલી નદીના તળિયે ઘાસનો નળાકાર માળો બાંધે છે. તેની સાંકેતિક ભાષાથી માદાને માળામાં ઈંડાં મૂકવા બોલાવે છે. મોટ અને તેનાં

નજીકનાં સગાં હિમાલિયન મોનલ, રીંગ નેકેડ ફિસન્ટ ડાન્સ કરી માદાને રીઝવે છે. ઉભયજીવીઓ સ્પર્શથી પ્રેમાલાપ કરે છે. નર દેડકા ચોમાસામાં સમૂહગાન કરે છે. ગોકળગાય દ્વિલિંગી હોવા છતાં બે સાથી તેમની પીઠ ઉપર નાની નાની માટીની લૂગદીઓ નાખે છે. ફીડલર કરચલો તેના દેહના આગળના ઉપાંગ ને રંગીન બનાવી માદા કરચલા તરફ પ્રસારી માદાને યુગલધર્મ બજાવવાનું કહે છે. વીંછીનો ડાન્સ જાણીતો છે. પેરામિશિયમ એક કોષીય હોવા છતાં પાર્ટનર સામે દિશાઓ બદલી બદલીને સંયુગ્મન (Conjugation) કરે છે. માનવ કદાચ આવી પ્રકૃતિમાંથી જ પ્રેમની વ્યાખ્યા શીખ્યો હશે.

ઈંડાં મુકાય કે બચ્ચાંને જન્મ અપાય, તે પછીનું અગત્યનું કાર્ય બાળસંભાળનું છે. જેમ કે જલમાંકડી ઈંડાંને ઊંચકીને ફર્યે રાખે છે. કેટલીક માદાઓ તો નરની શીશુધાનીમાં ઈંડાં મૂકી બાળઉછેરની ફરજ નરને સોંપે છે. દા. ત., જળઘોડો (Sea horse), પાઈપફીસ. સમૂહજીવન જીવતાં કીટકો જેવાં કે કીડી, મધમાખી, ઉધાઈ, મંકોડામાં બચ્ચાંની સંભાળ કામદાર કીટકે (Worker insect) કરવાની હોય છે. હાથણીનાં બચ્ચાંનું ધ્યાન તેની માસી/કાકી રાખે છે. કુટુંબીજનો દ્વારા બચ્ચાંને છુપાવવાની ટ્રેનિંગ આપતા ઉંદર, પ્રેઈરી કૂતરા, બેન્ડેડ નોળિયા, ટપકાવાળાં ઝરખ જાણીતાં છે.

પ્રજનન, ખોરાક અને ઋતુઓની અસરોથી બચવા પ્રાણીઓ માદરે વતન છોડી લાંબા લાંબા પ્રવાસ ખેડી ફરી પાછાં માદરે વતન પહોંચે છે. નિયમિત ચોક્કસ સ્થળે જ આવતાં પક્ષીઓ પણ છે. માછલીઓ જળાશયો બદલે છે. કેટલાક જીવો ટૂંકો પ્રવાસ ખેડે છે, તો કેટલાક જીવ સેંકડો કિલોમીટરનો પ્રવાસ પણ ખેડે છે. લેમ્પ્રી, હિલ્સા, સાલ્મન જેવી માછલીઓ દરિયામાંથી નીકળી મીઠાપાણીનાં જળાશયોમાં ઈંડાં મૂકવા જાય છે. તેથી ઊલટું ઈલ મીઠા પાણીમાંથી દરિયામાં આવે છે.

પક્ષીઓમાં સ્થળાંતર નિયમિત થતું નોંધાયું છે. હવામાનને અનુસરીને બતકો, હંસ, કુંજ, સાઇબેરિયન ક્રેન, કરકરા, ફુત્કી, તુતવારી, દીવાળી ઘોડો, ગોલ્ડન પ્લોવર, ગુઝ, ગોલ્ડન ઓરિઓલ, ઇન્ડિયન પિટ્ટા, કોમન પોચાર્ડ, સ્ટર્લિંગ જેવાં અનેક પક્ષી આપણા દેશમાં શિયાળો ગાળવા આવે છે. આર્કટિક ટર્ન ૧૭૬૦૦ કિ.મી.નો પ્રવાસ ખેડે છે. ગોલ્ડન પ્લોવર ૬૦૦૦-૮૦૦૦ કિ.મી., પીન ટેઈલ ૧૬૦૦-૬૪૦૦ કિ.મી., કોયલ ૩૦૦૦-૫૦૦૦ કિ.મી.ના પ્રવાસ ખેડતાં નોંધાયાં છે. રાજહંસ કલાકના ૬૫-૮૦ કિ.મી.નું અંતર કાપે છે. સામાન્ય રીતે આવાં પક્ષીઓ ૪૦૦ મીટરથી નીચે ઊડતાં હોય છે. પર્વતો આવે તો વધુ ઊંચાઈએ પણ જાય છે. માર્ચ-એપ્રિલમાં પુખ્ત નર પક્ષીઓ પાછાં ફરે છે. એમની પાછળ માદાઓ અને સૌથી પાછળ તરુણ પક્ષીઓ ઊડે છે. મુસાફરીનો અનુભવ ના હોવા છતાં તેઓ ચોક્કસ પ્રવાસ કરે છે. મગજમાં કોતરાયેલી વારસાગત છાપને લીધે તેઓ પ્રવાસ ખેડી શકે છે. યુરોપમાં અબાબીલ પક્ષીઓ એક જ સ્થળે તે જ મકાનમાં વરસો સુધી આવીને માળા બાંધતાં જણાયાં છે. પક્ષીઓમાં શરીર પરનાં પીંછાં ત્યજવાની (moulting) પ્રક્રિયાનો સંબંધ હવામાન અને પ્રજનન સાથે જોવા મળે છે. કબૂતર, મોર વગેરે તેનાં ઉદાહરણો છે. ઠંડી પડે ત્યારે ચકલી પીંછાંથી સજ્જ થાય છે. તીડ ગરમીમાં સૂર્ય તરફ મોં રાખે છે. ચામાચીડિયું શિયાળામાં શીતસમાધિમાં રહે છે. દેડકા અને ટોડ, ગોકળગાય પણ સમાધિને અનુસરે છે.

પક્ષીઓમાં પણ ટોળાબંધી જોવા મળે છે. ખાસ કરીને દરિયાઈ પક્ષીઓ, પેલિકન્સ, ફોર્મોરન્ટ્સ, ગલ્સ, ટર્ન અને કેટલાંક હેરન્સ, સ્વેલોઝ તેમના માળા નજીક નજીક બાંધતાં હોય છે. કાગડા ટોળામાં એકઠા થઈ દુશ્મન પર તૂટી પડતા આપણે જોયા છે.

પ્રાણીઓમાં પણ આક્રમક વલણો હોય છે. તેઓમાં જાતભાઈઓ વચ્ચે પણ લડાઈ થતી હોય છે અથવા બે અલગ જાતિના સભ્યો લડાઈ કરે છે. ટોળું બનાવીને લડાઈ કરનારાઓમાં પેંગ્વીન, સી લાયન, સીલ, સી કાઉ, વાલરસ જાણીતાં છે. કેટલાંક પ્રાણીઓ તો નર ક્ષેત્રીય અધિકાર ધરાવતા સતત જાગ્રત હોય છે. સ્ટીકલ બેકનો નરઆવો ગુણ ધરાવે છે. શિકારી પ્રાણીઓ જેવાં કે સિંહ, વાઘ તો તેમનાં નર પુત્રોને પણ ક્ષેત્ર છોડી દેવાના કૉલ આપી દે છે. આફ્રિકન બબુન વૃક્ષ ઉપર સૂવાના હક માટે કજિયા કરે છે. હમાડ્રીયા બબુન પાણી માટે લડે છે. સીલે જે ટાપુ પર બચ્ચાં જણ્યાં હોય ત્યાંનો

નર બીજાને તે ટાપુ પર આવવા દેતો નથી. રેંડિયર પ્રસૂતિ ટાણે આક્રમક રહે છે. શેરીની કૂતરી બચ્ચાં જણે તે સમયે વધુ આક્રમક બની જાય છે. દરિયાઈ પક્ષીઓ જેવાં કે પફીન્સ, ગલ, સર્વગ્રીવ વગેરે ખોરાક માટે આક્રમક બને છે. નીચલી કોટિનાં જીવ જેવા કે કરોળિયા, સાંઢ (Lobster), પઢેલ્લા, કરચલા, ડ્રેગન ફ્લાયમાં પણ આવી આક્રમણશીલતા હોય છે. કેટલાક દેડકા પણ આવી પ્રકૃતિના હોય છે. જેમ કે બુલફ્રોગ, જાપાનીઝ ટ્રી ફ્રોગ. કિંગકોબ્રા (નાગરાજ) તેના માળાની આજુબાજુ કોઈને પણ ફરકવા દેતો નથી. કેટલીક માદાઓ તેમનાં બચ્ચાં ખાતર જીવને જોખમમાં મૂકતી આપણે જોઈ છે.

સાંકેતિક વ્યવહાર (Communication) દ્વારા પ્રાણીઓ પ્રેમાલાપ કે પ્રતિકાર કરતાં હોય છે. તેઓના જન્મજાત કેટલાક સંકેતો અર્થપૂર્ણ હોય છે. હેરિંગ ગલ પક્ષી છે. તેની ચાંચના નીચલા જડબા પર લાલ ટપકું હોય છે. આ ટપકા પર તેનું બચ્ચું તેની નાજુક ચાંચ અથડાવે તો તેનાં મા-બાપ સમજી જાય કે તે ભૂખ્યું છે. હાથી તેની સૂંઢના આરોહ-અવરોહ સામેનાને બતાવી શરણ કે સામનાનો સંદેશ આપે છે. પીકોક પતંગિયાંને ખાવા શિકારી પક્ષી આવે તો તે તેની પાંખ પરનાં ટપકાંનું વિચિત્ર પ્રસારણ કરી, અવાજ કાઢી શિકારીને સંકેત કરે છે કે મારી સાથે ટકરાવવામાં મજા નથી ! હોઝ નોઝુડ સાપ ઉપર જો કોઈ શિકારી હુમલો કરે તો તે ગોઠમડું ખાઈ જાય છે. ગંધ ફેલાવે છે. વૂડસ્નેક આંખમાંથી માંસ જેવું લાલ પ્રવાહી વહાવી, આંખો લાલ કરી શિકારીને ડરાવે છે. કેટલાંક વાંદરાં શરીર પરના વાળા ઊભા કરીને ગુસ્સો પ્રદર્શિત કરે છે. શિકારી પ્રાણીઓ જંગલમાં રસ્તા નિશ્ચિત કરવા મળ, મૂત્રનો ત્યાગ કરે છે. હિપોપોટેમસ ઘાસ ઉપર તેના મળને પૂંછડી દ્વારા પ્રસારતો જાય છે. કૂતરા તેમનો ક્ષેત્ર હક બતાવવા પેશાબ કરે છે. વાંદરા, ગોરિલા જેવાં પ્રાઈમેટ્સ વાળમાંથી જૂ વીણી ખાઈ જાય છે. તેમની આ પ્રવૃત્તિ નજીકતા (effinity)નો ભાવ રજૂ કરે છે. માંકડાં, લંગુર, ચિમ્પાન્જી સ્પર્શ કરી પ્રેમ રજૂ કરે છે. હરણાં, કૂતરાં, વાઘ, બકરી તેમનાં બચ્ચાંને ચાટે છે. લવ બર્ડ તો એકબીજાની ચાંચમાં ચાંચ પરોવે છે. જળબિલાડી એકબીજાના ચહેરા ખંજવાળે છે. માદા સ્પ્રીંગબોક જો નરના મુખને ચાટે તો સમજવું કે તે તેની સાથે સંવનન કરવા તૈયાર છે. મધમાખી જો ખોરાક શોધી કાઢે તો તે મધપૂડા પાસે આવી ડાન્સ કરે છે અને તેના સાથીદારોને ખોરાક ક્યાં છે અને કેટલે દૂર છે તેની જાણ કરે છે. હરણાં વાઘનો સંકેત (એલાર્મ) આપીને સાથીદારોને ચેતવવા કરે છે. નર દેડકો ડ્રાંઉં.. ડ્રાઉંનો અવાજ માદાને આકર્ષવા કરે છે. કીટકો, કરોળિયા તેમનાં ઉપાંગો એકબીજા સાથે ઘસી અવાજ પેદા કરે છે. કંસારીનો અવાજ (Chirping) આ પ્રકારનો છે. રેટલ સ્નેક પૂંછડી ઉપર રહેલાં ભીંગડાં ધ્રુજાવી અવાજ કાઢે છે. બગલાં જડબાં કસકસાવતાં હોય છે. હમીંગ બર્ડ પાંખો ફફડાવે છે. ગોરિલો છાતી કૂટે છે. સસલાં અને હરણ જમીન પર પગ અથડાવે છે. ફળમાખી (Drosophilg) તેના સ્પર્શકોથી અવાજને પારખે છે. ઊધઈ તેનું માથું કે પેટને જમીન સાથે અથડાવી અવાજ પેદા કરે છે. માદા હાથી ઇન્ફ્રા સાઉન્ડ પેદા કરે છે.

ચામાચીડિયાં અને મધમાખીઓમાં દિશાભાન (Oriantation) કુદરતી બક્ષીસ છે. ચામાચીડિયાં ઇકોલોકેશન જાણવા પોતે સૂક્ષ્મ ધ્વનિતરંગો ઉત્પન્ન કરે છે. જેથી ચામાચીડિયાં કદાપિ વાયર સાથે અથડાતાં નથી. મધમાખીઓ સૂર્ય કોણને ધ્યાને રાખી તેના પંખનૃત્ય દ્વારા સાથીદારોને સમજાવે છે કે મધુરસ કેટલે દૂર છે.

આપણે જો પ્રકૃતિને માણતા થઈએ તો આપણને પણ આવાં અનેક ઉદાહરણો મળે. તેની નોંધ કરતા રહો. ટપકાવેલી નોંધોને શબ્દદેહ આપો. આવાં નિરીક્ષણો ફોટોગ્રાફ સાથે પ્રકાશિત કરો.

**સ્વ. પ્રિ.(ડૉ.) એમ. આઈ. પટેલ**
પૂર્વ પ્રિન્સિપાલ,
એમ.એન. કૉલેજ, વીસનગર-૩૮૪૩૧૫
મો. ૯૮૨૪૦ ૭૨૫૭૧

# ઉપવલયી ભ્રમણકક્ષાઓ (Elliptic Orbits)

વિઠ્ઠલભાઈ અં. પટેલ

**પ્રસ્તાવના**

ન્યૂટને પ્રિન્સિપિયાને ત્રણ પુસ્તકોમાં વહેંચ્યાં છે. પહેલા પુસ્તકમાં ગતિશાસ્ત્રના પાયાના સિદ્ધાંતો વિકસાવ્યા છે. બીજા પુસ્તકમાં અવરોધ કરતા માધ્યમમાં ગતિશાસ્ત્રના પાયાના સિદ્ધાંતો વિકસાવ્યા છે, જ્યારે ત્રીજું પુસ્તક પહેલાં બે પુસ્તકમાં જે સિદ્ધાંતો વિકસાવ્યા તેનો ઉપયોગ કરીને સૂર્યમંડળનો અભ્યાસ કરે છે.

પહેલા પુસ્તકમાં ગતિશાસ્ત્રના સિદ્ધાંતો વિકસાવીને પ્રમેયો, ઉપપ્રમેયના સ્વરૂપમાં આપ્યાં છે. જેમ જેમ આગળ વધતા જઈએ તેમ તેમ પ્રમેયો અઘરાં બનતાં જાય છે. કુલ્લે 98 પ્રમેયો છે અને પ્રમેયોનાં ઉપપ્રમેયો પણ ખરાં. ખરેખર બધાં પ્રમેયોનો અભ્યાસ કરવો મુશ્કેલ હોઈને આપણે જરૂરી અને અગત્યનાં પ્રમેયોનો અભ્યાસ કરીશું.


**ક્ષેત્રફળનું પ્રમેય**

ગ્રહો સૂર્યની આસપાસ ઉપવલયી ભ્રમણકક્ષામાં ફરે છે. ઉપવલય હોઈને બે નાભિઓ છે. એક નાભિથી જુદા જુદા સમયે બે જુદી જુદી જગ્યાએ ગ્રહ છે. ગ્રહને બિંદુ ગણતાં ભ્રમણકક્ષાના વક્ર ઉપરનાં બે બિંદુઓ છે. આ બિંદુઓને નાભિને જોડતાં ક્ષેત્રફળ મળે. વક્ર ઉપરના એક બિંદુથી બીજા બિંદુએ જતાં જે સમય લાગે તે સમયમાં આ ક્ષેત્રફળ મળે. કેપ્લરે જોયેલું કે સરખા સમયમાં ગ્રહ સરખું જ ક્ષેત્રફળ કાપે છે. આના જેવું જ પરિણામ કેન્દ્રગામી (Centripetal) બળ માટે ન્યૂટને પ્રમેય 1માં આપ્યું છે.

**પ્રમેય 1** : The Areas which revolving bodies describe by radii drawn to an immovable canter of force do lie in the same immovable planes and are proportional to the times in which they are described.


પરિક્રમણ કરતા પદાર્થો જ્યારે તેમની ભ્રમણકક્ષામાં ફરતા હોય છે ત્યારે આ પદાર્થો ઉપર લાગતા બળનાં સ્થિર કેન્દ્ર બિંદુઓને જોડતી ત્રિજ્યાઓ જે ક્ષેત્રફળો વર્ણવે તે સ્થિર સમતલોમાં આવેલા છે અને તે સમયના પ્રમાણમાં હોય છે.

ધારો કે કેન્દ્રગામી બળનું કેન્દ્ર S છે. ધારો કે આ કેન્દ્રગામી બળ સરખા સમય $\delta t$ ના અંતરે પદાર્થ ઉપર લાગે છે. હડસેલાની જેમ લાગે છે અને વચ્ચે વચ્ચે લાગતું નથી. $\delta t$, $2\delta t$, $3\delta t$,... ના અંતરે આકૃતિ 1માં બતાવ્યા પ્રમાણે પદાર્થ B, C, D,... બિંદુઓએ છે. શરૂઆતમાં પદાર્થ A બિંદુએ છે અને ન્યૂટનના ગતિના પહેલા નિયમ પ્રમાણે વેગ $v_A$ થી સીધી રેખામાં $\delta t$ સમયમાં



આકૃતિ 1

AB અંતર કાપે છે. હવે પછીના સમયમાં કોઈ બળ ન લાગે તો $\delta t$ સમયમાં સીધી રેખામાં Bc અંતર કાપશે અને c બિંદુએ પહોંચશે, આથી AB = Bc છે અને આ AB ના જ સમતલમાં છે. S થી Ac નો લંબ એક જ હોઈને ક્ષેત્રફળ $\Delta$SAB = ક્ષેત્રફળ $\Delta$SBc આકૃતિ 2માં બતાવ્યા પ્રમાણે છે.




**(a) $\Delta$SAB = $\Delta$SBc** **(b) $\Delta$SBA = $\Delta$SBc**

**આકૃતિ 2**

જ્યારે પદાર્થ B એ પહોંચે છે ત્યાં જ કેન્દ્રગામી બળ BS દિશામાં લાગે છે અને પદાર્થ સ્થળાંતર કરીને BS દિશામાં V બિંદુએ પહોંચે તેટલું બળ લાગે છે પણ પદાર્થ Bc દિશામાં જઈ રહ્યો હોઈને પદાર્થ ઉપર બે બળો લાગે છે આથી ચતુષ્કોણ VBcC નો કર્ણ BC પદાર્થની દિશા બને છે અને $\Delta t$ સમયમાં (સુરેખા) BC અંતર કાપે છે. Cc//SB હોઈને, આકૃતિ 2(b)માં બતાવ્યા પ્રમાણે બે ત્રિકોણો SBc અને SBc નો પાયો SB છે અને આ બંને ત્રિકોણો સમાંતર રેખાઓ Cc અને SB વચ્ચે આવેલા હોઈને ઊંચાઈ સરખી હોઈને ક્ષેત્રફળો સરખાં છે એટલે કે ક્ષેત્રફળ $\Delta$SBC = ક્ષેત્રફળ $\Delta$SBc છે અને આપણે જાણીએ છીએ કે ક્ષેત્રફળ $\Delta$SAB = ક્ષેત્રફળ $\Delta$SBc હોઈને ક્ષેત્રફળ $\Delta$SAB = ક્ષેત્રફળ $\Delta$SBc = ક્ષેત્રફળ $\Delta$SBC થાય. આ ઉપરાંત $\Delta$SBC, $\Delta$SAB ના સમતલમાં છે. આથી $\delta t$ ના અંતરે બનતા ત્રિકોણોનું ક્ષેત્રફળ સરખું છે.

આ જ રીતે આગળ વધતાં $3\delta t$ ના અંતે પદાર્થ D બિંદુએ હશે અને SAB થી બનતા સમતલમાં છે અને ક્ષેત્રફળ $\Delta$SCD = ક્ષેત્રફળ $\Delta$SBc = ક્ષેત્રફળ $\Delta$SAB. આથી $\delta t$ સમયમાં પદાર્થ સરખું ક્ષેત્રફળ કાપે છે.

હવે $\delta t$ નાનો લઈએ એટલે ત્રિકોણો નાના બનશે અને તેમની સંખ્યામાં વધારો થશે. પહોળાઈ ઘટતી જશે અને આખરે આપણો બહુકોણીય રસ્તો ABCDE... વક્ર ABCDE... પદાર્થની ભ્રમણકક્ષા બને છે અને કેન્દ્રગામી બળ સતત બને છે અને પદાર્થને તેના સ્પર્શકના રસ્તેથી પાછું ખેંચી લાવે છે.

કેવી સરળ, સુંદર અને ક્ષમતાવાળી સાબિતી !!

**ઉપપ્રમેય 1** : The velocity of a body attracted towards an immovable center, in space void of resistance, is inversely as the perpendicular let fall from that center on the right line that touches the orbit.

કોઈ પણ પ્રકારના વિરોધો વગરના અવકાશના સ્થિર કેન્દ્રે ખેંચાઈ રહેલા પદાર્થનો વેગ, કેન્દ્રમાંથી ભ્રમણ-કક્ષાના સ્પર્શકને દોરેલા લંબની લંબાઈના વ્યસ્ત પ્રમાણમાં છે.

શરૂઆતમાં A બિંદુએ $v_A$ પદાર્થની ગતિ છે જેથી $v_A\delta t$ = AB થાય. એ જ પ્રમાણે B બિંદુએ $v_B$ પદાર્થની ગતિ છે જેથી $v_B\delta t$ = BC થાય. એ જ રીતે $v_C\delta t$ = CD, $v_D\delta t$ = DE... થાય.

આપણે સાબિત કર્યું કે ક્ષેત્રફળ $\Delta$ASB = ક્ષેત્રફળ $\Delta$BSC = ક્ષેત્રફળ $\Delta$CSD,... છે. આથી $\frac{1}{2}\, p_A$AB, જ્યાં $p_A$ એ કેન્દ્ર S માંથી રેખા AB ને દોરેલો છે, $\Delta$ASB નું ક્ષેત્રફળ છે. એ જ પ્રમાણે $\Delta$BSC = $\frac{1}{2}\, p_B$BC, ક્ષેત્રફળ $\Delta$CSD = $\frac{1}{2}\, p_C$CD ... થાય. આથી $p_A AB = p_A v_A \delta t = p_B BC = p_B v_B \delta t = p_C CD = p_C v_C \delta t v_A$ થાય. આથી,

$v_A p_A = v_B p_B = v_C p_C$ =.....

**પ્રમેય 2** : Every body that moves in any curved line described in a plane, and by a radius drawn to a point either immovable, or moving forwards with a uniform rectilinear motion, describes about that point areas proportional to the times, is urged by a centripetal force directed to that point.

દરેક પદાર્થ જેની ભ્રમણકક્ષા સમતલમાં આવેલા વક્રથી દર્શાવી શકાય અને કોઈ સ્થિર બિંદુને અથવા સીધી રેખામાં એકધારી (uniform) ગતિથી ફરતા બિંદુને જોડતી ત્રિજ્યા જે ક્ષેત્રફળો વર્ણવે તે સમયના પ્રમાણમાં હોય, તો તે કેન્દ્રગામી બળ તે બિંદુ તરફ જાય તે અત્યાવશ્યક છે.


પ્રમેય 1 આપણને એમ કહે છે કે કેન્દ્રગામી બળ સરખા સમયમાં સરખું ક્ષેત્રફળ આપે છે, જ્યારે પ્રમેય 2 પ્રમેય 1નું ઊલટું પણ સાચું પ્રમેય છે. જો આપણને સરખા સમયમાં સરખું ક્ષેત્રફળ મળે, તો તે ગતિમાં રહેલા પદાર્થ ઉપર કેન્દ્રગામી બળ લાગે છે.

આ બંને પ્રમેયોએ ભ્રમણકક્ષાના ગતિશાસ્ત્રની (Orbital Mechanics) શરૂઆત કરવામાં ખૂબ જ અગત્યનો ભાગ ભજવ્યો છે.

**કેન્દ્રગામી બળ**

જો આ આધુનિક ગતિશાસ્ત્રનું પુસ્તક હોત તો પછીનું પગલું જુદાં જુદાં બળો લઈને તેમની અસર નીચે ફરતા પદાર્થોની જુદી જુદી ભ્રમણકક્ષાઓ મેળવવાનો હોત. ન્યૂટન આ કરે છે, પણ તેમનું આ પહેલું પગલું નથી. ન્યૂટનનો પહેલો પ્રયાસ આપેલી ભ્રમણકક્ષા કયા બળો ઊભી કરે છે તે મેળવવાનો છે. ન્યૂટન માટે સીધો પ્રશ્ન (Direct problem) કયું બળ ખાસ ભ્રમણકક્ષાએ લઈ જશે તે બળ મેળવવાનો છે. આનાથી ઉલટો પ્રશ્ન બળ આપેલું છે તેનાથી ઊભી થતી ભ્રમણકક્ષા મેળવવાનો છે.

કોઈ પણ ભ્રમણકક્ષા લઈને તેને ઊભું કરનાર બળનું સૂત્ર મેળવવાની રીત પ્રમેય 6 તરીકે ઓળખાય છે. ન્યૂટને આ રીત પ્રમેય 6માં આપી છે. ભ્રમણકક્ષામાં ફરતા પદાર્થની ગતિમાં વિરોધ કરતું કોઈ બળ નથી. પ્રિન્સિપિયાની ખૂબ જ જાણીતી આકૃતિ આપણે આકૃતિ 3માં દર્શાવીએ છીએ. આકૃતિ 3માં વક્રનો આકાર ઉપવલય જેવો છે પણ ગમે તે વક્ર માટે આ સૂત્ર છે.




**આકૃતિ 3**

P બિંદુએ આવેલા પદાર્થને કેન્દ્રગામી બળ કેન્દ્ર S ની દિશામાં લાગે છે. ન્યૂટનના પહેલા નિયમ પ્રમાણે આકૃતિ 3માં આપેલા વક્ર ઉપરના P બિંદુથી પદાર્થ સ્પર્શકની દિશામાં PR અંતર એકધારી ગતિથી કાપે છે અને R બિંદુએ કેન્દ્રગામી બળ પદાર્થ ઉપર લાગતાં સીધી દિશામાં મુસાફરી કરવાના બદલે RQ દિશામાં પદાર્થ Q બિંદુએ આવશે. કેન્દ્રગામી બળ F $\delta t$ સમય માટે પદાર્થને લાગતું હોઈને પદાર્થ R થી Q બિંદુએ આવશે. કેન્દ્રગામી બળ Fનો પરિમેય (Magnitude) આપેલા સમય $\delta t$ માં R થી Q ના વિચલનથી (Deflection) માપી શકાય. SP ને સમાંતર સુરેખા RQ વક્રને Q બિંદુએ છેદે છે. આથી,

$$RQ = \frac{1}{2}(\text{કેન્દ્રગામી બળ F}) \times (\delta t)^2$$

$$\therefore \quad (\delta t)^2 = \frac{2RQ}{F}$$

પ્રમેય 1 પ્રમાણે $\delta t$ ક્ષેત્રફળ SPQ ના પ્રમાણસર છે.

આપણે ક્ષેત્રફળ SPQ $\approx$ ક્ષેત્રફળ $\Delta$SPQ લઈએ તો ખૂબ જ નાની ભૂલ રહેશે.

$$\Delta SPQ \text{ ના ક્ષેત્રફળ} = \frac{1}{2}QT \times SP = \frac{dA}{dt}\delta t$$

$$\therefore \quad \delta t = \frac{QT \times SP}{2\left(\frac{dA}{dt}\right)}$$

જ્યાં $\frac{dA}{dt}$ ક્ષેત્રફળનો દર દર્શાવે છે.


$$\therefore \quad (\delta t)^2 = \frac{1}{4}\frac{(QT)^2 \times (SP)^2}{\left(\frac{dA}{dt}\right)^2} = \frac{2RQ}{F}$$

$$\therefore \quad \text{કેન્દ્રગામી બળ } F = 8\left(\frac{dA}{dt}\right)^2 \frac{QR}{QT^2 \cdot SP^2}$$

**પ્રમેય 6 :** કેન્દ્રગામી બળ $F \propto \frac{QR}{QT^2 \cdot SP^2}$

**ઉપવલયનાં જરૂરી પરિણામો :**

આકૃતિ 4માં બતાવ્યા પ્રમાણે ઉપવલય ઉપર નજીકનાં બે P અને Q આપેલાં છે. ઉપવલયનું કેન્દ્ર C અને નાભિઓ S અને H છે. CA અને CB અડધી ધરીઓ છે. P બિંદુએ RPZ સ્પર્શક છે. QR || SP અને Q$v$ // RPZ છે. Q$v$, SP ને $x$ બિંદુએ છેદે છે. કેન્દ્ર C માંથી પસાર થતા વ્યાસ PCG નો અનુબદ્ધ (Congugate) વ્યાસ DCK છે. વ્યાસ DCK સ્પર્શક RPZ ને સમાતંર છે. વ્યાસ DCK SP ને E માં છેદે છે. QT ⊥ SP છે. HP જોડો અને IH // RPZ દોરો.




આકૃતિ 4

(1) SP + PH = $2a$ જ્યાં $a$ અક્ષ CA ની લંબાઈ છે.

(2) PE = $\frac{1}{2}$(PS + PI)

CS = HC અને HI // RPZ // DCK

∴ E SI ના સરખા ભાગ કરે છે, એટલે કે SE = EI.

PE = PS − SE

= PI + IE + ES − SE

= PI + IE = $\frac{1}{2}$(2PI + 2IE)

= $\frac{1}{2}$[PI + IE + ES + PI] = $\frac{1}{2}$[PS + PI]

(3) PS + PI = 2AC

PS + PI = SP + PH = $2a$ = 2AC

(4) PE = $a$ = CA

PE + ES + PI = $2a$

∴ PE + IE + PI = 2PE = $2a$

∴ PE = $a$

(5) $\Delta Pxv \equiv \Delta PCE$

$\angle Pvx = \angle PCE = 90^{\circ}$ EC // $xv$

∴ $\Delta Pxv \equiv \Delta PCE$

∴ $\frac{Px}{Pv} = \frac{PE}{PC} = \frac{QR}{PV}$

(6) The Latus rectum L = $\frac{2b^2}{a}$

S($-ae$, 0), H($ae$, 0) અને $b^2 = (1 - e^2)a^2$

$\frac{x^2}{a^2} + \frac{y^2}{b^2} = 1$


∴ $\frac{y^2}{b^2} = 1 - \frac{a^2e^2}{a^2} = (1 - e^2)$

∴ $y = \pm b\sqrt{1-e^2}$

∴ L = $2b\sqrt{1-e^2} = 2b \times \frac{b}{a} = \frac{2b^2}{a}$

આકૃતિ 5માં ઉપવલય આપેલો છે. કોઈ પણ જગ્યાએ P બિંદુ લઈએ. PCG C માંથી પસાર થતા વ્યાસનો અનુબદ્ધ KCD છે. P અને D વચ્ચે કોઈ પણ જગ્યાએ Q બિંદુ લઈએ. TQ$t$ એ Q બિંદુએ ઉપવલયનો સ્પર્શક છે.

Q$u$ // PCG અને Q$v$ // KCD છે.




આકૃતિ 5

(7) $\frac{Cv}{CP} = \frac{CP}{CT}$ $\quad CP^2 = Cv \cdot CT$

(8) $\frac{Cu}{CD} = \frac{CD}{Ct}$ $\quad CD^2 = Cu \cdot Ct$

(9) $\frac{CD^2}{CP^2} = \frac{Cu \cdot Ct}{Cv \cdot CT}$

(10) $\Delta^S$ $v$TQ અને CT$t$ માં

$Qv \parallel CD, \angle vTQ = \angle CTt$

$\therefore \quad \Delta vTQ \equiv \Delta CTt$

$\therefore \quad \frac{Ct}{CT} = \frac{vQ}{vT}$

(11) $\frac{CD^2}{CP^2} = \frac{Cu}{Cv} \cdot \frac{vQ}{vT} = \frac{vQ}{cv} \cdot \frac{vQ}{vT} = \frac{vQ^2}{cv \times vT}$

(12) $Cv \times vT = Cv \times (CT - cv)$

$= CP^2 - Cv^2$

$= (CP - Cv)(CP + Cv)$


$= Pv \times vG$

(13) $\frac{CD^2}{CP^2} = \frac{Qv^2}{cv \times vT} = \frac{Qv^2}{Pv \times Gv}$ અથવા $\frac{CP^2}{CD^2} = \frac{Pv \times Gv}{Qv^2}$

**પ્રમેય 10** : If a body revolves in an ellipe, it is proposed to find the law of the centripetal force tending to the center of the ellipse.

જે કોઈ પદાર્થ ઉપવલયી ભ્રમણકક્ષામાં ફરતો હોય, તો તેને લાગતા કેન્દ્રગામી બળ જેનું કેન્દ્ર ઉપવલયનું કેન્દ્ર હોય તેવા કેન્દ્રગામી બળ શોધવાની દરખાસ્ત છે.

આકૃતિ 6માં ઉપવલય આપેલો છે જેનું કેન્દ્ર C છે અને તેની અડધી ધરીઓ CA અને CB છે. P અને Q એકદમ નજીકનાં બે બિંદુઓ આ ઉપવલય ઉપર છે. P બિંદુએ સ્પર્શક PR છે અને PCG વ્યાસ છે અને તેનો અનુબદ્ધ (Conjugate) વ્યાસ DCK છે. જે સ્પર્શક RP ને સમાંતર છે. PF, DCK ને લંબ છે અને Q માંથી QT અને QR, CP ને લંબ અને સમાંતર છે. Q$v$ // RP છે.




**આકૃતિ 6**

આપણે પ્રમેય 6 માં સાબિત કર્યું કે કોઈ પણ ભ્રમણકક્ષાને ઊભું કરનાર કેન્દ્રગામી બળ $\frac{QR}{QT^2 \times SP^2}$ ના પ્રમાણસર છે. આનો ઉપયોગ કરીને ઉપવલયી ભ્રમણકક્ષામાં ફરતા પદાર્થ ઉપર લાગતા કેન્દ્રગામી બળ જેનું કેન્દ્ર ઉપવલયનું કેન્દ્ર હોય તેવા બળનું સૂત્ર મેળવીએ.

આપણે ઉપવલયના ગુણધર્મોમાં મેળવેલા સૂત્ર (13)

$\frac{CP^2}{CD^2} = \frac{Pv \times Gv}{Qv^2}$ નો ઉપયોગ કરીને કેન્દ્રગામી બળનું સ્વરૂપ મેળવીએ.

$\Delta QvT$ અને $\Delta CPF$ માં

$Qv \parallel CF$

$\angle QvT = \angle TCF$ (Alt.)

$\angle PFC = \angle QTv = 90^o$

$\therefore \quad \Delta QvT \equiv \Delta CPF$

$\therefore \quad \frac{Qv}{QT} = \frac{CP}{PF}$ હોઈને $\frac{Qv^2}{QT^2} = \frac{CP^2}{PF^2}$ થાય.

$\therefore \quad Qv^2 = \frac{QT^2 \times CP^2}{PF^2}$. આ કિંમત (13)માં મૂકતાં,

$\frac{Pv \times Gv}{QT^2 \times CP^2} \times PF^2 = \frac{CP^2}{CD^2}$ મળે.

Q R P$v$ સમાંતર ચતુષ્કોણ હોઈને QR = P$v$ અને Q$v$ = RP.

VG ≈ GP = 2CP. આનો ઉપયોગ ઉપરના સમીકરણમાં કરતાં,

$\frac{QR \times 2CP}{QT^2} = \frac{CP^4}{PF^2 \times CD^2}$.

P, D, G અને K બિંદુઓએ સ્પર્શકો દોરવાથી લંબચોરસ મળશે. DK આ લંબચોરસના સરખા ભાગ કરે છે. આથી તેમનાં ક્ષેત્રફળો સરખાં થશે. ઉપરના લંબચોરસનું ક્ષેત્રફળ બે રીતે મળે.

$\therefore \quad PF^2 \times CD^2 = CA^2 \times CB^2$

કેન્દ્રગામી બળ $\propto \frac{QR}{QT^2 . CP^2}$ છે અને $\frac{QR}{QT^2 . CP^2} = \frac{1}{2} \frac{CP}{CA^2 \times CB^2}$ છે.

ઉપવલયમાં CA અને CB અચળ હોઈને કેન્દ્રગામી બળ $\propto$ CP છે.

જો ભ્રમણકક્ષા ઉપવલયી હોય તો કેન્દ્રગામી બળ જે પદાર્થને લાગે છે તે ઉપવલયના કેન્દ્રથી પદાર્થના અંતર ઉપર આધારિત છે.


**ઉપવલય ગતિમાર્ગ માટે જવાબદાર બળ**

આપણે પ્રમેય X માં ઉપવલયના કેન્દ્રમાંથી પસાર થતા કેન્દ્રગામી બળ મેળવ્યું જે પદાર્થના કેન્દ્રથી અંતર ઉપર આધાર રાખે છે. હવે જો આપણે કેન્દ્રગામી બળ ઉપવલયના કેન્દ્રમાંથી પસાર થવાના બદલે નાભિમાંથી પસાર થતું હોય તો તે કેન્દ્રગામી બળનું સૂત્ર કેવું હશે તે જોઈએ. આ અગત્યનું પરિણામ છે જે પ્રમેય 6નો અને ઉપવલયના ગુણધર્મોનો ઉપયોગ કરીને મેળવેલું છે.

**પ્રમેય XI** : If a body revolves in a ellipse; it is required to find the law of the centripetal force tending to the focus of the ellipse.

જો કોઈ પદાર્થ ઉપવલયી ભ્રમણકક્ષામાં ફરતો હોય, તો તેને લાગતા કેન્દ્રગામી બળ જેનો ઉપવલયના નાભિ તરફ ઝોક હોય તેનું સમીકરણ મેળવવું છે.

આકૃતિ 7માં બતાવ્યા પ્રમાણે ઉપવલયનાં બે નજીકનાં બિંદુઓ P અને Q આપેલાં છે. ઉપવલયનું કેન્દ્ર C અને નાભિઓ S અને H છે. CA અને CB અર્ધ ધરીઓ છે. P બિંદુએ RPZ સ્પર્શક છે અને કેન્દ્ર C માંથી પસાર થતો PCG વ્યાસ છે અને આ વ્યાસને અનુબદ્ધ વ્યાસ DCK છે. વ્યાસ DCK, RPZ ને સમાંતર છે. QT, SP ને લંબ છે. Q$v$, RPZ ને સમાંતર છે જે CP ને $v$ બિંદુએ અને SP ને $x$ બિંદુએ છેદે છે. HI, RPZ ને સમાંતર છે.




આકૃતિ 7

આપણે જાણીએ છીએ કે કેન્દ્રગામી બળ $\frac{QR}{SP^2 \times QT^2}$ ના પ્રમાણસર છે. આપણે $\frac{QR}{SP^2 \times QT^2}$ ની કિંમત મેળવવાની છે. આના માટે આપણે $\frac{PvG}{Qv^2} = \frac{CP^2}{CD}$ નો ઉપયોગ કરીએ.

$\Delta Pxv$ અને $\Delta PEC$ માં

$\angle PCE = \angle xvP = 90^o$

$EC // vx$, $\angle Pxv = \angle PEC$ (Corresponding)

$\therefore \quad \Delta Pxv \equiv \Delta PEC$

$\therefore \quad \frac{Px}{Pv} = \frac{PE}{PC}$

QRP$x$ સમાંતરબાજુ ચતુષ્કોણ હોઈને P$x$ = QR અને PE = AC જે (4)માં સાબિત કર્યું છે.

$\therefore \quad \frac{QR}{Pv} = \frac{AC}{PC}$ (a)

$\frac{Pv}{Qv^2} = \frac{CP^2}{CD^2} \cdot \frac{1}{vG}$ (b) (13)માંથી

(a) અને (b) નો ગુણાકાર કરતાં,

$$\frac{QR}{Qv^2} = \frac{AC \times PC}{CD^2 \times VG} \qquad (c)$$

$\Delta QxT$ અને $\Delta PEF$ માં

$\angle QTx = \angle PFE = 90^o$

$Qx \,//\, RPZ \,//\, DCK$

$\therefore \quad \angle QxT = \angle PEF$ (Alternate)

$\therefore \quad \Delta QxT \equiv \Delta PEF$

$$\therefore \quad \frac{Qx}{QT} = \frac{PE}{PF} = \frac{AC}{PF}$$

$$\therefore \quad \frac{Qx^2}{QT^2} = \frac{AC^2}{PF^2}$$

આપણે જાણીએ છીએ કે $PF^2 \times CD^2 = CA^2 \times CB^2$

$$\therefore \quad \frac{CA^2}{PF^2} = \frac{CD^2}{CB^2}$$

$$\therefore \quad \frac{Qx^2}{QT^2} = \frac{CD^2}{CB^2} = \frac{Qv^2}{QT^2} \quad (d) \quad (Qv \approx Qx)$$

(c) અને (d)નો ગુણાકાર કરતાં,

$$\frac{QR}{QT^2} = \frac{AC \times PC}{CD^2 \times VG} \times \frac{CD^2}{CB^2} = \frac{AC \times PC}{CB^2 \times VG}$$

Latuo rectum $L = \frac{2b^2}{a} = \frac{2CB^2}{CA}$ (6)માંથી

$$\therefore \quad \frac{QR}{QT^2} = \frac{2}{L}\frac{PC}{VG} \qquad VG \approx 2PC \text{ હોઈને}$$

$$\frac{QR}{QT^2} \times \frac{1}{SP^2} = \frac{1}{L} \times \frac{1}{SP^2}$$

$\therefore$ કેન્દ્રગામી બળ $\propto \frac{1}{SP^2}$

જે આકર્ષણનો વ્યસ્ત-વર્ગનો નિયમ છે.

આ લેખ નીચેનાં પુસ્તકોના આધારે લખાયો છે :


(1) Chandrasekhar S. Newton's Principia for the Common Reader. Oxford Clarendon Press, 1995.

(2) Cohen I. A Guide to Newton's Principia. Berkeley, University of California Press, 1999.

(3) Colin Pask. Magnificient Principia, Prometheus Books, New York, 2019



– વિઠ્ઠલભાઈ અં. પટેલ 'સ્વરાજ'

નરસિંહજીના મંદિર પાસે, ઉવારસદ રોડ, શેરથા Mo. : 94280 19042

# ગ્રંથસૌરભ

**મણિભાઈ પ્રજાપતિ**

**પાયો અને પુનર્રચના : શિક્ષણ અંગેના લેખો /** મનસુખ સલ્લા. અમદાવાદ : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ૨૦૨૦. ૨૪ + ૨૦૬ પૃ. ISBN : ૯૭૮-૯૩-૫૧૬૨-૭૪૨-૫. કિ. રૂ. ૨૫૦

પ્રસ્તુત પુસ્તકનું સાદ્યંત વાંચન કરતાં અને આ સાથે જ રમેશ ર. દવે કૃત 'લોકભારતી વિદ્યાપીઠ' (૨૦૧૨)નું અંશતઃ વાંચન કરતાં સમજાયું કે અહીં તો 'લોકભારતી'નું હૃદય ધબકી રહ્યું છે. આ એટલા માટે સ્વાભાવિક છે કે આ પુસ્તકના સર્જક આચાર્ય મનસુખભાઈ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી પ્રદત્ત નઈ તાલીમથી અનુપ્રાણિત 'લોકભારતી'નું જ સંતાન હોઈ તેના આર્ષદ્રષ્ટા સંસ્થાપકો – અધિનાયકો એવા પોતાના ગુરુજનો નાનાભાઈ ભટ્ટ, મનુભાઈ પંચોળી, 'દર્શક', મૂળશંકર ભટ્ટ, નટવરલાલ બુચ વગેરેના સંસ્કારવારસાથી, તેમ જ 'લોકભારતી'ના જ નિવૃત્તિપર્યંત સેવક (પ્રારંભમાં અધ્યાપક અને સમયાન્તરે આચારવાન આચાર્ય) રહ્યા હોવાથી 'લોકભારતી'ની રીતિ-નીતિઓ તેમના આચાર-વિચારમાં વણાઈ ગઈ છે. 'લોકભારતી'ના શિક્ષણ સંદર્ભે કોઈની પૃચ્છાના ઉત્તરમાં મનુભાઈ પંચોળીએ જણાવ્યું હતું કે 'અમે શિંગડાં માંડતાં શીખવીશું' જેનું પ્રમાણ આ ગ્રંથ છે, જેની પ્રતીતિ લેખકે 'નિવેદન'ના પ્રારંભમાં મૂકેલા શબ્દોથી થાય છે : 'કેળવણી અંગે ગાંધીજી, રવીન્દ્રનાથ ટાગોર, શ્રી અરવિંદ, જે. કૃષ્ણમૂર્તિ અને વિનોબાજી જેવા મનીષીઓના દર્શનની મહાનતા અને સર્વવ્યાપકતા ભૂલીને રાષ્ટ્ર વ્યવહાર કરતું હોય એવું અનેક પ્રસંગો, નિર્ણયો અને વિચારણામાં દેખાયું ત્યારે **અંદરથી ધક્કો વાગતો કે આ અંગે મૌન ન રાખી શકાય. શું હોય, કેવું હોય, શા માટે હોય એ રાષ્ટ્ર સંદર્ભે મૂકવું જોઈએ. આવો પ્રતિભાવ આપવો એ જાણે ફરજ લાગી છે.'** (પૃ. ૨૦)

અહીં પ્રવર્તમાન સમયમાં પ્રચલિત ભારતીય શિક્ષણપ્રણાલીમાં ઘર કરી ગયેલી કેટલીક રૂઢિઓ, જેમ કે, વ્યવસ્થાનાં માળખાં જડબેસલાક, પરીક્ષાનું જડસ્વરૂપ, સેમેસ્ટર પદ્ધતિનું વિચારહીન પ્રાણવિનાનું ખોળિયું, પરીક્ષાલક્ષી અધ્યાપન, શિક્ષણમાં શ્રમનો છેદ ઉડાડવો, વિજ્ઞાન અને સ્મૃતિના વિકાસ ઉપર ભારની સાથે ચારિત્ર્યઘડતર, માનવતા પ્રતિ ક્રમશઃ ભાર ઘટતો જવો, શિક્ષકોનો વિદ્યાર્થીઓ સાથે નિર્વ્યાજ સ્નેહસંબંધના સ્થાને બજારુ સંબંધ, શિક્ષણ ઉપર રાજ્યસત્તાનો લોખંડી કાબૂ, હાથ અને હૈયાની ઉપેક્ષા, સ્વાયત્તતા અને પ્રયોગશીલતાનો અભાવ, પુસ્તકિયું શિક્ષણ, સ્વરાજ્ય બાદ શબ્દફેરે મેકોલેનો ઢાંચો જ મજબૂત બનાવવો, વગેરે અને કરવા જેવા સુધારાઓ પ્રતિ ઉપેક્ષાવૃત્તિને ધ્યાને લઈ 'નઈ તાલીમ' ને કેન્દ્રમાં રાખીને 'લોકભારતી' દ્વારા અમલમાં મૂકેલા કેળવણીના પ્રયોગો, તેમ જ સ્વાધ્યાય તથા સ્વાનુભવ આધારે ભારતીય શિક્ષણ/કેળવણીનો પાયો કેવો હોવો જોઈએ અને તેની પુનર્રચના વિશે સુનિયોજિત ૪૩ લેખોમાં ચિંતન પ્રસ્તુત કરવામાં આવ્યું છે. આ બધાં પ્રસંગોપાત્તનાં વક્તવ્યો/લેખો આ પૂર્વે 'ભૂમિપુત્ર', 'પ્રગતિશીલ શિક્ષણ', 'અચલા', 'શાશ્વત ગાંધી', 'કેળવણી વિમર્શ', 'લોકનિકેતન', 'ઘરશાળા' વગેરે સામયિકોમાં પ્રગટ થઈ ચૂક્યાં છે.

અહીં ગ્રંથસ્થ લેખો પૈકી લેખકને 'માનભાઈ ભટ્ટ શ્રેષ્ઠ શિક્ષક સન્માન'થી સન્માનિત કરવાના અવસરે લેખકે સન્માન સ્વીકારનો પ્રતિભાવ આપતાં રજૂ કરેલું વક્તવ્ય - ''પાયાની વાતનો પાયો'' (૬૨.૬૫) સમગ્ર ગ્રંથનું હાર્દ સમાન દીપી  રહેવાની સાથે સુવાસિત થતું રહ્યું છે. આ વક્તવ્યનાં તેજવલયોની આભા એક યા બીજા સ્વરૂપે સોદાહરણ અને સવિસ્તર સમગ્ર ગ્રંથમાં પથરાયેલી જોવા મળે છે. આ સાથે જ 'લોકભારતી'ના

આચાર્ય તરીકેની સાર્થક કામગીરી (૧૫૫-૧૬૮) અંગેનું ત્રણ લેખોમાં રજૂ કરેલ આત્મવૃત્ત પણ પ્રેરણાદાયી બની રહે છે. પ્રારંભિક ૧૧ લેખો અને અન્ય પરવર્તી કેટલાક લેખોમાં પ્રાયઃ નઈ તાલીમના પરિપ્રેક્ષ્યમાં સાચા શિક્ષણની વિભાવના, ગુણવત્તાયુકત જીવનનું શિક્ષણ, ભારતીય શિક્ષણની ગઈ કાલ અને આજ વગેરે વિશેનું ચિંતન આપણા આર્ષદ્રષ્ટા શિક્ષણચિંતકો મહાત્મા ગાંધી, રવીન્દ્રનાથ ટાગોર, શ્રી અરવિંદ, જે. કૃષ્ણમૂર્તિ, કિશોરલાલ મશરૂવાળા, કાકાસાહેબ કાલેલકર, વગેરેનાં મંતવ્યો સાથેનું ચિંતન સંતર્પક સંતૃપ્તિનો ઓડકાર આપે તેવું સત્ત્વશીલ છે. આ લેખોનો સૂર ગુણવત્તાયુક્ત શિક્ષણ થકી ગુણવત્તાયુક્ત જીવન જીવવાનો માર્ગ શીખવાનો - ‘સાચું જીવન જીવતાં શીખવે તે સાચી કેળવણી’ રહ્યો હોવાથી લેખકે સ્પષ્ટ આગ્રહ રાખ્યો છે કે : ‘આપણે જેટલો ભાર કૌશલ્યવિકાસ ઉપર આપીએ છીએ તેટલો જ ભાર મનુષ્યત્વના વિકાસ ઉપર આપવો જોઈએ’ (૯૦), જે ધ્યાનાર્હ બની રહે છે.

શિક્ષણની વિભાવના સાથે જ તેના આનુષંગિક ઘટકો, જેમ કે, શિક્ષક, વિદ્યાર્થી, વાલી, અભ્યાસક્રમ, પરીક્ષા, વહીવટ, સરકાર, પર્યાવરણ વગેરે વિશે અર્થગહન વિચાર-વિમર્શ રજૂ કરીને ઘર કરી ગયેલાં વલણો અને વૃત્તિઓ તરફ અંગુલિનિર્દેશ કરીને તેમાંથી બહાર નીકળવાનો માર્ગ અને તેનાથી પ્રાપ્ત લાભો ઉજાગર કરી આપ્યા છે, જે સંબંધિત પક્ષો માટે સુચિંતનીય અને અનુકરણીય બની રહે છે. આ બધા ઘટકો પૈકી શિક્ષણના કેન્દ્રમાં શિક્ષક રહ્યો હોઈ, ‘શિક્ષક-વિદ્યાર્થી સંબંધ મૂળતત્ત્વ રૂપ’ હોવા છતાં પ્રવર્તમાન સમયમાં થઈ રહેલી શિક્ષકની અવગણનાના કારણે ઉદ્‌ભવેલ પ્રશ્નો સંદર્ભેનું લેખકનું મંતવ્ય : ‘આજે આપણે આ ભૂલ કરી છે, શિક્ષકને ગૌણ ગણ્યો તેમાંથી આજના કોયડા સર્જાયા છે. અન્ય સઘળાંનો મહિમા કરવામાં આપણે મૂળને બદલે પાંદડે પાણી પાવાની ભૂલ કરી રહ્યા છીએ. એ સ્પષ્ટ થઈ જવાની જરૂર છે કે શિક્ષકનું સ્થાન કોઈ સાધન, પદ્ધતિ કે ટેક્નિક લઈ શકે નહિ. એ સઘળું ઉપયોગી છે, આવશ્યક છે. **પરંતુ કેળવણી પ્રક્રિયામાં એકડો તો શિક્ષક જ છે.**’ (૮૯) નીતિ-નિર્ધારકો માટે આંખ ઉઘાડનાર બની રહે છે. અહીં અ. નં. ૧૪થી ૨૧ સુધીના લેખો ઉપરાંત અત્ર-તત્ર શિક્ષક એટલે શું ? સાચા શિક્ષકની લાક્ષણિકતાઓ, શિક્ષકનું માહાત્મ્ય - શિક્ષકનું ગૌરવગાન, ગુજરાતના ઉત્તમ શિક્ષકો વગેરે ઉજાગર કરી આપવાની સાથે સ્વધર્મના પાલનમાં શિક્ષકોની રુગ્ણ માનસિકતા, વેતનભોગી વલણ વગેરેની કડક શબ્દોમાં ટીકા પણ કરી છે, ઉદા. તરીકે ‘આજે શિક્ષકો વધુ ને વધુ બેદરકાર, કાર્યઉપેક્ષાવાળા, સાંકડી મનોવૃત્તિવાળા બની રહ્યા છે. વિદ્યાર્થીઓ માટેના વાત્સલ્યની ઊણપ એ ગંભીર ઊણપ છે.’ (પૃ.૩૨) આ સાથે જ શિક્ષણનાં ધરુવાડિયાં એવાં છાત્રાલયો અને ગૃહપતિઓની ભૂમિકા, પોતાના પાલ્યના શિક્ષણ પ્રતિ વાલીઓની ઉદાસીનતા, ફક્ત ઊંચી ટકાવારીનું લક્ષ્ય વગેરે બાબતોને ધ્યાને લેતાં વાલીશિક્ષણની આવશ્યકતા, વગેરે વિશેની - તાત્ત્વિકચર્ચા સાથે સંચાલક મંડળોના અભિગમ સંદર્ભે લેખકનું અવલોકન ‘આજનાં સંચાલક મંડળો વ્યવસ્થાનાં પૂજક છે, વિદ્યાનાં પૂજક નથી એટલે આચાર્યો વિદ્યાને બદલે વ્યવસ્થાને વ્હાલી ગણે છે. આ લક્ષણ પ્રજાકીય વિનિપાતનું છે’ (૧૭૮) વિચારણીય બની રહે છે. આજીવન ઉપાસના હેતુ ઇતર વાચનને શિક્ષણનું અને જીવનનું અનિવાર્ય અંગ ગણાવીને તેની ઉપયોગિતા સ-રસ રીતે સમજાવવાની સાથે આ સંદર્ભે શાળા - કૉલેજોએ વર્ષભર હાથ ધરવા જેવી પ્રવૃત્તિઓની વિચારશીલ રૂપરેખા તૈયાર કરી આપી છે, જેમાં આકંઠ શિક્ષકનો જીવ ધબકી રહ્યો છે.

આ પુસ્તકના સર્જકની સમૃદ્ધ વૈચારિક ચેતના અને ભાષાભિવ્યક્તિ સામર્થ્યના કારણે અહીં ઠેર-ઠેર વિચારમૌકિતકો સાહજિક રીતે વણાઈ ગયેલાં જોવા મળે છે, જેમ કે,

- ‘જ્ઞાનની ઉપાસના માટે પૂર્વગ્રહમુક્ત, અનાગ્રહી, સંવેદનશીલ અને વ્યાપક જીવનભાવવાળું ચિત્ત હોવું જોઈએ. ચિત્તની આવી કેળવણી એ જ્ઞાનની ઉપાસના છે’ (૭).
- ‘જે રાષ્ટ્ર એના નાગરિકને શ્રમનું ગૌરવ નથી શીખવતું એ રાષ્ટ્ર પાંગળું અને નિસ્તેજ બની જાય છે’ (૧૬).
- ‘શિક્ષક અધ્યયનશીલ, વિદ્યાર્થી-વત્સલ અને જીવનનાં પરમોચ્ચ મૂલ્યોમાં શ્રદ્ધાવાન હોય એ

પ્રાથમિક શરત છે. આજનો નોકરિયાત શિક્ષક આ નહિ કરી શકે. શિક્ષક સાચા અર્થમાં વિદ્યાપુરુષ બનશે ત્યારે શિક્ષણની નવરચના થશે' (૪૮).

- 'ગુણવત્તાનું સર્જન, ચારિત્ર્યઘડતર એ કેવળ વાણીનો વિષય નથી, મુખ્યત્વે આચરણનો વિષય છે' (૯૬).
- 'વ્યક્તિગત સદ્‌ગુણો સામાજિક સદ્‌ગણો બને તો જ રાષ્ટ્ર ઉન્નત બની શકે.' (૧૪૨).
- 'પ્રાથમિક શિક્ષણ નાગરિકધર્મનું ધરુવાડિયું છે. આજે રાષ્ટ્રમાં અભાવ હોય તો નાગરિકધર્મનો છે.' (૧૮૪).

શિક્ષણક્ષેત્રે અને પ્રવર્તમાન સમયના રાજકારણ અને સમાજકારણમાં પ્રચલિત કેટલીક રીતિ-નીતિઓ સામે લેખકના આક્રોશમાં દેશદાઝનાં દર્શન થાય છે. આ રહ્યાં કેટલાંક વેધક મંતવ્યો :

- 'શિક્ષણ ઉપર રાજસત્તાનો આટલો લોખંડી કાબૂ આ દેશમાં ક્યારેય ન હતો. સરસ્વતી આજે ઉપાસ્ય નથી, રાજસત્તાની દાસી છે. યુનિવર્સિટીઓ, કૉલેજો, વિદ્યાલયો, પ્રાથમિક શાળાઓની કરુણ દશા સર્વ વિદિત છે, કારણ કે શિક્ષણને કેવળ વહીવટની આંખથી જોવામાં આવે છે, ફાઇલના માપથી મપાય છે. સ્વાયત્તતા વિના શિક્ષણ પાંગરી ન શકે. જીવંત ન રહી શકે એ મૂળભૂત સિદ્ધાંત ભુલાયો છે.' (પૃ. ૩૧).
- 'કેળવણીની નવરચનામાં શિક્ષણસંસ્થાઓને વધુમાં વધુ સ્વાયત્તતા અપાય અને ગુણવત્તાની જાળવણી થાય તે જરૂરી બનશે. સ્વાયત્તતા અને પ્રયોગશીલતા એક સિક્કાની બે બાજુ જેવી છે.' (પૃ. ૪૯).
- 'નિર્ણાયકો ભ્રષ્ટ કાર્યકલાપમાં ડૂબતા જાય છે એથી શિક્ષકો નિરાશ કે ઉદાસીન થતા જાય છે. આને પરિણામે શિક્ષણનું સ્તર કથળતું જાય છે. એની ખોટ આખા રાષ્ટ્રને છે. વ્યાપમ કૌભાંડ એનું આંખ ઉઘાડે એવું દૃષ્ટાંત છે.' (પૃ. ૭૦).
- 'આજે કોચિંગ ક્લાસ શાળા-વ્યવસ્થાને ખસેડીને (ગૌણ બનાવીને) નિંદામણની જેમ ફેલાઈ રહ્યા છે. તેના ઉપાયો સવેળા કરવા એ સમાજ અને રાષ્ટ્ર માટે તાતી જરૂરિયાત છે. ખરો ઉપાય છે શાળાશિક્ષણને સક્ષમ અને હેતુપૂર્ણ બનાવવું.' (પૃ.૧૩૦).
- 'આપણે ગાંધીજીને પૂજીએ છીએ; પરંતુ તેમણે સૂચવેલા મર્મોને ગ્રહણ કરતા નથી એટલે વધુ ને વધુ પ્રશ્નોથી ઘેરાતા જઈએ છીએ.' (પૃ. ૧૩૮).

આ સાથે જ નોંધવું રહ્યું કે ગાંધી સાહિત્યના વિશદ અભ્યાસી અને સાચા અર્થમાં જ જેમનાં આચાર-વિચાર ગાંધીજીવનદર્શનથી અનુપ્રાણિત છે તેવા રમેશ સંઘવીએ પ્રસ્તુત વિચારોત્તેજક પુસ્તકનું સાદ્યંત અધ્યયન-પરિશીલન કરીને તેમાં અભિવ્યકત 'કેળવણીનાં તત્ત્વ, સત્ત્વ અને ફૂલગૂંથળી' ને સાધાર અને સવિસ્તર ઉજાગર કરી આપ્યાં છે તે માટે વિશેષ અભિનંદનનાં અધિકારી બની રહે છે. આ ગ્રંથ વિશેનું તેમનું મંતવ્ય : ''આ પુસ્તકના લેખક આ. મનસુખભાઈ સલ્લાનું મૂળ કાઠું જ એક સાચા શિક્ષકનું... અહીં મુકાયેલા તેમના ચિંતન અને અનુભવના શબ્દેશબ્દમાં તેમનું આ શિક્ષકત્વ ઝમતું-ઝરતું, નીતરતું પ્રસરતું અનુભવાય છે. કેળવણી ક્ષેત્રે તેમણે જે ઉપક્રમો યોજ્યા, જે ઉન્મેષો સર્જ્યા, જે પ્રયોગો કર્યા, જે અધ્યયનપૂર્ણ અનુભવમૂલક વિચારો આપ્યા અને જરા હટકે જે નવી કેડીઓ કંડારી તે બધું સમગ્ર કેળવણીની સમજ અને તેની પ્રક્રિયાને નિખારવામાં અત્યંત મૂલ્યવાન માર્ગદર્શકરૂપ છે... આ બધા લેખોમાં એક નરવું, નવલું, સાચું અને પ્રયોગમાં લાવી શકાય તેવું કેળવણી દર્શન મુખરિત થયું છે... કેવળ કેળવણીની વ્યાખ્યા કે સ્વરૂપ-સિદ્ધાંતો સમજાવતું આ પુસ્તક નથી. એક વિશદ સમજ ઊભી થાય તેવું આ પુસ્તકનું કાઠું છે. એક વિચારપ્રેરક, નિષ્ઠાપ્રેરક, કર્મપ્રેરક આ પુસ્તક છે અને નિત્ય-નવતર, આહ્‌લાદક-આનંદભરી, તાજગીપૂર્ણ વિકાસશીલ કેળવણીની આલબેલ છે... શિક્ષકક્ષેત્રમાં પડેલા સહુ માટે આ વિચારો સમજવા કેવળ આવશ્યક જ નહીં, અનિવાર્ય છે.'' યથાર્થ બની રહે છે.

સમગ્રતયા, ભારતીય શિક્ષણના પરિપ્રેક્ષ્યમાં તેના પાયાની વિભાવના અને પ્રવર્તમાન સમયમાં આવશ્યક પુનર્રચના અને તેના ઉપાયો દર્શાવતું આ મૌલિક વિચારોત્તેજક–thoughtprovoking પુસ્તક શિક્ષણ સાથે સંકળાયેલા stake holders માટે પાથેય સમ છે. સવિશેષતઃ શિક્ષણ ક્ષેત્રના પ્રશિક્ષણાર્થીઓ અને શિક્ષકો માટે પાયાની સમજ કેળવવા માર્ગ પ્રશસ્તકારક બની રહેશે. શૈક્ષણિક-સાર્વજનિક ગ્રંથાલયો ઉપરાંત અંગત ગ્રંથસંગ્રહમાં તેનું ઉમેરણ મૂલ્યવર્ધિત બની રહેશે.

ઉલ્લેખનીય છે કે પ્રસ્તુત ગ્રંથના લેખક કેળવણીવિદ્ મનસુખભાઈ સલ્લા ગાંધીજીવનદર્શનના જીવ હોવાની સાથે મૌલિક વિચારક-ચિંતક છે. તેમનાં કેળવણીચિંતન, ગાંધીચિંતન, જીવનચરિત્ર, રેખાચિત્ર, સ્મરણકથા વગેરે વિશેનાં મૌલિક તથા સંપાદિત ૨૦ જેટલાં પુસ્તકો પ્રકાશિત છે, આ પૈકી 'અનુભવની એરણ પર' (૨૦૦૮), 'માણસાઈની કેળવણી' (૨૦૧૩), 'તુલસી ક્યારાના દીવા' (૨૦૧૪) વગેરે પુરસ્કૃત છે. નિવૃત્તિ બાદ લેખન-પ્રવૃત્તિ ઉપરાંત 'ગુજરાતી કેળવણી પરિષદ'ના ઉપક્રમે હાથ ધરવામાં આવી રહેલી પ્રવૃત્તિઓમાં તેમની સક્રિય ભાગીદારીની સાથે **'કેળવણી વિમર્શ'** સામયિકના તંત્રી તરીકેની દૃષ્ટિપૂત સેવાઓ વિશેષ ધ્યાનાર્હ બની રહી છે.

**મણિભાઈ પ્રજાપતિ**

*

**આત્મબળને અજવાળે / પ્રીતિ શાહ.** અમદાવાદ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૨૦૨૦. ૭ + ૧૬૪ પૃ. (કર્મયોગી સ્વ. સાંકળચંદભાઈ પટેલ જીવનઘડતર ગ્રંથશ્રેણી, ૨૨). ISBN : ૯૭૮-૯૩- ૮૩૯૭૫- ૮૧-૧. કિં. રા. ૧૫૦.

પ્રસ્તુત ગ્રંથની લેખિકા પ્રીતિ શાહે 'નિવેદન'માં નોંધેલ શબ્દો : 'આ પુસ્તક માત્ર દિવ્યાંગો માટે કે એ ક્ષેત્રમાં પ્રવૃત્તિ કરનારા લોકો માટે જ નથી, પરંતુ પ્રત્યેક વ્યક્તિને જીવનમાં આવતી વિપત્તિઓ સામે ઝઝૂમવા માટે રહેલી આત્મશક્તિની જિકર કરી જાય છે.' અને શબ્દાન્તરે આ જ ભાવનો પડઘો પાડતાં તેના 'પ્રકાશકીય'માં ડૉ. કુમારપાળ દેસાઈએ અભિવ્યકત કરેલ મંતવ્ય : 'અંધકાર કે આપત્તિને ઓળંગીને અજવાળું સર્જનારાઓની આ વાસ્તવકથા છે. વર્તમાન સમયમાં આવાં વ્યક્તિચિત્રો આજના યુગના માનવીને માત્ર રચનાત્મક અભિગમ જ આપી જતાં નથી, બલકે જીવનસાર્થક્યની એક નવી દિશા ચીંધે છે. આ દૃષ્ટિએ આ પુસ્તક કર્મયોગી શ્રી સાંકળચંદ પટેલ ગ્રંથ-શ્રેણીનું મહત્ત્વનું પ્રકાશન બની રહેશે' વાસ્તવના ધરાતલ ઉપર આધારિત બની રહે છે. અર્થાત્ આ બધાં જ ચરિત્રો આપણી વચ્ચે યથાતથ શ્વસી રહ્યાં છે. અલબત્ત, તેમને દેશ-વિદેશમાંથી શોધવાનું, તેમના ફોટોગ્રાફ્સ મેળવવાનું, તેમનાં જીવન અને શિક્ષણ, બુદ્ધિ-કૌશલ્ય, સંકલ્પબળ, પુરુષાર્થ, પ્રાપ્ત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પુરસ્કારો અને તેમને પ્રોત્સાહિત/મદદ કરનારાં તેમના માતા-પિતા / કુટુંબીજનો / મિત્રો વિશે માહિતી મેળવીને દસ્તાવેજી છતાં સંવેદનશીલ અભિગમથી ઉજાગર કરવાનું બખૂબીપૂર્વકનું કાર્ય લેખિકાએ એક mission સાથે અદા કર્યું છે, જે વિશેષ ધ્યાનાર્હ બની રહે છે.

આ બધાં રેખાચિત્રોમાંથી પસાર થતાં એક વાત સ્પષ્ટ ઊપસી આવે છે કે આ બધી વ્યક્તિઓ જન્મજાત કે અકસ્માત કે અધમાધમ માનવીઓની ક્રૂર વૃત્તિઓ કે અસાધ્ય રોગો, જેમ કે, પોલિયો, સેરિબ્રલ પાલ્સી, રેટિનેટિસ પિગ્મેન્ટોસા, મસ્ક્યુલર ડિસ્ટ્રોફી, સ્કિઝોફેનિયા, રૂમેટોઈડ આર્થ્રાઈટીસ વગેરેથી ગ્રસ્ત હોવાની સાથે આર્થિક, સામાજિક દયનીય સ્થિતિ, આસપાસના સમાજના ગમા/અણગમા તેમજ કટુ વિધાનોથી મર્મઆઘાત સહીને પણ નાસીપાસ થયા સિવાય મક્કમ આત્મબળના અજવાળે પોતાનો ભાવિ માર્ગ જીવનવિજેતા બનીને ઉદાહરણસ્વરૂપ પ્રજ્જ્વલિત કરતાં જોવા મળે છે. અને ખાસ તો બુદ્ધિકૌશલ્ય અને શારીરિક રીતે સશકત એવાં સામાન્ય માણસોની તુલનાએ આ બધાંએ અસાધારણ સિદ્ધિઓ તેમજ આર્થિક સમૃદ્ધિ હાંસલ કરવાની સાથે જ દિવ્યાંગોની દિવ્યભાવના અર્થાત્ દિવ્યાંગોની સેવા કાજેના તેમના સંકલ્પો અને હાથ ધરેલાં કાર્યો આપણ સૌ માટે પ્રેરણાદાયી હોઈ અભિનંદનીય બની રહે છે. આ પૈકી 'પદ્મશ્રી'થી વિભૂષિત એવાં ૨૧ મે, ૨૦૧૩ ના રોજ એવરેસ્ટ પર ભારતનો ધ્વજ ફરકાવીને વર્લ્ડ રેકૉર્ડ સ્થાપિત કરનાર વિકલાંગ અરુણિમા સિંહા (પૃ. ૮૦), ૨૦૧૬ના પેરાલમ્પિકમાં સુવર્ણચંદ્રક વિજેતા વિકલાંગ મરિયપ્પન (પૃ. ૧૩), અનેક પુરસ્કારો જીતનાર તથા ઇલેકશન કમિશનનો બ્રાન્ડ ઍમ્બેસેડર પોલિયોગ્રસ્ત ગિરીશ નાગરાજે ગૌડા (પૃ. ૬૫) વગેરે, પ્રજ્ઞાચક્ષુ ફિઝિઓથેરાપિસ્ટ કૃતિકા પુરોહિત, ત્રણ વખત આઈ.એ.એસ.ની પરીક્ષા પાસ કરનાર બધિર મણિરામ શર્મા (પૃ. ૧૦), ડી.લિટની ડિગ્રી મેળવનાર અને ટોકિંગ લાઇબ્રેરી શરૂ કરનાર પ્રજ્ઞાચક્ષુ મધુ (પૃ. ૧૧૭), બંને હાથ ગુમાવનાર અને પગથી વિમાન ઉડાડતી વિશ્વની પહેલી મહિલા જેસિકા કોકસ, ૨૫ મે, ૨૦૦૧ના એવરેસ્ટ શિખરે પહોંચનાર દુનિયાનો પ્રથમ પ્રજ્ઞાચક્ષુ અને દુનિયાના ૭ મહાદ્વીપોના ૭ શિખરો સર કરનાર એરિક

વ્હેનમેયર (પૃ. ૭૧), માત્ર દોઢ વર્ષની ઉંમરે પોલિયોગ્રસ્ત અને ૬૫% અંગો નિષ્પ્રાણ ધરાવનાર પ્રકાશ નાદર સમયાન્તરે તરણ અને અન્ય સ્પર્ધાઓમાં ૮૧ સુવર્ણ, ૨૯ રજત અને ૨૭ કાંસ્ય ચંદ્રકોનો વિજેતા અને ૧૧૦ વખત રક્તદાન કરનાર, એશિયામાં પ્રથમ અને વિશ્વમાં બીજા ક્રમનો ફાઇનાન્સિઅલ ટ્રેડર પ્રજ્ઞાચક્ષુ વિશાલ અગ્રવાલ, વ્હિલચૅર પર બેસીની પોતાનાં ધ્યેયનિષ્ઠા અને પુરુષાર્થ થકી શ્રેષ્ઠતમ સિદ્ધિઓ હોસંલ કરી પોલિયોની લોકજાગૃતિનું કામ કરનાર તથા યુનેસ્કો દ્વારા 'સદ્‌ભાવના દૂત' નિયુક્ત થનાર પાકિસ્તાનની મુનીબા મઝારી વગેરે ઉદાહરણસ્વરૂપ બની રહે છે. આ બધાં પૈકી જેસિકા કોકસ - 'Disarm Your Limits', જેનિફર બ્રિકર - 'Everything is Possible', નવીન ગુલિઆ - 'In the Quest of the Last Victory', માલિની છીબ - 'One Little Finger', એલ. સુબ્રમણિ - 'Lights out', મીરા શિનોય - 'you can' વગેરે વ્યક્તિઓએ આત્મકથા / સંસ્મરણોનું લેખન કર્યું છે, જે દિવ્યાંગોની સર્જક પ્રતિભાનું દ્યોતક બની રહેવાની સાથે અન્યો પ્રેરણાદાયી બની રહે છે. અને ખાસ તો લેખિકાએ આ વિગતને-સર્જકતાને ઉજાગર કરવામાં પ્રાધાન્યતા આપી છે તે બહુવિધ રીતે મહત્ત્વની બની રહે છે.

વિવિધ પ્રકારના દિવ્યાંગોનાં ચરિત્રાંકનો સાથે મૂઠી ઊંચેરી માનવતાને વરેલાં ૧૮ જેટલી વ્યક્તિઓ, જેમ કે, દેવાંસી દલાલ, જોઆનિતા, ધ્રુવ લાટકા, ડૉ. રાધિકે ખન્ના, ડૉ. મહાલક્ષ્મી ઐય્યર, અંજલિ શાહ, મીરા શિનોય, ભરત જોશી, પ્રજ્ઞાચક્ષુઓ માટે 'સેન્ટ્રલ લાઇબ્રેરી ઑફ ઑડિયો બુક્સ ઇન ઇન્ડિયન લૅંગ્વેજીસ'ની સ્થાપના કરનાર નિધિ અરોરા, વગેરે દિવ્યાંગોની સેવાકાજે નિજાનંદની મસ્તીથી સેવાકાર્યોમાં વ્યસ્ત રહે છે તેમનાં રેખાચિત્રો અહીં સમાવિષ્ટ છે. આ પૈકી કેટલાંક તો પોતાની જાતને લગ્નબંધનથી દૂર રાખી દિવ્યાંગોની સેવા કાજે સમર્પિત બની રહ્યાં છે.

ગ્રંથસ્થ ૭૫ ચરિત્રાંકનો પૈકી ૮ જેટલાં વિદેશી છે. આ બધાં મૂઠી ઊંચેરાં ચરિત્રોને પ્રજાસમક્ષ ઉજાગર કરવામાં દિવ્યાંગો પ્રત્યે માત્ર સહાનુભૂતિની ભાવના નહીં; પરંતુ ખાસ તો દિવ્યાંગો હોવા છતાં શારીરિક રીતે સમક્ષ વ્યક્તિઓ સામે રોલ-મૉડેલ ચરિત્રો રજૂ કરીને ઝંઝાવાતોનો સામનો કઈ રીતે કરી શકાય અને જીવનમાં સફળતા હોંસલ કરી શકાય તે દર્શાવવાનો અને આ સાથે જ દીન-દુઃખીજનો પ્રતિ ક્રિયાશીલ કરુણાર્દ્ર બની રહેવાની દુરંદેશિતા શીલ ભાવના ધ્યાનાર્હ બની રહે છે.

સમગ્રતયા આ રેખાચિત્રો તેના લાઘવ, વિષયવસ્તુ અને હૃદયસ્પર્શી રજૂઆતના કારણે એકી બેઠકે વાંચી જવા બાધ્ય કરે તેવાં તેમજ સંતર્પક સંતુષ્ટિ આપે તેવાં સત્ત્વશીલ છે, તેમજ નિષ્ક્રિય અને પણ ક્રિયાશીલ બનાવી મુકે તેવાં ઊર્જાશીલ અને સંવેદનશીલ છે. આ સાથે જ પ્રસંગોપાત્તનાં બોધદાયક વચનો, જેમ કે 'વિકલાંગ એ એક મનઃસ્થિતિ છે', 'મજબૂત ઇચ્છાશક્તિથી માનવી કોઈ પણ મુશ્કેલ પરિસ્થિતિમાં માર્ગ કાઢી શકે છે અને કામયાબી મેળવી શકે છે', 'દુર્ઘટના તો કોઈની પણ સાથે થઈ શકે. પીડિતોને ઉપેક્ષા નહીં, પણ સાહજિક સહયોગની જરૂર છે', 'જિંદગીમાં તમારે કયા પડકારનો સામનો કરવાનો આવશે એની પસંદગી કરવાનો તમને કોઈ અવકાશ હોતો નથી; પરંતુ આવેલા પડકારનો સામનો કરવો કે નહીં તે નક્કી કરવાની તમારી પાસે પૂરતી શક્તિ અને સંકલ્પ છે' વગેરે વાચકને સ્પર્શી જાય તેવાં છે. આ સાથે જ નોંધવું રહ્યું કે સમાવિષ્ટ ચરિત્રાંકનોનાં શીર્ષકો સંબંધિત ચરિત્રનાયકની ગુણરાશી આધારિત આપવામાં આવ્યાં છે, જેનો અનુક્રમમાં સમાવેશ કર્યો છે તે યથાયોગ્ય છે. આમ છતાં સમાવિષ્ટ વ્યક્તિઓનાં નામ અને તેમનાં સરનામાં સાથેની ગ્રંથાન્તે સૂચિ Value added બની રહેત.

ઉલ્લેખનીય છે કે પ્રસ્તુત ગ્રંથના લેખિકા ડૉ. પ્રીતિ શાહ 'એમ.પી. શાહ આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, અમદાવાદ'માંથી ગુજરાતી વિભાગનાં અધ્યક્ષા તરીકે સેવાનિવૃત્ત છે. 'ભારતીય વિદ્યા ભવન'માં પત્રકારત્વના અભ્યાસક્રમમાં ઉચ્ચસિદ્ધિ બદલ 'શ્રી કનૈયાલાલ મુનશી રૌપ્ય ચંદ્રક' (૧૯૭૮)થી અલંકૃત છે. ૧૫થી અધિક મૌલિક તથા સંપાદિત પુસ્તકો પ્રકાશિત છે. આ પૈકી 'પીધો અમીરસ અક્ષરનો' જેવાં કેટલાંક પુસ્તકો એકાધિક આવૃત્તિઓ પામ્યાં છે, તેમજ 'ગુજરાતી સાહિત્ય પરિષદ', 'ગુજરાત સાહિત્ય અકાદમી' વગેરે દ્વારા પુરસ્કૃત છે. આપશ્રીનું વિશેષ ઉલ્લેખનીય પ્રદાન તો 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ને પ્રતિબદ્ધતા સાથે સમર્પિત બની રહી અનાસકતાભાવે ક્રિયાશીલ બની રહેવું છે.

**મણિભાઈ પ્રજાપતિ**

# સંસ્થા સમાચાર

## યુનિવર્સિટી / કૉલેજ વિભાગ

### ઓનલાઈન મુલાકાત

૭બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (બીબીએ), ગાંધીનગરના ૨૫૩ વિદ્યાર્થીઓ દ્વારા કચ્છ જિલ્લાના (SEZ) અંજારમાં આવેલ વિશ્વ વિખ્યાત વેલસ્પન કંપનીની વર્ચ્યુઅલ મુલાકાત લેવામાં આવી. કંપનીના એચ. આર. વિભાગના હેડ આલોકકુમાર દ્વારા વિદ્યાર્થીઓને પ્રોડકશન અને ઑપરેશન્સ 'પ્લાન્ટ લે આઉટ', ઉત્પાદનનનાં વિવિધ તબક્કાઓમાં સંચાલન કેવી રીતે કરવું તથા એકસપોર્ટ-ઇન્પોર્ટ વિશે તથા શ્રી પ્રસૂનકુમાર દ્વારા કંપનીના પ્લાન્ટ બાબત વિશે સમજાવવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે એશિયાના આ સૌથી મોટા ETP પ્લાન્ટમાં ૯૦ ટકા પાણી પુનઃ ઉપયોગમાં લેવામાં આવે છે. કચ્છની ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાનમાં લઈ અહીં ૩૦૦ કરોડ લિટર વરસાદી પાણીના સંગ્રહ માટે આયોજન કરવા ઉપરાંત કંપની દ્વારા ૨ શાળાઓ ચલાવવામાં આવે છે, તેમજ આરોગ્ય સુખાકારી માટે ડિવાઈન હૉસ્પિટલ શરૂ કરવામાં આવી છે.

### કાર્યશિબિર

૭ બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (બીબીએ) દ્વારા તૃતીય વર્ષના વિદ્યાર્થીઓ માટે માર્કેટિંગના વ્યવહારિક પાસા વિશે કાર્યશિબિરનું આયોજન તા. ૧૮ જાન્યુઆરીના રોજ કરવામાં આવ્યું. મુખ્ય વક્તા શ્રી પ્રતિશ યાજ્ઞિક (બિઝનેસ મૅનેજર - ટ્રોઈકા ફાર્માસ્યુટિકલ) દ્વારા વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ કારકિર્દીના ઘડતર માટે પોતાના ધ્યેયને પામવા બાબતે તલસ્પર્શી માહિતી આપવામાં આવી હતી. તા. ૨૧ જાન્યુઆરીના રોજ મૅનેજિંગ એડવર્ટાઈઝિંગ ઇન કૉર્પોરેટ વિષય પર કાર્યશિબિરનું આયોજન કરવામાં આવતાં મુખ્ય વકતા ડૉ. સીમા હરિરામાની દ્વારા એટવર્ટાઈઝિંગ મૅનેજમેન્ટ બાબતે શ્રેષ્ઠ કારકિર્દીના ઘડતર માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું, તેમ જ 5 Mનો અર્થ રસપ્રદ રીતે સમજાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે પ્રિ. ડૉ. રમાકાંત પૃષ્ટિ અને ઉપાચાર્ય ડૉ. જયેશ તન્નાએ આમંત્રિત વક્તાશ્રીઓનું સન્માન અને પરિચય કરાવ્યો હતો.

### પીએચ.ડી.

૭ કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર દ્વારા નીચે દર્શાવેલા વિદ્યાર્થીઓને તેમના નામ સામે જણાવેલ શોધપ્રબંધ ઑગસ્ટ, ૨૦૨૦થી જાન્યુઆરી, ૨૦૨૧ દરમિયાન સ્વીકારીને તેમને Ph.D.ની ડિગ્રી એનાયત કરવામાં આવી.

#### Biotechnology :

1. Brahmbhatt, Nikunj Narharibhai : ''Development of Loop Mediated Isothermal Amplification for Forensic Investigation of Closed Inter-Species Animals'' / Subject : Biotechnology / Guide : Dr. Vivek Upasani. Ref. N0. Ph.D. / 440/ 2020. 19/12/2020.
2. Kharadi, Ankitkumar Shaileshkumar : ''Studies on Enzymes and Metabolites of Microbes from Mangrove Ecosystems in Gujarat'' / Subject : Biotechnology / Guide : Dr. Falguni R. Patel. Ref. N0. Ph.D. / 441/ 2020. 23/12/2020.
3. Kommu, Sasikanth : 'Development of A Sustainable Technology for Production of Biofuels and Treatment of Industrial Effluents Through Micro Alga Isolated from North Gujarat Waters" / Subject : Biotechnology / Guide : Dr. Lakshmi. B. Ref. N0. Ph.D. / 443/ 2020. 24/12/2020.
4. Vaidya, Kanak : ''Molecular Characterization of Fenugreek Varieties and Identification of Genes Responsible for Saponin Synthesis Using De-Novo Transcriptome'' / Subject : Biotechnology / Guide : Dr. Surendra Kumar Chikara. Ref. N0. Ph.D. / 432/ 2020. 23/10/2020.

#### Chemistry

5. Bhadoriya, Abhaysingh Yogendrasingh : ''Bioanalysis of Some Selected Drugs in Human Plasma By LC-Ms/Ms For Clinical

Studies'' / Subject : Chemistry / Guide : Dr. Pranav S. Shrivastav. Ref. N0. Ph.D. / 445/ 2020. 29/12/2020.

## Commerce

6. Mehta, Ekta Nileshkumar : ''A Study on Performance Evaluation of Selected Private General Insurance Companies of India'' Subject : Commerce / Guide : Dr. Vigna M. Oza. Ref. N0. Ph.D. / 438/ 2020. 18/12/2020.
7. Rana, Payalba Shankarsinh : ''A Study of Profitability and Productivity With Respect to District Co-Operative Dairies in Gujarat'' / Subject : Commerce / Guide : Dr. Vigna M. Oza. Ref. N0. Ph.D. / 436/ 2020. 16/12/2020.
8. Togadiya, Jigneshbhai Bavchandbhai : ''A Study of Sectoral Impact of Goods & Service Tax (GST) on Shares Return of Indian Stock Exchange'' / Subject : Commerce / Guide : Dr. Vigna M. Oza. Ref. N0. Ph.D. / 437/ 2020. 17/12/2020.

## Education

9. Chaurasiya, Kamini Devi : ''A Study of Open Book and Closed Book Examination with Respect to Certain Variables'' / Subject : Education / Guide : Dr. Sanjay M. Gupta. Ref. No. Ph.D. / 442/ 2020. 24/12/2020.
10. Koradia, Manojkumar Ranchhodbhai : ''Construction and Standardization of Multiple Intelligences Scale for the Pupils of Ages 10-14 Years'' / Subject : Education / Guide : Dr. Veenaben Patel. Ref. N0. Ph.D. / 431/ 2020. 25/09/2020.
11. Saleena, M. : ''Development of Teaching Learning Materials in Hindi Subject For Std VII and Its Effectiveness'' Subject : Education / Guide : Dr. Veenaben Patel. Ref. N0. Ph.D. / 439/ 2020. 19/12/2020.
12. Shersingh, Dahiya Anupriya : ''Construction and Standardization of Emotional Intelligence Inventory for Secondary and Higher Secondary School Teachers'' / Subject : Education / Guide : Dr. Harikrishna A. Patel. Ref. N0. Ph.D. / 435/ 2020. 02/12/2020.

## Electrical Engineering

13. Pandya, Maulikkumar Chandrakant : ''Coordinated Control Of Facts Devices to Enhance the Dynamic Performance Of Power System'' / Subject : Electrical Engineering / Guide : Dr. Jitendra G. Jamnani. Ref. N0. Ph.D. / 434/ 2020. 28/11/2020.
14. Sukhadia, Rakeshkumar Pravinchandra : ''Performance Analysis of Grid Connected PV Power Generation System'' / Subject : Electrical Engineering / Guide : Dr. Saurabh N. Pandya. Ref. N0. Ph.D. / 444/ 2020. 28/12/2020.

## English

15. Modi, Vikikumar Manubhai : ''Designing and Evaluating A Call Material to Improve Communicative Competence in English for Degree Engineering Students'' / Subject : English / Guide : Dr. Chetankumar N. Trivedi. Ref. N0. Ph.D. / 446/ 2021. 05/01/2021.

## Library & Information Science :

16. Pathak, Sandip Jayantilal : ''Library Security: A Case Study of the University Libraries of Gujarat'' / Subject : Library & Information Science / Guide : Dr. Priyankiben R. Vyas. Ref. N0. Ph.D. / 430/ 2020. 21/08/2020.

## Physics

17. Patel, Ghanshyambhai Rambhai : ''Search of An Equation of State For Nanomaterial and Effect of Size on Properties of Nanomaterial'' / Subject : Physics / Guide : Dr. Tushar C. Pandya. Ref. N0. Ph.D. / 429/ 2020. 01/08/2020.
18. Lakhatariya, Duhita Bhikhubhai : ''Crystal Growth and Characterizations of Niobium

Diselenide (NBSE2) Single Crystals'' / Subject : Physics / Guide : Dr. Kaushikkumar R. Patel. Ref. N0. Ph.D. / 433/ 2020. 10/11/2020.

## પ્રજાસત્તાક પર્વ

ૠરાષ્ટ્રના ૭૨મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી અંતર્ગત સર્વ વિદ્યાલય કેમ્પસ, કડીમાં મંડળના મંત્રીશ્રી ડૉ. જયંતીભાઈ પટેલના વરદહસ્તે ધ્વજવંદન કરાવી રાષ્ટ્રધ્વજને સલામી અપાઈ હતી. કોવિડ-૧૯ની પરિસ્થિતિની ગાઇડલાઇન મુજબ સીમિત સંખ્યામાં ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ચૅરમૅન શ્રી વલ્લભભાઈ પટેલે ઉદ્‌બોધન કરતાં જણાવ્યું હતું કે કોરોના કાળમાં લૉકડાઉનના કારણે વર્ગખંડોમાં પ્રત્યક્ષ અભ્યાસની શક્યતા ન રહેતાં વિદ્યાર્થીઓનાં શૈક્ષણિક હિતોની રક્ષા હેતુ તેમજ તેમની કારકિર્દી ઘડતર હેતુ અધ્યાપકો / શિક્ષકોએ ઓનલાઇન દ્વારા શિક્ષણ પૂરું પાડીને તેમજ સતત મૉનિટરિંગ કરીને આ કાર્ય ખૂબ જ નિષ્ઠાપૂર્વક કરવામાં આવ્યું અને આજે પણ કરાવી રહ્યા છે તેને એક ઐતિહાસિક ઘટના લેખું છું. સંસ્થાના એકેડેમીક કલ્ચરને જીવંત રાખવામાં આચાર્યશ્રીઓ અને અધ્યાપકો / શિક્ષકોની ભૂમિકા પ્રશંસનીય બની રહી છે. આ કાર્ય હેતુ શાળા / કૉલેજોના પ્રિન્સિપાલશ્રીઓ અને સમગ્ર સ્ટાફને અભિનંદન પાઠવીને સમગ્ર વિશ્વ કોરોના મહામારીમાંથી ઝડપથી બહાર આવશે તેવો આત્મવિશ્વાસ વ્યક્ત કરીને પ્રજાસત્તાક પર્વ નિમિત્તે સૌને શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે મંડળના મંત્રીશ્રીઓ ડૉ. મણિભાઈ પટેલ, ડૉ. રમણભાઈ પટેલ, શ્રી મહેશભાઈ પટેલ, પ્રિન્સિપાલશ્રીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ૠસર્વ વિદ્યાલય કેળવણી મંડળના ગાંધીનગર કૅમ્પસ, સેક્ટર-૨૩માં સ્થિત એમ. બી. પટેલ ઇંગ્લિશ મીડિયમના પરિસરમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયનાં ઇન્ચાર્જ કુલપતિ અને એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજનાં પ્રિ. ડૉ. ગાર્ગી રાજપરાની નિશ્રામાં ૭૨મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ અંતર્ગત પ્રિ. ડૉ. ગાર્ગીબહેન રાજપરાએ ધ્વજવંદન કરાવીને પ્રસંગોચિત્ત ઉદ્‌બોધનમાં 'કોવિડ-૧૯'ની મહામારીનો ધ્યેયનિષ્ઠા સાથે સામનો કરવાના સરકારના પ્રયાસ અને રાષ્ટ્રના નાગરિકોએ તેટલી જ પ્રતિબદ્ધતાથી આપેલ સહકારની સરાહના કરી હતી. આ સાથે જ વધુમાં જણાવ્યું હતું કે આપણું બંધારણ આપણને નાગરિક અધિકારોની સાથે ફરજોનું પાલન કરવાનું પણ જણાવે છે. તેથી રાષ્ટ્રના અદના નાગરિક તરીકે ફરજોનું યથાયોગ્ય પાલન કરવું એ આપણે નાગરિકધર્મ છે, બંધારણીય પર્વની ઉજવણીનો સંદેશ છે. આપણે કર્મઠ બની રહી આપણા સ્વધર્મનું પાલન નિષ્ઠાપૂર્વક કરવું જોઈએ. રાષ્ટ્રના વિકાસનો આધાર ઉચ્ચ ગુણવત્તાશીલ શિક્ષણ થકી જ છે તે નજર સમક્ષ રહેવું જોઈએ. આ પ્રસંગે મંડળ સંચાલિત શાળા / કૉલેજોના પ્રિન્સિપાલશ્રીઓ અને અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.

## યુવા પરિષદ

ૠ બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (બીબીએ) દ્વારા રાષ્ટ્રીય સેવા યોજનાના ઉપક્રમે રાષ્ટ્રીય યુવા દિવસ તેમજ NSS કૅમ્પના સમાપન ને એક વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષ્યમાં પૂજ્ય માણેકલાલ પટેલસાહેબની પુણ્યતિથિ એટલે કે સ્વામી વિવેકાનંદની જન્મજયંતી નિમિત્તે યુવા પરિષદનું આયોજન તા. ૧૨ જાન્યુઆરીના રોજ કરવામાં આવ્યું હતું. પ્રિ. ડૉ. રમાકાન્ત પૃષ્ટિ દ્વારા મુખ્યવક્તા તેમજ કાર્યક્રમના અતિથિવિશેષ ડૉ. પાર્થ રશ્મિકાંત ભટ્ટને આવકારીને વિદ્યાર્થીઓને પૂજ્ય માણેકલાલ સાહેબ તેમજ સ્વામીજીના જીવનમૂલ્યોને સમજી વ્યવહારમાં ઉતારવા જણાવ્યું હતું. ઉપાચાર્યશ્રી ડૉ. જયેશ તન્નાએ કાર્યક્રમ બાબતની સમજ આપીને યુવાનોને હંમેશાં કર્તવ્યનિષ્ઠ બની કારકિર્દીમાં આગળ વધવા જણાવ્યું હતું. આ પરિષદમાં ૧૩૫ સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા. આ અન્વયે પૂજ્ય માણેકલાલ સાહેબ અને સ્વામીજીનાં જીવનચરિત્ર આધારિત વિચારગોષ્ઠીનું આયોજન કૉલેજ પરિવારની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન ડૉ. પાર્થ રશ્મિકાંત ભટ્ટે વિદ્યાર્થીઓને અભ્યાસ બાબતે તેમના સ્વાનુભાવની વાત કરી અભિપ્રેરિત કર્યા હતા. પ્રોગ્રામ ઑફિસર પ્રા. ધર્મેન્દ્રસિંહ રાઠોડ દ્વારા કાર્યક્રમનું સુચારુ સંચાલન કરવામાં આવ્યું હતું.

## રક્તદાન શિબિર

ૠસર્વ વિદ્યાલય કેળવણી મંડળના પૂર્વ ચૅરમૅન સદ્‌ગત માણેકલાલ એમ. પટેલસાહેબની ૯૨મી જન્મજયંતીની સ્મૃતિમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી અને ગાંધીનગરનાં પરિસરોમાં રક્તદાન શિબિરનું આયોજન તા. ૧ ફેબ્રુઆરી, ૨૦૨૧ના રોજ કરવામાં આવ્યું હતું. આ અન્વયે કડી પરિસરમાં ૨૫૧ અને ગાંધીનગર પરિસરમાં ૩૯ કુલ મળી ૨૯૦ રક્તબૉટલોનું દાન મેળવવામાં આવ્યું હતું. આ રક્તબૉટલો રેડક્રોસ સોસાયટી, અમદાવાદને મોકલી

આપવામાં આવી હતી. અત્રે નોંધવું રહ્યું કે સદ્‌ગત માણેકલાલ પટેલસાહેબની સ્મૃતિમાં વર્ષ ૨૦૧૨થી વર્ષ ૨૦૨૧ સુધી પ્રતિવર્ષ આયોજિત રક્તદાન શિબિરોમાં કુલ ૮૫૪૮ રક્તબૉટલો દાનસ્વરૂપે મેળવવામાં આવી છે. આ પ્રસંગે મંડળના ચૅરમૅન શ્રી વલ્લભભાઈ પટેલ, મંત્રી શ્રી ડૉ. મણિભાઈ પટેલ અને અન્ય સૌ અગ્રણીઓ, પ્રિન્સિપાલશ્રીઓ વગેરેએ ખાસ ઉપસ્થિત રહીને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

## વેબિનાર

ઝએસ. વી. કૉલેજ ઑફ એજ્યુકેશન અને સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશનના વિમેન્સ ડેવલપમેન્ટ સેલ દ્વારા સાયબર ક્રાઇમ અવેરનેસ પર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મહેસાણા સાયબર સેલના P.S.I. શ્રી ઈશ્વરભાઈ ચૌધરીએ તજ્જ્ઞ તરીકે સેવાઓ આપી હતી. તેમણે Social Media Fraud, Financial Fraud, Identity Theft on Social Media, Misuse of Digital Gadgets and Privacy જેવા સાયબર ક્રાઈમ વિશે ઊંડાણપૂર્વક માહિતી પૂરી પાડી હતી. કોન્સ્ટેબલ સમીરભાઈ બારોટે સાયબર ક્રાઈમ અંગેની કેવા પ્રકારની ફરિયાદો તેમની પાસે આવે છે તે વિશે વિગતે વાત કરી હતી. કાર્યક્રમના અંતે પ્રશ્નોત્તરી દરમિયાન P.S.I. શ્રી ઈશ્વરભાઈ ચૌધરીએ સાઈબર ક્રાઈમના પ્રશ્નોના તર્કસંગત પ્રત્યુત્તરો પાઠવીને સમજાવ્યું હતું. આ કાર્યક્રમમાં બંને કૉલેજોના અધ્યાપકો તેમજ ૨૫૦ જેટલા તાલીમાર્થીઓ જોડાયા હતા. કાર્યક્રમનું આયોજન આચાર્યશ્રી ડૉ. ભાવિકભાઈ શાહના માર્ગદર્શન હેઠળ WDCના કૉ-ઑર્ડિનેટર ડૉ. તૃપ્તિબહેન ઉપાધ્યાય અને પ્રા. મિડલબહેન પટેલે કર્યું હતું.

ઝ શ્રી માણેકલાલ એમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સિસ ઍન્ડ રિસર્ચના એમ.એસસી. ઇન્ફોર્મેશન ટૅક્નૉલૉજી વિભાગ દ્વારા Tops Technologyના સહયોગમાં વિદ્યાર્થીઓ માટે ફ્રી વેબિનારનું આયોજન ૧૬-૧૭ જાન્યુઆરીના દિવસોમાં કરવામાં આવ્યું હતું. જેમાં ૯ વિદ્યાર્થીઓએ Android, Graphic Designing and Data Analytics with Machine Learning જેવા અલગ-અલગ વિષયોમાં ભાગ લીધો હતો. ભાગ લેનાર વિદ્યાર્થીઓને Tops Technology તરફથી સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યાં હતાં.

# શાળા વિભાગ

## બાલઊર્જા રક્ષકદળ

ઝ શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં તા. ૬/૨/૨૦૨૧ના રોજ નિસર્ગ કૉમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા ઓનલાઈન બાલઊર્જા રક્ષકદળનું આયોજન કરવામાં આવતાં વિદ્યાર્થીઓએ ઊર્જા જાગ્રતિ અંગેનું પાવરપૉઇન્ટ પ્રેઝન્ટેશન અને એનર્જી સેવિંગ મોડેલ નિહાળ્યું હતું. આ ઉપરાંત વિદ્યાર્થીઓમાં ઊર્જા જાગ્રતિ લાવવા માટે ઓનલાઈન ક્વીઝ રાખવામાં આવી હતી.

## રાષ્ટ્રીય બાલવિજ્ઞાન સ્પર્ધા

ઝ નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કૉંગ્રેસ પ્રેરિત અને નિસર્ગ કૉમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા તા. ૧૫ ડિસેમ્બરના રોજ જિલ્લા કક્ષાની રાષ્ટ્રીય બાલવિજ્ઞાન ઓનલાઈન સ્પર્ધાનું આયોજન કરવામાં આવતાં શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાઇમરી સ્કૂલ, ગાંધીનગરની વિદ્યાર્થિનીઓએ શિક્ષિકા શિલ્પાબહેન ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ ૬ વિદ્યાર્થિનીઓએ અલગ-અલગ વિષય પર પ્રોજેકટની રજૂઆત કરી હતી. આ પૈકી ૫ પ્રોજેક્ટની પસંદગીમાંથી ૨ વિદ્યાર્થિનીઓ વિજેતા બની. આ પ્રોજેક્ટ રાજ્યકક્ષા માટે પસંદગી પામ્યો છે. અભિનંદન.

## ઓનલાઈન પ્રવૃત્તિઓ

ઝશ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી સંચાલિત શ્રી કડી નાગરિક સહકારી બૅંક પ્રાથમિક શાળા, એસ. વી. કૅમ્પસ, કડીમાં ઓનલાઈન ક્લાસની સાથે-સાથે બાળકોમાં રચનાત્મક ક્ષમતાનો વિકાસ થાય તે માટે શિક્ષકો દ્વારા વેસ્ટમાંથી બેસ્ટની વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવી, જેવી કે, માટીમાંથી રમકડાં, ચાર્ટ પેપરમાંથી ફરકડી, થર્મોકોલમાંથી ગાડી, ગણપતિનું ચિત્ર દોરી જુદા-જુદા કઠોળનું ચિત્રકામ, પેપરમાંથી તોરણ, બૉટલમાંથી ફીરકી અને રંગીન કાગળમાંથી પંતગ બનાવવો. આ ઉપરાંત 'Save Earth' ચિત્રસ્પર્ધા અંતર્ગત ચિત્રો દ્વારા પૃથ્વીનું રક્ષણ કરવાની કટીબદ્ધતા દાખવવી તેમજ આ અંગે વક્તવ્ય રજૂ કરવામાં આવ્યું હતું. આપણા બ્રહ્માંડનાં મૃદાવરણ, જલાવરણ, અને વાતાવરણ એમ ત્રણેય આવરણોનું માનવ સમુદાયના હિતમાં રક્ષણ કરવું અને પૃથ્વી બચાવવી, તથા ૧૪ જાન્યુઆરીએ મકરસક્રાંતિના તહેવારના સંદર્ભે શાળાપરિવાર તરફથી ઓનલાઈન વર્ગોમાં ઉત્તરાયણ પર્વ નિમિત્તે ચિત્રસ્પર્ધા

યોજવામાં આવતાં બાળકોએ સરસ ચિત્રોનું સર્જન કર્યું હતું.

ઝએસ. વી. અને એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં શિક્ષકોના માર્ગદર્શન હેઠળ તા. ૨૧ ડિસેમ્બરના રોજ ઓનલાઈન ક્રિસમસ ડે ઉજવાયો : ધોરણ ૧ અને ૨ના વિદ્યાર્થીઓએ ક્રિસમસ ટ્રી, સાન્તાક્લોઝ, ધોરણ ૩ અને ૪ના વિદ્યાર્થીઓએ સ્નૉમૅન અને ધોરણ ૫ અને ૬ ના વિદ્યાર્થીઓએ ક્રિસમસ સુશોભન કર્યું હતું અને ધોરણ ૭ અને ૮ના વિદ્યાર્થીઓએ વન્ડરલૅન્ડ બનાવ્યું હતું. તા. ૧૧ જાન્યુઆરીના રોજ ધોરણ ૧થી ૪ના વિદ્યાર્થીઓ માટે પતંગ બનાવવાની, ધોરણ ૫ના વિદ્યાર્થીઓએ ઊનમાંથી, ધોરણ ૬ના વિદ્યાર્થીઓએ મોજાંમાંથી, ધોરણ ૭ના વિદ્યાર્થીઓએ સ્વેટરમાંથી અને ધોરણ ૮ના વિદ્યાર્થીઓએ ઊન, મોજાં અને સ્વેટરમાંથી વિવિધ વસ્તુઓ બનાવી. તા. ૨૫ જાન્યુઆરીના રોજ Eco School Waste Management Program અંતર્ગત વિદ્યાર્થીઓએ પોતાના ઘરમાં રહેલી વેસ્ટ વસ્તુઓમાંથી ઉપયોગમાં આવે તેવી સરસ વસ્તુઓ બનાવી અને તા. ૧ ફેબ્રુઆરીના રોજ બધાં જ ધોરણોના વિદ્યાર્થીઓએ રોડ સલામતી વિશે સૂત્રો, ચિત્રો અને પોસ્ટર બનાવ્યાં હતાં.

ઝ શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળામાં શિક્ષકોના માર્ગદર્શન હેઠળ ઓનલાઈન વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું, જેમ કે છાપકામની પ્રવૃત્તિ - અંતર્ગત પાંદડાં, હાથનાં પંજાં, ભીંડા અને સિક્કાની છાપ પાડવાની, વેશભૂષા સ્પર્ધા અને ક્રાફ્ટવર્કની પ્રવૃત્તિનું. તા. ૧૯ જાન્યુઆરીના રોજ પતંગ બનાવવાની, તોરણ બનાવવાની અને ફ્લેશકાર્ડ બનાવવાની પ્રવૃત્તિ યોજવામાં આવી હતી.

ઝશ્રી જે. બી. પ્રાથમિક શાળામાં શિક્ષકોના માર્ગદર્શન હેઠળ વિવિધ પ્રવૃત્તિઓનું ઓનલાઈન આયોજન કરવામાં આવ્યું, જેમાં તા. ૧૮/૧૨/૨૦૨૦ના રોજ ધોરણ-૧ અને ૨ના વિદ્યાર્થીઓ માટે દીવાસળીમાંથી વિવિધ વસ્તુઓ બનાવવી, તા. ૨૧ ડિસેમ્બરના રોજ અનાજ-કઠોળમાંથી રાષ્ટ્રધ્વજ બનાવવા અંતર્ગત બધા જ વર્ગોના વિદ્યાર્થીઓએ અલગ-અલગ અનાજ અને કઠોળમાંથી રાષ્ટ્રધ્વજ બનાવ્યા, તા. ૨૮ ડિસેમ્બરના રોજ ધોરણ ૩થી ૫ના વિદ્યાર્થીઓ માટે વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુઓ બનાવવાની પ્રવૃત્તિ અંતર્ગત ફૂલદાની, પેનસ્ટૅન્ડ, કી હૉલ્ડર, સુશોભનની વસ્તુઓ વગેરેનું સર્જન કરવું, તા. ૧ જાન્યુઆરીના રોજ બધાં જ ધોરણોના વિદ્યાર્થીઓ માટે શરીરની સ્વચ્છતા અને યોગ, પ્રાણાયામના મહત્ત્વ અંગે, તા. ૮ જાન્યુઆરીના રોજ ઓનલાઈન પતંગ બનાવવાની, તથા તા. ૨૯ જાન્યુઆરીના રોજ ધોરણ ૩ અને ૮ના વિદ્યાર્થીઓ માટે પાંદડાંમાંથી વિવિધ આકારો બનાવવાની તથા તા. ૪ ફેબ્રુઆરીના રોજ ધો.૩-૮ના વિદ્યાર્થીઓ માટે પાંદડાંઓનાં તોરણ બનાવવાની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઝ શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાઇમરી સ્કૂલ, ગાંધીનગરમાં શિક્ષકોના માર્ગદર્શન હેઠળ વિવિધ પ્રવૃત્તિઓનું ઓનલાઈન આયોજન ડિસેમ્બર, જાન્યુઆરી અને ફેબ્રુઆરી માસ દરમિયાન કરવામાં આવ્યું હતું, જેમાં ધોરણ -૬ માટે પરિમિતિ અને ક્ષેત્રફળના ચાર્ટ બનાવવા, તથા નકશાનું આયોજન, ધોરણ ૧, ૩ માટે સલાડ ડેકોરેશન, ધોરણ-૫ માટે સિલાઈ વગર માસ્ક બનાવવા, દોરાની ખાલી રીલમાંથી ફોટો ફ્રેમ બનાવવી, ધોરણ - ૨ અને ૪ માટે કોઈન બૉક્સ બનાવવા, ધોરણ-૬ અને ૮ માટે પતંગ બનાવવા, ધોરણ-૭ માટે વિદ્યુત પરિપથનું મૉડલ તેમજ ચાર્ટસ બનાવવા, તથા રોગપ્રતિકારક શક્તિ વધારવા ઉકાળો બનાવવો, ધોરણ-૪ માટે હેલ્પર્સ ચાર્ટસ - આપણા મદદગારો, અને બધા જ વર્ગો માટે નાતાલ દિન ઉજવણી, ધોરણ - ૩ માટે પૂંઠાંમાંથી ઘર બનાવવું, ધોરણ - ૪ માટે ઓજારોનો ચાર્ટ બનાવવો, ધોરણ - ૭ માટે યોગ અને આસનોની પ્રવૃત્તિ અને જળ જાગૃતિ, ધોરણ-૪ માટે વિવિધ વસ્તુઓમાંથી ઘર બનાવવું વગેરેનો સમાવેશ થાય છે. ખાસ ધ્યાનપાત્ર એ છે આ બધી પ્રવૃત્તિઓના ફોટાઓ પણ વિદ્યાર્થિનીઓએ શાળામાં મોકલી આપ્યા હતા.


સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું દ્વિમાસિક વૃત્તપત્ર

**વર્ષ : ૧૧, અંક : ૧, જાન્યુઆરી-ફેબ્રુઆરી, ૨૦૨૧, સળંગ અંક : ૬૧**

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

પ્રકાશક : **કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૦૭૯-૨૩૨૪ ૪૬૯૦**

ટાઈપસેટિંગ અને મુદ્રક : **શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬ ૪૨૭૯**




**સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગરમાં મંડળના સદ્‌ગત ચેરમેન માણેકલાલ એમ. પટેલસાહેબની સ્મૃતિમાં તેમની ૯૨મી જન્મજયંતી પ્રસંગે તા. ૧ ફેબ્રુઆરી, ૨૦૨૧ ના રોજ કડી અને ગાંધીનગરનાં પરિસરોમાં આયોજિત રક્તદાન શિબિરોનાં વિવિધ દ્રશ્યો.**











**Sarva Vishwavidyalaya Vṛtta : Bimonthly News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar**
**Year 11, Issue No. 1 January-February 2021**
**Editor : Manibhai Prajapati**
**Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,**
**L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016**
**Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6**




સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગરના સદ્ગત ચેરમેન માણેકલાલ એમ. પટેલસાહેબની સ્મૃતિમાં તેમની ૯૨મી જન્મજયંતી પ્રસંગે તા. ૧ ફેબ્રુઆરી, ૨૦૨૧ ના રોજ કડી કેમ્પસમાં આયોજિત રકતદાન શિબિરનું ઉદ્ઘાટન મંડળના મંત્રીશ્રી ડૉ. મણિભાઈ પટેલ, ચેરમેન શ્રી વલ્લભભાઈ એમ. પટેલ, શ્રી જગદીશભાઈ પટેલ, ડૉ. રજનીભાઈ પટેલ વગેરે કરી રહ્યા છે તે પ્રસંગની તસવીર.

